ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૧ |
| પાઉન્ડ | ૧૧૧.૬૬ |
| યુરો | ૯૨.૯૮ |
| સઉદી રિયાલ | ૨૨.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૭,૮૩૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૯,૯૯૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૬૪ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# ગેરકાયદે ડિમોલિશન પરનો મનાઈ હુકમ લંબાવતી સુપ્રીમ



**'માત્ર કોઈ વ્યક્તિ આરોપી અથવા દોષિત છે, તો તેની મિલકત તોડી પાડવાનું એ કારણ બની ન શકે'**

## જસ્ટિસ ગવઈએ કહ્યું કે, અનધિકૃત બાંધકામ માટે એક જ કાયદો હોવો જોઈએ, કોઈ ચોક્કસ ધર્મ માટે અલગ કાયદો હોઈ ન શકે : અમારા આદેશો બધા માટે છે, જાહેર માર્ગ પર, સરકારી જમીનો અને વન વિસ્તારની જમીનો પર કોઈ પણ ગેરકાયદે બાંધકામોનો અદાલત બચાવ નહીં કરે : સુપ્રીમે ઠરાવ્યું કે, કોઈ પણ જાહેર સ્થળો પર દબાણ કરનારાને અમારા આદેશથી મદદ ન મળી જાય તેની અમે કાળજી લઈશું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સુપ્રીમ કોર્ટે મંગળવારે 'બુલડોઝર જસ્ટિસ' પરના તેના વલણને પુનરાવર્તિત કર્યું અને કહ્યું કે માત્ર આરોપો અથવા ઘોર અપરાધ માટે દોષિત હોય તો પણ તે આરોપીની મિલકતને તોડી પાડવાનું કારણ બની શકે નહીં. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, અમે એ સ્પષ્ટ કરી રહ્યા છીએ કે માત્ર એ કારણ કે કોઈ વ્યક્તિ આરોપી અથવા દોષિત છે, તે તેના મકાન તોડી પાડવાનું કારણ બની શકે નહીં. જસ્ટિસ બી આર ગવઈ અને કે વી વિશ્વનાથનની ખંડપીઠે અવલોકન કર્યું કે કોઈ ચોક્કસ ધર્મ માટે અલગ કાયદો હોઈ શકે નહીં, જાહેર રસ્તાઓ, સરકારી જમીનો અથવા જંગલો પરના કોઈપણ અનધિકૃત બાંધકામોને સુરક્ષા આપી શકાય નહીં. અમારો આ આદેશ કોઈપણ જાહેર સ્થળો પર અતિક્રમણ કરનારાઓને મદદ ન કરશે નહીં. અદાલતે કહ્યું કે આ માર્ગદર્શિકા સમગ્ર દેશમાં અને તમામ સમુદાયોને લાગુ પડશે. અમે બિનસાંપ્રદાયિક દેશ છીએ અને કોર્ટ દ્વારા ઘડવામાં આવેલ કોઈપણ માર્ગદર્શિકા તમામ સમુદાયોને લાગુ પડશે. આ સુનાવણી દરમિયાન, યુપી, એમપી, રાજસ્થાન તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે કોઈપણ ગુનામાં સંડોવણી અથવા ફોજદારી કેસમાં દોષિત ઠરાવવું એ ડિમોલિશન હાથ ધરવાનું કારણ હોઈ શકે નહીં. સોલિસિટર જનરલે જણાવ્યું હતું કે સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવેલા મોટા ભાગના ડિમોલિશન સાચા છે અને માત્ર ૨ ટકા જ ડિમોલિશન જસ્ટિસ હોઈ શકે છે. મહેતાએ સર્વોચ્ચ અદાલતને વધુમાં જણાવ્યું હતું કે ડિમોલિશન ડ્રાઈવ પહેલાં નોટિસ આપવી જોઈએ અને દસ દિવસનો સમય આપવો જોઈએ અને જ્યારે નોટિસ આપી શકાતી નથી ત્યારે જ જગ્યા પર નોટિસ પેસ્ટ કરવી જોઈએ. અગાઉ, સર્વોચ્ચ અદાલતે તમામ રાજ્ય સરકારો અને તેમના સત્તાવાળાઓને કોર્ટની મંજૂરી લીધા વિના ૧ ઑક્ટોબર સુધી કોઈ પણ ડિમોલિશન ન કરવા નિર્દેશ આપીને 'બુલડોઝર જસ્ટિસ' પર બ્રેક લગાવી હતી. રાજસ્થાન અને મધ્યપ્રદેશના બે મકાન માલિકોએ તેમના ઘરો તોડી પાડવા માટે તેમના સંબંધિત રાજ્યો સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો અને તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી. રાજસ્થાનના કેસમાં, ભાડૂઆતના પુત્ર દ્વારા કરવામાં આવેલા કથિત ગુનાને કારણે તેનું મકાન તોડી પાડવામાં આવ્યું હતું, જ્યારે મધ્યપ્રદેશમાં, સંયુક્ત પરિવારના પૈતૃક મકાનને તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આજે કહ્યું છે કે જો ડિમોલિશન ગેરકાયદેસર હોવાનું જણાય તો મિલકતનું પુનર્ગઠન કરવું પડશે. કોર્ટે એ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે જાહેર સલામતી એ સર્વોપરી છે અને કોઈપણ ધાર્મિક માળખું જે રસ્તા, જળાશયો અથવા રેલ્વે ટ્રેક પર અતિક્રમણ કરે છે તેને તોડવું આવશ્યક છે. મંદિર હોય કે દરગાહ, જાહેર સલામતી સર્વોપરી છે. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે તેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કોર્ટની અવમાનના સમાન હશે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ મામલે ત્રણ રાજ્યો - ઉત્તર પ્રદેશ, ગુજરાત અને મધ્ય પ્રદેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે સ્પષ્ટતા કરી કે ફોજદારી કેસમાં આરોપી હોવું અને બળાત્કાર અથવા આતંકવાદ જેવા ગંભીર ગુનાઓના આરોપી માટે પણ બુલડોઝરની કાર્યવાહીને યોગ્ય ઠેરવતું નથી. સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે મહેતાને પ્રશ્ન કર્યો હતો કે શું ફોજદારી કેસમાં આરોપી હોવાને કારણે બુલડોઝરની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે, તો સોલિસિટર જનરલે કહ્યું કે, બળાત્કાર અથવા આતંકવાદ જેવા જઘન્ય અપરાધો માટે પણ બિલકુલ નહીં. અગાઉ ૧૭ સપ્ટેમ્બરના રોજ, સર્વોચ્ચ અદાલતની બેન્ચે કહ્યું હતું કે તેની પરવાનગી વિના ૧ ઓક્ટોબર સુધી ગુનાના આરોપીઓ સહિતની મિલકતોને તોડી પાડવામાં આવશે નહીં. ત્યારે સર્વોચ્ચ અદાલતે એ પણ કહ્યું હતું કે આ આદેશ જાહેર રસ્તાઓ, ફૂટપાથ, રેલવે લાઇન અથવા અન્ય જાહેર જગ્યાઓ પરના અતિક્રમણને લાગુ પડતો નથી. સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે અને બુલડોઝરની કાર્યવાહી અને અતિક્રમણ વિરોધી અભિયાનો માટેના નિર્દેશો તમામ નાગરિકો માટે રહેશે. સર્વોચ્ચ અદાલતે આજે જણાવ્યું હતું કે જાહેર સલામતી એ સર્વોપરી છે અને રસ્તા, જળાશયો અથવા રેલના પાટા પર અતિક્રમણ કરતું કોઈપણ ધાર્મિક માળખું તોડી પાડવું જોઈએ.

બેન્ચે કહ્યું કે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પંચાયતો માટે અલગ-અલગ કાયદા છે. એક ઓનલાઈન પોર્ટલ પણ હોવું જોઈએ જેથી લોકો માહિતગાર થાય, એકવાર તમે તેને ડિજિટાઈઝ કરો તો તે રેકોર્ડ રહે છે. સોલિસિટર જનરલે કહ્યું કે તેઓ ચિંતિત છે કે કોર્ટ કેટલાક દાખલાઓના આધારે નિર્દેશો જારી કરી રહી છે જેમાં આરોપ છે કે એક સમુદાયને નિશાન બનાવવામાં આવી રહ્યો છે. જસ્ટિસ ગવઈએ કહ્યું કે, અનધિકૃત બાંધકામ માટે એક જ કાયદો હોવો જોઈએ, તે ધર્મ કે આસ્થા કે માન્યતાઓ પર આધારિત નથી. અમે એક બિનસાંપ્રદાયિક દેશ છીએ અને અમારા આદેશો બધા માટે હશે, ભલે તે ગમે તે ધર્મ અથવા સમુદાય હોય. અલબત્ત, અમે અતિક્રમણ માટે કહ્યું છે... જો તે જાહેર માર્ગ, ફૂટપાથ, વોટર બોડી અથવા રેલ્વે લાઈન વિસ્તાર પર હોય, તો જાહેર સલામતી સર્વોપરી છે, જો રસ્તાની વચ્ચે કોઈ ધાર્મિક માળખું હોય, તે ગુરૂદ્વારા હોય કે દરગાહ હોય કે મંદિર, તે લોકોને અવરોધવું જોઈએ નહીં. વરિષ્ઠ એડવોકેટ વૃંદા ગ્રોવર યુએન રેપોર્ટર માટે હાજર રહ્યા અને આવાસની ઉપલબ્ધતા પર દલીલો કરી હતી. સોલિસિટર જનરલે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું કે, હું જાણું છું કે તેઓ કોના માટે આવ્યા છે, અમે આ મુદ્દાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવા માંગતા નથી. અમારી બંધારણીય અદાલતો શક્તિશાળી છે. સિનિયર એડવોકેટ સી.યુ. સિંઘે, જણાવ્યું હતું કે તેમનો એકમાત્ર મુદ્દો એ છે કે બુલડોઝરની કાર્યવાહીનો ઉપયોગ ગુના સામે લડવાના પગલા તરીકે થવો જોઈએ નહીં. શ્રી મહેતાએ જણાવ્યું હતું કે લઘુમતીઓ સામે બુલડોઝરની કાર્યવાહી વધુ નથી તો ખંડપીઠે જવાબ આપ્યો, તે કેટલાક અથવા બે વ્યક્તિઓ નથી, આ આંકડો ૪.૪૫ લાખ છે. કોર્ટે કહ્યું કે તે સ્પષ્ટ કરશે કે ગુનામાં આરોપી હોવું એ મિલકતને તોડી પાડવાનો આધાર ન હોઈ શકે અને તે માત્ર નાગરિક નિયમોના ઉલ્લંઘનના કિસ્સામાં જ થઈ શકે છે. કોર્ટે તેની પરવાનગી વિના કરવામાં આવતા ડિમોલિશન પર વચગાળાનો આદેશનો સમય વધાર્યો છે.

CELEBRATING EXCELLENCE 34 years GT

# ગોવિંદાને પોતાની રિવોલ્વરથી અકસ્માતે ગોળી લાગી જતાં મુંબઈ હોસ્પિટલમાં દાખલ



**ડાબા પગના હાડકામાંથી કાઢવામાં આવેલી 9 MMની બુલેટનો ફોટો જાહેર, ૪૮ કલાક તબીબી નિરીક્ષણ હેઠળ રખાશે**

## વહેલી સવારે અભિનેતાના જુહુ નિવાસ પર બની ઘટના, હોસ્પિટલમાં ઓપરેશન કરી તબીબોએ ગોળી કાઢી લીધી ૮-૧૦ ટાંકા આવ્યા, એક-બે દિવસમાં રજા અપાશે, પિતાને મળવા હોસ્પિટલ દોડી ગઈ દીકરી ટીના આહુજા

(એજન્સી) મુંબઈ, તા.૧

એક સમયના લોકપ્રિય અને શાનદાર અભિનેતા તથા શિવસેનાના નેતા ગોવિંદાને મંગળવારે વહેલી સવારે એમના નિવાસસ્થાને એમની રિવોલ્વરમાંથી અકસ્માતે અચાનક ગોળી છૂટી જતાં પગમાં ઈજા થઈ હતી. આથી તાત્કાલિક તેમને તેમની દીકરી તેમના ઘરની નજીક આવેલી જ હોસ્પિટલ લઈ ગઈ હતી અને જ્યાં તબીબ હોય શસ્ત્રક્રિયા કરીને પગમાંથી બુલેટ બહાર કાઢી લીધી હતી, તેમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના બનતા જ બોલીવૂડમાં અને રાજકીય વર્તુળોમાં ચિંતાનું મોજું પ્રસરી વળ્યું હતું અને સવારથી કલાકારો અને રાજકીય નેતાઓ હોસ્પિટલ દોડી ગયા હતા અને ગોવિંદાની તબિયત વિશે જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કલાકારની અને એમના પક્ષના નેતાની તબિયત વિશે જાણકારી મેળવી હતી અને તેઓ જલ્દી સાજા થઈ જાય એવી શુભેચ્છા પાઠવી હતી. જાણવા મળવા મુજબ ગોવિંદાના જુહુમાં આવેલા તેમના નિવાસસ્થાને વહેલી સવારે ૪:૪૫ વાગ્યે આ ઘટના બની હતી. તેઓ કોલકાતા જવા માટે એરપોર્ટ પહોંચવા ઘરેથી નીકળી રહ્યા હતા ત્યારે તેમની લાઈસન્સવાળી રિવોલ્વરમાંથી અચાનક મિસફાયર થયું હતું અને ગોળી છૂટી જતા એમના ડાબા પગના હાડકામાં ગોળી ઘૂસી ગઈ હતી. એમને તાત્કાલિક તેમના ઘર પાસે આવેલી ક્રિટીકેર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા ત્યાં તબીબોએ શસ્ત્રક્રિયા કરી હતી અને પગમાંથી ગોળી કાઢી લીધી હતી. હવે એમની તબિયત સ્થિત છે. હોસ્પિટલના વડા ડોક્ટર અગ્રવાલે જણાવ્યું હતું કે, ગોવિંદાને ગોળી વાગવાથી ખૂબ જ લોહી વહી ગયું હતું આથી તેઓ ખૂબ નબળાઈ અનુભવી રહ્યા છે પરંતુ અમે ગોળી કાઢી લીધી છે અને હાલ તેઓ એકદમ ભયમુક્ત છે પણ અમે તેમને ૪૮ કલાક સુધી આઈસીયુમાં રાખીશું. એ પછી તબિયતની ચકાસણી કરીને અમે રજા આપવાનો નિર્ણય લઈશું. હાલ તેમની તબિયત સારી છે. ગોવિંદાના પગમાંથી જે ગોળી કાઢવામાં આવી હતી તેની તસવીર પણ તબીબોએ પોસ્ટ કરી હતી. હોસ્પિટલમાંથી ગોવિંદાએ ખાસ સંદેશો આપ્યો હતો. એક ઓડિયો મેસેજમાં ગોવિંદાએ જણાવ્યું હતું કે, મારા માતા-પિતાના આશીર્વાદ અને આપ સૌના આશીર્વાદની મદદથી મારા પગમાંથી ગોળી કાઢી લેવામાં આવી છે. હું તમામ તબીબો અને ખાસ કરીને ડોક્ટર અગ્રવાલજીનો આભાર માનું છું. મારા માટે પ્રાર્થના કરવા બદલ હું સહુનો આભાર વ્યક્ત કરૂં છું.

૬૦ વર્ષના અભિનેતા અને શિવસેનાના નેતાના મેનેજરે જણાવ્યું હતું કે, ગોવિંદાજી વહેલી સવારે ૦૬:૦૦ વાગ્યાની ફ્લાઈટ પકડવા માટે ઘરેથી નીકળવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે અચાનક એમની રિવોલ્વરમાંથી ગોળી છૂટી ગઈ હતી અને એમના પગમાં વાગી હતી પણ તેમની તબિયત સારી છે અને કશું ગંભીર નથી. ઘટના વખતે તેમના પત્ની સુનિતા આહુજા ઘરે નહોતા અને કોલકાતા હતા તેઓ આજે સવારે તાબડતોબ વિમાન માર્ગે મુંબઈ આવી પહોંચ્યા હતા અને હોસ્પિટલ દોડી ગયા હતા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પણ ગોવિંદા સાથે વાતચીત કરી હતી અને એમની તબિયત અંગે ઊંડી ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, હું મારી સરકાર અને મહારાષ્ટ્રની જનતા તરફથી તેઓ જલ્દી સાજા થઈ જાય અને હેમખેમ પાછા આવે એવી શુભેચ્છા આપું છું અને પ્રાર્થના કરૂં છું. મેં એમને ફોન પર કહ્યું છે કે, સરકાર જરૂરી તમામ સહાય અને મદદ પૂરી પાડશે. ગોવિંદાજી અને એમના પરિવાર માટે અમારી સદ્ભાવના છે અને અમારી પ્રાર્થના છે.

# દિલ્હી પોલીસે લદ્દાખના આબોહવા કાર્યકર્તા સોનમ વાંગચુકની અટકાયત કરી : વિપક્ષી નેતાઓએ સરકારની ટીકા કરી

(એજન્સી) તા.૧

લદ્દાખના આબોહવા કાર્યકર્તા સોનમ વાંગચુક અને અન્ય ઘણા લોકોને દિલ્હી સરહદે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. તેઓ લદ્દાખ માટે છઠ્ઠી સૂચિનો દરજ્જો માંગવા માટે રાજધાની તરફ કૂચ કરી રહ્યા હતા, તેઓએ પોલીસ સ્ટેશનો પર અનિશ્ચિત ઉપવાસ શરૂ કર્યા છે. 'દિલ્હી ચલો પદયાત્રા' તરીકે ઓળખાતી આ કૂચ ૧ સપ્ટેમ્બરના રોજ લેહથી શરૂ થઈ હતી, જેની આગેવાની વાંગચુકની આગેવાની હેઠળ અને લેહ એપેક્સ બોડી (LAB) અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (KDA) દ્વારા સમર્થિત હતી.

આ જૂથો રાજ્યનો દરજ્જો, બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ રક્ષણ, જાહેર સેવા આયોગ અને લેહ અને કારગીલ માટે અલગ લોકસભા બેઠકો માટે દબાણ કરી રહ્યા છે. પરંતુ વાંગચુકનો કાફલો ૩૦ સપ્ટેમ્બરે રાજધાની નજીક પહોંચ્યો, ત્યાં તેમને દિલ્હી પોલીસે અટકાવ્યા અને અટકાયતમાં લીધા છે અને વિરોધ પક્ષના નેતાઓએ તેને 'અલોકતાંત્રિક' પગલું ગણાવ્યું છે.

અટકાયતમાં લેવાના થોડા સમય પહેલા વાંગચુકે ઈન્સ્ટાગ્રામ પર દિલ્હી બોર્ડરથી વિઝ્યુઅલ શેર કર્યા હતા, જ્યાં પોલીસે તેમની બસો રોકી હતી. વાંગચુકે કહ્યું કે, અમે દિલ્હી નજીક આવી રહ્યા છીએ, ત્યારે એવું લાગે છે કે, અમને એસ્કોર્ટ કરવામાં આવી રહ્યા નથી પણ અમને અટકાયતમાં લેવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થાની ચિંતાઓને ટાંકીને દિલ્હી પોલીસે ૩૦ સપ્ટેમ્બરના રોજ મધ્ય દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પાંચ કે તેથી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મૂક્યો હતો. પોલીસ કમિશનર સંજય અરોરાના આદેશમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ (અગાઉની કલમ ૧૪૪) લાગુ કરવામાં આવી હતી, જેમાં છ દિવસ સુધી વિરોધ પ્રદર્શન પર પ્રતિબંધ સામેલ છે.



**રાહુલ ગાંધી, મનિષ સિસોદિયા, મલ્લિકાર્જુન ખડગે અને કે.સી. વેણુગોપાલે વાંગચુકની અટકાયત માટે મોદી સરકારની ટીકા કરી હતી**

વિપક્ષી નેતાઓએ મોદી સરકારની આ પગલાં માટે ટીકા કરી હતી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વાંગચુક અને લદ્દાખી વિરોધીઓની અટકાયતને 'અસ્વીકાર્ય' ગણાવી હતી. X પરની એક પોસ્ટમાં ગાંધીએ લખ્યું કે, સોનમ વાંગચુકજી અને સેંકડો લદ્દાખીઓ શાંતિપૂર્ણ રીતે પર્યાવરણીય અને બંધારણીય અધિકારો માટે કૂચ કરી રહ્યા છે તેમની અટકાયત અસ્વીકાર્ય છે. તેમણે એવો પણ સવાલ કર્યો હતો કે, દિલ્હી બોર્ડર પર વૃદ્ધ નાગરિકોને કેમ અટકાયતમાં રાખવામાં આવી રહ્યા છે. મોદીજી ખેડૂતોની જેમ આ 'ચક્રવ્યુહ' તૂટી જશે અને તમારો ઘમંડ પણ તૂટી જશે. તમારે લદ્દાખનો અવાજ સાંભળવો પડશે.

AAP નેતા મનિષ સિસોદિયાએ દિલ્હીમાં ભાજપની પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે, મને સમજાતું નથી કે, અમિત શાહ, મોદી અને ભાજપ શું કરી રહ્યા છે. દિલ્હીમાં ભાજપે ગુંડાઓને સંપૂર્ણ રક્ષણ પૂરૂં પાડ્યું છે જ્યારે દેશને પ્રેમ કરતા સોનમ વાંગચુક જેવા લોકો સાથે આતંકવાદીઓની જેમ વર્તે છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મોદી સરકાર પર ઘમંડ અને અલોકતાંત્રિક વર્તનનો આરોપ લગાવ્યો. ખડગેએ જણાવ્યું હતું કે, સત્તામાં રહેલ મોદી સરકારના ઘમંડે લદ્દાખથી શાંતિપૂર્ણ રીતે દિલ્હી તરફ કૂચ કરી રહેલા નાગરિકોના જૂથની અટકાયત કરી છે. તેમણે લદ્દાખમાં વાંગચુકની માગણીઓ માટેના જાહેર સમર્થન તરફ પણ ધ્યાન દોર્યું હતું.

કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે ગાંધી જયંતીની પૂર્વ સંધ્યાએ આ કાર્યક્રમને ગાંધીના આદર્શો સાથે જોડ્યો હતો અને કહ્યું કે, ગાંધી જયંતીના એક દિવસ પહેલા ભારત સરકાર ફરી એકવાર તેમના આદર્શોની હત્યા કરી રહી છે. સોનમ વાંગચુકજીની ધરપકડ દર્શાવે છે કે, સરકાર તેમના અધિકારો માટે બોલનાર કોઈપણથી ડરે છે. તેમણે ભાજપ પર લદ્દાખને શાંત કરવાનો અને પ્રદેશને કોર્પોરેટને સોંપવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો અને ચેતવણી આપી કે આવા 'કાયરતાના નાના કૃત્યો' ગાંધીવાદી મિશન પરના લોકોને રોકી શકશે નહીં.

# મલપ્પુરમના એરપોર્ટમાંથી સોનાની દાણચોરી કરવામાં આવે છે એવી કેરળના મુખ્યમંત્રીની ટિપ્પણી સંઘ પરિવારને ખુશ કરવા માટે છે : કોંગ્રેસ

(એજન્સી) તા.૧

વિપક્ષ કોંગ્રેસે મલપ્પુરમ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરી અંગેના તેમના તાજેતરના નિવેદનો પર કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન સામે તેના હુમલાને વધુ તીવ્ર બનાવ્યો અને આરોપ લગાવ્યો કે તેમની ટિપ્પણી નવી દિલ્હીમાં સંઘ પરિવારના નેતાઓને ખુશ કરવા માટે છે. ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીએ જાણવા માંગ્યું કે કઈ માહિતીના આધારે મુખ્યમંત્રીએ આવો ઘટસ્ફોટ કર્યો છે. તેણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, જો સોનાની દાણચોરી દ્વારા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓ માટે નાણાં મળ્યા હોય તો રાજ્ય સરકાર અને પોલીસે આરોપીઓ સામે શું પગલાં લીધાં છે તે જણાવવાની મુખ્યમંત્રીની ફરજ છે. વિપક્ષના નેતા વી.ડી. સતીસને, સીએમ વિજયન પર આકરા પ્રહારો કર્યા, આરોપ લગાવ્યો કે નવી દિલ્હીમાં એક રાષ્ટ્રીય મીડિયા આઉટલેટમાં તેમના નિવેદનો વિધાનસભા અને અન્યત્ર કરવામાં આવેલા તેમના અગાઉના દાવાઓનો વિરોધાભાસ કરે છે. તેમણે કહ્યું કે, "મુખ્યમંત્રીની ટિપ્પણી કે સોનાની દાણચોરી દ્વારા મલપ્પુરમ પહોંચેલા નાણાંનો ઉપયોગ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે થાય છે તે નવી દિલ્હીમાં સંઘ પરિવારના નેતાઓને ખુશ કરવા માટે છે,". સતીસને કહ્યું, જો સીએમના નિવેદનો સાચા હોવાનું કહેવાય છે, તો તે એક ગંભીર મુદ્દો છે, અને પૂછ્યું કે સરકારે અત્યાર સુધી આ કેમ છુપાવ્યું ? વિપક્ષી નેતાએ વધુ આરોપ લગાવ્યો કે વિપક્ષે સંઘ પરિવાર સાથે CM અને CPI(M)ના "અપવિત્ર સંબંધો"ને ઉજાગર કર્યા પછી CMનો ખુલાસો આવ્યો. તેથી, વિજયનના નિવેદનને આ અંગેની તેમની શરમને ઢાંકવાના પ્રયાસ તરીકે જ જોઈ શકાય છે. સતીસને જણાવ્યું હતું કે, જો ઘટસ્ફોટ સાચો હતો, તો તે સીએમની આગેવાની હેઠળના ગૃહ વિભાગની નિષ્ફળતા સ્વીકારવા સમાન છે. એલઓપીની ટિપ્પણી વિજયનના એક અંગ્રેજી દૈનિક સાથેના તાજેતરના ઈન્ટરવ્યુ પછી આવી હતી જેમાં તેમણે કહ્યું હતું કે મલપ્પુરમ જિલ્લાના કારીપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરી અને હવાલા વ્યવહારોમાંથી નાણાંનો ઉપયોગ "રાજ્ય વિરોધી" અને "રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ" માટે કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ અને તેના સાથી, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML) એ વિજયન પર તેમની ટિપ્પણી પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે મલપ્પુરમના લોકોને નીલામ્બુરના ધારાસભ્ય પી.વી. અનવર સાથે તેમના સ્કોર્સ સેટ કરવા માટે લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે. નિલામ્બુર મતવિસ્તાર મલપ્પુરમ જિલ્લામાં છે. અનવર, જેમને અગાઉ ડાબેરી ગઠબંધન દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, તે છેલ્લા કેટલાક અઠવાડિયાથી સત્તાધારી સીપીઆઈ(એમ) અને વિજયન સાથે વિવિધ મુદ્દાઓ પર લડી રહ્યો છે, જેના કારણે સામ્યવાદી પક્ષે તેની સાથેના સંબંધો તોડી નાખ્યા છે.



# લેબેનોન વિસ્ફોટ : ભારત સરકારના નવા CCTV નિયમો પછી ચીનની કેટલીક કંપનીઓ પર 'પ્રતિબંધ' આવી શકે છે

(એજન્સી) તા.૧

લેબેનોનમાં તાજેતરના પેજર વિસ્ફોટોને પગલે ભારત સરકાર દેશમાં ચાઈનીઝ નિર્મિત સર્વેલન્સ સાધનોના ઉપયોગને પ્રતિબંધિત કરવા માટે તૈયારી કરી રહી છે. આ બાબતથી પરિચિત સ્ત્રોતોએ ધ ઈકોનોમિક ટાઈમ્સ (ET)ને જણાવ્યું કે, સરકાર સર્વેલન્સ માર્કેટમાં સ્થાનિક વિક્રેતાઓની તરફેણ કરતી માર્ગદર્શિકાના અમલીકરણ પર ધ્યાન આપશે. પેજર વિસ્ફોટો પછી સરકાર ચોક્કસ ઘટકો અથવા સપ્લાય ચેઈનના ભાગોના નિર્ણાયક સોર્સિંગ પર નજર રાખશે, સર્વિલન્સ કેમેરા અંગેની સરકારની નીતિ ૮ ઓક્ટોબરથી અમલમાં આવે તેવી શક્યતા છે, જે અસરકારક રીતે ચાઈનીઝ કંપનીઓને બજારમાંથી દૂર કરશે, જેનાથી ભારતીય કંપનીઓને ફાયદો થશે.

આ વર્ષના માર્ચ અને એપ્રિલમાં ગેઝેટ નોટિફિકેશન જારી કરવામાં આવ્યા હતા, ત્યારે સૂત્રોએ જણાવ્યું હતું કે, લેબેનોન વિસ્ફોટોના પગલે સરકારે તેના અમલીકરણને ઝડપી બનાવ્યું છે અને સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સરકાર CCTV કેમેરા પર માર્ગદર્શિકાના અમલીકરણને ઝડપી-ટ્રેક કરશે જે 'વિશ્વસનીય' કંપનીઓને ભારતમાં તેમના ઉત્પાદનો વેચવાની મંજૂરી આપશે.

**સરકારના નવા નિયમોની અસર ચીનની કંપનીઓ પર પડશે :**

કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના સંશોધન વિશ્લેષક વરૂણ ગુપ્તાના જણાવ્યા અનુસાર હાલમાં સી.પી.પ્લસ, હિકવિઝન અને દહુઆ ભારતમાં ૬૦% કરતા વધુ બજારને નિયંત્રિત કરે છે અને તેઓએ તેમના સર્વેલન્સ પોર્ટફોલિયોમાં સ્થાનિકીકરણ સામગ્રીને સુધારવા માટે તેમના પ્રયત્નો વધારવા પડશે. સી.પી. પ્લસ ભારતીય કંપની છે જ્યારે હિકવિઝન અને દહુઆ ચીની કંપની છે. નવેમ્બર ૨૦૨૨માં યુનાઈટેડ સ્ટેટ્સ સરકારે ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન (FCC) દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા માટે અસ્વીકાર્ય જોખમોને કારણે હિકવિઝન અને દહુઆના સાધનોના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. અમેરિકામાં ચીનની CCTV કંપનીઓ પર પ્રતિબંધ મૂકતા એફસીસીએ કંપનીઓને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો જાહેર કર્યો અને કહ્યું કે, તેમના ઉપકરણોનો ઉપયોગ ચીન દ્વારા યુએસની જાસૂસી કરવા માટે થઈ શકે છે. જાણકારોએ એમ પણ કહ્યું કે, તાજેતરમાં ભારત સરકાર ચીનના CCTV સાધનોના ટેન્ડરને નકારી રહી છે અને બોશ જેવી યુરોપિયન કંપનીઓને પસંદ કરી રહી છે. નોંધનીય રીતે બોશ તેના ચાઈનીઝ સમકક્ષો કરતાં લગભગ ૭-૧૦ ગણી વધુ મોંઘી છે.

અન્ય વ્યક્તિએ જણાવ્યું હતું કે, સુરક્ષા પ્રમાણપત્ર અંગેની માર્ગદર્શિકા માર્ચમાં જારી કરવામાં આવી હતી અને ઓક્ટોબરમાં અમલમાં આવશે. સીસીટીવી કેમેરામાંથી ડેટા લીક થવાની સંભાવના વધુ છે, જે સંવેદનશીલ સ્થળોએ સ્થાપિત છે અને તેનો ઉપયોગ લોકોની હિલચાલને ટ્રેક કરવા માટે થઈ શકે છે. સરકાર એ સુનિશ્ચિત કરવા માંગે છે કે, માત્ર વિશ્વસનીય કંપનીઓના કેમેરાનો ઉપયોગ કરવામાં આવે. 'વિશ્વસનીય સ્થાન' એ હશે જ્યાં ભારત સરકાર સમગ્ર ઉત્પાદન શૃંખલા પર વિઝિબિલિટી ધરાવે છે અને તેને ખાતરી છે કે, સાધનોમાં એવું નથી કે જે ડેટા લીક કરી શકે અથવા બહાર લઈ શકે. જ્યારે 'રિપ એન્ડ રિપ્લેસ' નીતિ હાલમાં અમલમાં નથી, તે ભવિષ્ય માટે શક્ય છે. માર્ચ અને એપ્રિલમાં બે અલગ-અલગ ગેઝેટ સૂચનાઓમાંથી, એક સર્વેલન્સ કેમેરા માટે 'મેક ઈન ઈન્ડિયા' માર્ગદર્શિકા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે અન્ય CCTV પ્રમાણપત્ર માટેના માપદંડોને સંબોધિત કરે છે. સરકારના આદેશોમાં ભારતમાં સર્વેલન્સ સિસ્ટમ્સમાં સર્વેલન્સ માર્કેટમાં સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# વી.ડી. સાવરકર વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ માનહાનિના કેસમાં રાહુલ ગાંધીને નાસિક કોર્ટનું સમન્સ

## ફરિયાદી જે એક NGOના ડાયરેક્ટર છે, તેણે દાવો કર્યો કે, તેણે હિંગોલીમાં ગાંધી દ્વારા સંબોધિત કરેલી પ્રેસ કોન્ફરન્સ અને નવેમ્બર ૨૦૨૨માં કોંગ્રેસના નેતા દ્વારા કરાયેલું ભાષણ પણ જોયું

(એજન્સી) મુંબઈ, તા.૧

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાની એક અદાલતે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને હિન્દુત્વના વિચારક વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધ તેમની કથિત વાંધાજનક ટિપ્પણી બદલ તેમની સામે દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં સમન્સ પાઠવ્યું છે. અતિરિક્ત મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ, નાસિક, દીપાલી પરિમલ કદુસ્કરે ૨૭ સપ્ટેમ્બરના રોજ ગાંધીને એક સમન્સ/નોટિસ જારી કરી હતી, જેમાં નોંધ્યું હતું કે, દેશભક્ત વ્યક્તિ સામે કરવામાં આવેલ નિવેદન પ્રથમ દૃષ્ટિએ બદનક્ષીભર્યું લાગે છે. ગાંધીએ કેસની આગામી તારીખે અંગત રીતે અથવા તેમના કાનૂની પ્રતિનિધિ મારફતે હાજર થવું પડશે, જેનો નિર્ણય લેવાનો બાકી છે. ફરિયાદી જે એક એનજીઓના ડિરેક્ટર છે, તેણે દાવો કર્યો કે, તેણે હિંગોલીમાં ગાંધી દ્વારા સંબોધિત એક પ્રેસ કોન્ફરન્સ અને નવેમ્બર ૨૦૨૨માં કોંગ્રેસના નેતા દ્વારા કરવામાં આવેલ ભાષણ પણ જોયું. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ગાંધીએ બે પ્રસંગોએ, તેમના શબ્દો અને દૃશ્ય રજૂઆતો દ્વારા જાણીજોઈને વીર સાવરકરની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હતું અને સમાજમાં સાવરકરની છબીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું, અખબારી નિવેદનો સાથેનું આરોપીનું ભાષણ ફરિયાદીના પ્રેરણામૂર્તિ સ્વાતંત્ર્ય વીર સાવરકરની પ્રતિષ્ઠા અને સ્વતંત્રતા પૂર્વેના તેમના ઉમદા કાર્યની સાથે સમાજમાં તેમના યોગદાનને બગાડવાનો પ્રયાસ કરે છે. ફરિયાદી અનુસાર ગાંધીએ કહ્યું હતું કે, સાવરકર બીજેપી અને આરએસએસ જિન છે જે અપમાનજનક હતું. ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગાંધીએ વધુમાં આક્ષેપો કર્યા હતા કે, સાવરકરે હાથ જોડીને મુક્તિ માટે પ્રાર્થના કરી હતી અને બાદમાં બ્રિટિશ સરકાર માટે કામ કરવાનું વચન આપ્યું હતું. અદાલતે તેની સમક્ષ કરાયેલી તમામ રજૂઆતોને ધ્યાનમાં લીધા બાદ કહ્યું હતું કે, રેકર્ડને ધ્યાનમાં લેતા એવું જણાય છે કે, આરોપી દ્વારા દેશભક્ત વ્યક્તિ સામે આપેલા નિવેદનો પ્રથમ દૃષ્ટિએ બદનક્ષીભર્યા લાગે છે. આ કેસમાં આગળ વધવા માટે પૂરતા આધારો છે, એમ મેજિસ્ટ્રેટે ઉમેર્યું હતું. ત્યારબાદ કોર્ટે ગાંધી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૯ (બદનક્ષી) અને ૫૦૪ (ઈરાદાપૂર્વક અપમાન) હેઠળના ગુના માટે પ્રક્રિયા જારી કરી હતી.

# 'સૌથી મોટી ખાનાખરાબી વિશ્વાસની થઈ છે' ચીન સાથે LAC ઘર્ષણ મુદ્દે આર્મી ચીફ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

આર્મી ચીફ ઉપેન્દ્ર દ્વિવેદીએ પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)ની સ્થિતિને સ્થિર પરંતુ સંવેદનશીલ ગણાવી હતી. ચાણક્ય ડિફેન્સ ડાયલોગના ઉદ્ઘાટન કાર્યક્રમને સંબોધતા જનરલ દ્વિવેદીએ બંને દેશો વચ્ચે રાજદ્વારી વાટાઘાટોમાંથી આવતા સકારાત્મક સંકેતોને સ્વીકાર્યા, જેનો હેતુ આ ક્ષેત્રમાં ચીન અને ભારત વચ્ચેના સૈન્ય અવરોધનું વહેલું નિરાકરણ શોધવાનું છે. જો કે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈપણ યોજનાનો અમલ જમીન પરના લશ્કરી કમાન્ડરો પર આધાર રાખે છે. તેમણે કહ્યું, સકારાત્મક સંકેત રાજદ્વારી બાજુથી આવી રહ્યા છે, પરંતુ આપણે એ સમજવાની જરૂર છે કે, રાજદ્વારી બાજુ વિકલ્પો અને શક્યતાઓ પ્રદાન કરે છે. આર્મી ચીફે એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, પરંતુ જ્યારે જમીન પર અમલની વાત આવે છે, ત્યારે નિર્ણયો લેવા માટે તે બંને બાજુના સૈન્ય કમાન્ડરો પર નિર્ભર છે. આર્મી ચીફે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યાં સુધી એપ્રિલ ૨૦૨૦ પહેલાની સ્થિતિમાં પુનઃ સ્થાપિત ન થાય ત્યાં સુધી પરિસ્થિતિ સંવેદનશીલ રહેશે અને ઉમેર્યું કે, ભારતીય સૈન્ય કોઈપણ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે કાર્યરત છે. તેમણે કહ્યું, સ્થિતિ સ્થિર છે, પરંતુ સામાન્ય નથી અને તે સંવેદનશીલ છે અને અમે ઈચ્છીએ છીએ કે, એપ્રિલ ૨૦૨૦ પહેલા જે પરિસ્થિતિ હતી તે પુનઃ સ્થાપિત થવી જોઈએ. તેમણે ઉમેર્યું, સંપૂર્ણ રીતે ટ્રસ્ટની સૌથી વધુ ખાનાખરાબી થઈ છે. ભારત અને ચીને જુલાઈ અને ઓગસ્ટમાં રાજદ્વારી વાટાઘાટોના બે રાઉન્ડ તેમજ કોર્પ્સ કમાન્ડર સ્તરની વાટાઘાટોના ૨૧ રાઉન્ડ યોજ્યા છે. મે ૨૦૨૦ની શરૂઆતમાં સૈન્ય અવરોધ શરૂ થયો હતો અને કેટલાક ઘર્ષણ બિંદુઓમાં સૈન્ય પરત ખેંચી લેવામાં આવ્યું છે પરંતુ સરહદ વિવાદનું સંપૂર્ણ નિરાકરણ હજી પ્રાપ્ત થયું નથી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ તાજેતરમાં રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં વાટાઘાટો કરી હતી, જ્યાં તેઓ પૂર્વી લદ્દાખમાં બાકી રહેલા ઘર્ષણ બિંદુઓમાંથી લશ્કર પરત ખેંચી લેવા માટે તાકીદ અને બમણા પ્રયાસો સાથે કામ કરવા સંમત થયા હતા. ભારત એવું જાળવતું રહ્યું છે કે, જ્યાં સુધી સરહદી વિસ્તારોમાં શાંતિ ન હોય ત્યાં સુધી ચીન સાથેના તેના સંબંધો સામાન્ય ન હોઈ શકે અને તે પીપલ્સ લિબરેશન આર્મી (PLA) પર ડેપસાંગ અને ડેમચોક વિસ્તારોમાંથી સૈન્ય પરત ખેંચી લેવા દબાણ કરી રહ્યું છે.

# મોંઘાદાટ ફોન માટે ચૂકવણી કરવા પૈસા ન હોવાથી લખનૌમાં બે ડિલિવરી બોયની હત્યા

(એજન્સી) લખનૌ, તા.૧

એક આઘાતજનક હત્યા કેસનો પર્દાફાશ કરીને લખનૌ પોલીસે દાવો કર્યો હતો કે, એક ઈ-કોમર્સ કંપનીના ડિલિવરી બોયની હત્યા કરવામાં આવી હતી અને તેના મૃતદેહને ચિનહાટ વિસ્તારમાં એક નહેરમાં ફેંકી દેવામાં આવ્યો હતો.



૨૪ સપ્ટેમ્બરના રોજ બે યુવકો દ્વારા આ ભયાનક અપરાધ કરવામાં આવ્યો હતો, જેમણે કેશ ઓન ડિલિવરી (COD) પદ્ધતિ દ્વારા આઈફોન સહિત બે મોંઘા મોબાઈલ ફોનનો ઓર્ડર આપ્યો હતો, પરંતુ ચૂકવવા માટે પૈસા નહોતા. તેના બદલે તેઓએ ડિલિવરી બોય ૩૦ વર્ષીય ભરતકુમારને તેમની કંપનીને જણાવવા કહ્યું કે, તે અસાઈનમેન્ટ ગુમાવી બેઠો છે અથવા તેને અકસ્માત થયો છે અને ચૂકવણીની ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા વિના તેમને ફોન સોંપી દો. જો કે, જ્યારે તેણે તેમના આદેશનું પાલન કરવાનો ઈન્કાર કર્યો, ત્યારે બંનેએ ફોન માટે ચૂકવણી કરવાનું ટાળવા માટે તેનું ગળું દબાવીને તેની હત્યા કરી. હત્યા કર્યા બાદ તેમની લાશને કારમાં લઈને ઈન્દિરા કેનાલમાં ફેંકી દીધી હતી. પીડિતની બાઈક અન્ય વિસ્તારમાં છોડી દીધી હતી અને તેની પાસેથી આશરે રૂા.૩૫,૦૦૦ લૂંટી લેવાયા હતા. પોલીસે એક આરોપી આકાશકુમારની અટકાયત કરી છે, જ્યારે અન્ય એક ગજાનંદની શોધ ચાલુ છે. પીડિત ભરત મૂળ અમેઠી જિલ્લાના જામો વિસ્તારના સાંભઈ ગામનો વતની છે. તે ચિન્હાટના સાટ્રિક રોડ પર ભાડાના મકાનમાં રહેતો હતો. તેના ભાઈ પ્રેમ દ્વારા ૨૫ સપ્ટેમ્બરે ચિનહાટ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તપાસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન પોલીસે સીસીટીવી ફૂટેજ અને સર્વેલન્સનો ઉપયોગ કર્યો અને આકાશ નામના શંકાસ્પદને શોધી કાઢ્યો. પૂછપરછ પર અન્ય શંકાસ્પદ, ગજાનંદની પણ ઓળખ થઈ. આકાશે ગુનો કબૂલી લીધો છે. ડીસીપી, પૂર્વ ઝોન, શશાંકસિંઘે જણાવ્યું હતું કે, ગજાનંદ અને અન્ય એક આરોપી જેનો આ ગુનામાં હાથ હોવાની શંકા છે તેવા હિમાંશુને શોધવાના પ્રયાસો ચાલુ છે. પોલીસ અને SDRFની ટીમો હાલમાં ભરતના મૃતદેહની શોધ કરી રહી છે.

# ગોવિંદાની દીકરી ટીના આહુજા હતપ્રભ, હોસ્પિટલની બહાર પત્રકારો ઘેરી વળ્યા

(એજન્સી) મુંબઈ, તા.૧

અભિનેતા ગોવિંદાને અકસ્માતે પોતાની જ રિવોલ્વરમાંથી પગમાં ગોળી લાગી જતા ક્રિટીકેર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે ત્યારે એમને હોસ્પિટલે લઈ ગયેલી એમની દીકરી ટીના આહુજા ઘટનાથી એકદમ દુઃખી અને હતપ્રભ થઈ ગયેલી દેખાતી હતી. હોસ્પિટલમાં અને બહાર ઢગલાબંધ પત્રકારો અને ટીવી ચેનલના પત્રકારો અને તસવીરકારો પહોંચી ગયા હતા અને બનાવની વિગતો જાણવા માટે અને સહાનુભૂતિ વ્યક્ત કરવા માટે ટીના આહુજાને ઘેરી વળ્યા હતા.

દેખીતી રીતે શોકમગ્ન લાગતી ટીના આહુજાએ જણાવ્યું હતું કે, હજુ ૨૪ કલાક મારા પિતાને આઈસીયુમાં રાખવામાં આવશે અને ૨૪ કલાક પછી તબીબો આઈસીયુમાં એમને રાખવા કે નહીં એ નિર્ણય લેશે. તબીબો સતત એમની તબિયત પર નજર રાખી રહ્યા છે અને અત્યારે ચિંતા જેવું કશું નથી.

ગોવિંદાના મેનેજર શશિ સિન્હાએ જણાવ્યું હતું કે, ગોવિંદા કોલકાતા જવા માટે એરપોર્ટ પહોંચવા ઘરેથી નીકળવાના હતા ત્યારે એમણે પોતાની રિવોલ્વર ફરી કબાટમાં મૂકવા દરવાજો ખોલ્યો ત્યારે અચાનક હાથમાંથી રિવોલ્વર નીચે પડી ગઈ હતી અને મિસફાયર થતાં એમને પગમાં ગોળી લાગી ગઈ હતી.

# દિલ્હી : વડાપ્રધાન મોદીએ ભારત-જમૈકા સંબંધો માટે આશા વ્યક્ત કરતા રસ્તાનું નામ 'જમૈકા રોડ' રાખ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જાહેરાત કરી હતી કે, નવી દિલ્હીમાં જમૈકા હાઈ કમિશનની સામેના રસ્તાને 'જમૈકા માર્ગ' નામ આપવામાં આવ્યું છે, જે મજબૂત ભારત-જમૈકા સંબંધોને પ્રકાશિત કરે છે. પીએમ મોદીએ આગળ આશા વ્યક્ત કરી કે, બંને દેશો વચ્ચેના સંબંધો યુસૈન બોલ્ટ કરતા વધુ ઝડપથી આગળ વધશે. ભારત અને જમૈકા બંને ક્રિકેટ-પ્રેમી દેશો છે તેની નોંધ લેતા તેમણે કહ્યું, 'રમત ખૂબ જ મજબૂત અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.' PM મોદીએ આજે તેમના જમૈકાના સમકક્ષ એન્ડ્રુ હોલનેસ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કહ્યું, 'અમે દિલ્હીમાં જમૈકા હાઈ કમિશનની સામેના રસ્તાને 'જમૈકા વે' નામ આપવાનો નિર્ણય કર્યો છે. ભારત અને જમૈકા વિશાળ મહાસાગરો દ્વારા અલગ પડેલા છે. અમે અલગ હોઈ શકે છે, પરંતુ આપણા લોકો, આપણી સંસ્કૃતિ અને આપણો ઈતિહાસ એકબીજા સાથે જોડાયેલા છે.' પીએમ મોદીએ કહ્યું કે, ભારતના લોકો ક્રિકેટરો માટે ખાસ લગાવ ધરાવે છે. પીએમ મોદીએ કહ્યું, 'ક્રિકેટ-પ્રેમી દેશો તરીકે, રમતગમત આપણા સંબંધોમાં ખૂબ જ મજબૂત અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતના લોકો ક્રિકેટરો માટે વિશેષ પ્રેમ ધરાવે છે.' અમે રમતગમતમાં અમારા સહયોગને વધુ ગાઢ બનાવવાની પણ ચર્ચા કરી. મને વિશ્વાસ છે કે, આના પરિણામો આજની ચર્ચા અમારા સંબંધોને યુસૈન બોલ્ટ કરતાં પણ વધુ વેગ આપશે અને અમે નવી ઊંચાઈઓ પર પહોંચવાનું ચાલુ રાખીશું.

# કેરળમાં એમબીબીએસના બીજા વર્ષના નાપાસ થયેલા વિદ્યાર્થીએ સારવાર કરતા હૃદયરોગના દર્દીનું કરૂણ મૃત્યુ

## કોઝીકોડની ખાનગી હોસ્પિટલ ખાતે ૬૦ વર્ષીય હૃદયરોગ દર્દીના મૃત્યુને પગલે લાયકાત વગરના રેસીડેન્ટ મેડિકલ ઓફિસર (આર એમ ઓ)ની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

એક કેરળમાં તબીબી બેદરકારીની એક ગંભીર ઘટનામાં એમબીબીએસના બીજા વર્ષમાં અભ્યાસ કરતા અને નાપાસ થયેલા એક વિદ્યાર્થીએ ઓપરેશન કરી નાખતા હૃદયરોગના દર્દીનું મૃત્યુ થયું હતું એવું જાહેર થયું છે. કોઝીકોડ જિલ્લામાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં દાખલ થયેલા ૬૦ વર્ષીય વિનોદકુમાર નામના દર્દીનું મૃત્યુ થતાં લાયકાત વગર કામ કરી રહેલા રેસીડેન્ટ મેડિકલ ઓફિસરની કેરાલા પોલીસે ધરપકડ કરી લીધી હતી. ૨૩મી સપ્ટેમ્બરે આ ઘટના પ્રકાશમાં આવી હતી જેના કારણે બારે હોબાળો બચી ગયો હતો અને એવું જાહેર થયું હતું કે અબુ અબ્રાહમ લુક નામનો આ આર એમ ઓ બીજા વર્ષમાં એમબીબીએસમાં અભ્યાસ કરતો હતો પણ નિષ્ફળ ગયો હતો અને તેણે તેનું તબીબી શિક્ષણ પણ પૂરૂં કર્યું નહોતું.

દર્દી વિનોદ કુમારને છાતીમાં સખત દુખાવો થતાં અને શ્વાસ લેવામાં તકલીફ પડતા ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પણ ત્યાં સારવાર મળ્યા બાદ એમનું મૃત્યુ થયું હતું. મૃત્યુ પામનાર દર્દીના પુત્ર ડોક્ટર અશ્વિન પાચક વિનોદે એ જાણીને આઘાત વ્યક્ત કર્યો હતો કે પોતાના પિતાની સારવાર કરી રહેલા આરએમઓ પાસે હજુ ડિગ્રી પણ આવી નહોતી અને બીજા વર્ષનું મેડિકલનો વિદ્યાર્થી છે. ઈન્ડિયા ટુડે સાથે વાતચીત કરતા અશ્વિન વિનોદએ જણાવ્યું હતું કે ટી એમ એચ હોસ્પિટલની ગંભીર બેદરકારીને કારણે મેં મારા પિતા ગુમાવી દીધા છે અને એક લાયકાત વગરનો તબીબી વિદ્યાર્થી જે નાપાસ થયો હતો એ આરએમઓ બનીને સારવાર કરી રહ્યો હતો. જે ડોક્ટર નહોતો પણ ઊંટ વૈદ્ય હતો. હું એ સમયે ચંદીગઢ પીજીઆઈ ખાતે રેસીડેન્ટ ડોક્ટર તરીકે ફરજ પર હતો. મેં ફોન પર આ કહેવાતા આરએમઓ અબુ અબ્રાહમ લ્યુક સાથે વાતચીત કરી તો તેણે મને કહ્યું હતું કે તમારા પિતાને છાતીમાં દુખાવા અને શ્વાસ લેવાની તકલીફને કારણે ઈમરજન્સી વોર્ડમાં લાવવામાં આવ્યા છે પણ થોડા મોડા એમને લાવવામાં આવ્યા છે એટલે એમને બચાવવા માટે કશું થઈ શકે તેમ નહોતું. અશ્વિન ગણાવે છે કે હું એ જ દિવસે ચંદીગઢથી રવાના થઈ અને કોઝીકોડ પહોંચ્યો હતો અને મારા પિતાના અંતિમ સંસ્કાર કર્યા બાદ મેં તપાસ શરૂ કરી હતી. અમને ખબર પડી હતી કે અબ્રાહમ પાસે એમબીબીએસની ડિગ્રી પણ નથી કેમકે તેણે મેડિકલનો અભ્યાસ પણ પૂરો કર્યો નથી છેલ્લા બાર વર્ષથી એ પોતાનો બીજા વર્ષનો અભ્યાસ પણ પૂરો કરી શક્યો નથી. મેં આ અંગે ઉચ્ચ સત્તાવાળાઓ સાથે વાતચીત કરી છે અને સોશિયલ મીડિયા ઉપર પણ મેં મારી વેદના વ્યક્ત કરી છે. હું ચંદીગઢમાં રેસીડેન્ટ ડોક્ટર તરીકે મારી ફરજ સારી રીતે નિષ્ઠાથી બજાવી રહ્યો હતો ત્યારે એ જાણીને મને અત્યંત વેદના થઈ શકે અહીં કેરળમાં મારા માતા કે પિતા ગંભીર રીતે માંદા પડે તો તમને ઓછામાં ઓછી સારી સારવાર મળે એવી મારી અપેક્ષા હતી અને લાયક એમબીબીએસ ડોક્ટર સારવાર કરશે એવી મારી ધારણા હતી પણ જે થયું છે તેની મને કલ્પના પણ નહોતી.

ડોક્ટર અશ્વિને કહ્યું હતું કે, પોલીસે મારી ફરિયાદના આધારે એફઆઈઆર નોંધી છે અને અબુ અબ્રાહમ લ્યુકની ધરપકડ કરી દીધી છે અને મને આશા છે કે આવનારા દિવસોમાં હોસ્પિટલના મેનેજમેન્ટ વિરૂદ્ધ પણ એ ફાયર દાખલ કરવામાં આવશે મારા ઉપર જે વીતી છે એ અન્ય કોઈ ઉપર અને અન્ય કોઈ વ્યક્તિ એમના પિતાજી ગુમાવી ન દે એ જોવાનો મારો હેતુ છે.

છેવટે હોસ્પિટલ તંત્ર દ્વારા પણ કબૂલ કરવામાં આવ્યું છે કે આર.એમ ઓનની લાયકાત અને ડિગ્રી જોવામાં ભૂલ થઈ છે અને ચકાસણીમાં ખામી રહી ગઈ છે. અત્યારે તો અબુ અબ્રાહમ લ્યુકને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાંથી કાઢી મૂકવામાં આવ્યો છે. હોસ્પિટલના મેનેજર એ કહ્યું હતું કે, અબુ અબ્રાહમે મલમપુરમ તથા કોઝીકોડની અને હોસ્પિટલમાં કામ કર્યું હતું અને એ પછી અમારે ત્યાં આવ્યો હતો અને અમે તેના મેડિકલ રજીસ્ટ્રેશન નંબરની પણ ચકાસણી કરી હતી અમારાથી પણ મોટી હોસ્પિટલમાં એ કામ કરી ચૂક્યો હતો એટલે અમે તેને નિમણૂક આપી હતી. તે ખરેખર સારો ડોક્ટર હતો અને એ જો રજા પર હોય તો દર્દીઓ એ પોઈન્ટમેન્ટ રદ કરી દેતા હતા. તેનું વર્તન પણ ખૂબ સારૂં રહેતું હતું એટલે અમને કોઈ શંકા ગઈ નહોતી.

# એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ દયા નાયક ગોવિંદાને મળવા હોસ્પિટલ ધસી ગયા, હોસ્પિટલની બહાર સઘન પોલીસ બંદોબસ્ત

(એજન્સી) મુંબઈ, તા.૧

અકસ્માતે રિવોલ્વરમાંથી છૂટેલી ગોળીને કારણે ઘાયલ થયેલા અભિનેતા ગોવિંદાને ક્રિટીકેર હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે ત્યારે ફિલ્મજગત અને રાજકીય દુનિયાના મહાનુભાવો એમને મળવા માટે હોસ્પિટલ દોડી ગયા હતા અને મુંબઈ પોલીસના પૂર્વ એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ દયા નાયક અભિનેતાને મળવા માટે હોસ્પિટલ દોડી ગયા હતા. હોસ્પિટલની બહાર સંગીન અને જોરદાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પત્રકારોને કશું કહેવાનો દયા નાયકે ઈન્કાર કર્યો હતો અને તબિયત જોવા માટે હોસ્પિટલની અંદર પહોંચી ગયા હતા.

**વાંગચુકની ધરપકડના વિરોધમાં લદ્દાખમાં હડતાળ : દિલ્હી સુધી કૂચ કરનારાની અટકાયત**

— — — — — — — — —

**બદલાપુર રેપકાંડ : બે તહોમતદારને આગોતરા જામીન આપવાનું નકારી દેતી મુંબઈ હાઈકોર્ટ; 'સીટ'ની ઝાટકણી કાઢી**

## તહેવારોની સીઝન અગાઉ મોંઘવારીનો ઝટકો

# સતત ત્રીજા મહિને વધ્યા LPG સિલિન્ડરના ભાવ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

આજે ઑક્ટોબર મહિનાનો પહેલો દિવસ છે અને આ પહેલા જ દિવસે મોંઘવારીનો મોટો ઝટકો લાગ્યો છે. મંગળવારે વહેલી સવારે LPG ગેસ સિલિન્ડરની કિંમતોમાં વધારો કરવામાં આવ્યો છે. એટલે કે ૧ ઓક્ટોબર ૨૦૨૪થી ઓઈલ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં વધારો કર્યો છે. જો કે, આ વખતે પણ LPG સિલિન્ડરની કિંમતમાં વધારો માત્ર ૧૯ KG કોમર્શિયલ ગેસ સિલિન્ડર માટે કરવામાં આવ્યો છે, તેલ કંપનીઓએ ૧૪ KGના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કર્યો નથી. ભાવ વધારા બાદ હવે નવા ભાવ પણ સામે આવ્યા છે. તેમના મતે રાજધાની દિલ્હીમાં સિલિન્ડરની કિંમત ૧૬૯૧.૫૦ રૂપિયાથી વધીને ૧૭૪૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે. જો આપણે IOCLની વેબસાઈટ પર નજર કરીએ તો ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની નવી કિંમતો ૧ ઓક્ટોબરથી લાગુ થઈ ગઈ છે. જો આપણે રાજધાની દિલ્હી સિવાયના મહાનગરોની વાત કરીએ તો મુંબઈમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત સપ્ટેમ્બર મહિનામાં ૧૬૦૫ રૂપિયાથી વધારીને ૧૬૪૪ રૂપિયા કરવામાં આવી હતી, ત્યારબાદ તેને ફરી એકવાર વધારીને ૧૬૯૨.૫૦ આપવામાં આવી છે. આ ઉપરાંત અત્યાર સુધી કોમર્શિયલ સિલિન્ડર કોલકાતામાં ૧૮૦૨.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતો પરંતુ હવે તે ૧૮૫૦.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આ સિવાય ચેન્નઈમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧૯૦૩ રૂપિયા થઈ ગઈ છે જે અત્યાર સુધી ૧૮૫૫ રૂપિયા હતી. સિલિન્ડરની કિંમત દર મહિનાની પહેલી તારીખે બદલાય છે. ક્યારેક ભાવ વધે છે, ક્યારેક ઘટે છે તો ક્યારેક સ્થિર રહે છે. આજે ૧ ઓક્ટોબરના રોજ એલપીજી સિલિન્ડરના નવા દરો જાહેર કરવામાં આવ્યા છે. આ વખતે પણ ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અત્યારે પણ ૧૪ કિલોના સિલિન્ડરની કિંમત માત્ર ૮૦૩ રૂપિયા છે. જોકે, કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં સતત ત્રીજા મહિને વધારો થયો છે. આ વખતે કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ઈન્ડિયન ઓઈલ દ્વારા જાહેર કરાયેલા લેટેસ્ટ રેટ મુજબ, ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી દિલ્હીમાં ૧૯ કિલોનો કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૧૭૪૦ રૂપિયામાં ઉપલબ્ધ છે, જે પહેલા ૧૬૯૧.૫૦ રૂપિયા હતો. મુંબઈમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત હવે ૧૬૯૨.૫૦ રૂપિયા, કોલકાતામાં ૧૮૫૦.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૧૯૦૩ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બરમાં ૩૯ રૂપિયા મોંઘો થયો હતો. ઓગસ્ટ મહિનામાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૮.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. જુલાઈમાં કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

# મધ્યપ્રદેશમાં પાંચ વર્ષની બાળકી પર થયેલા યૌન શોષણને લઈને વાલીઓએ શાળાની બહાર વિરોધ પ્રદર્શન કર્યું

(એજન્સી) ભોપાલ, તા.૧

પોલીસે સોમવારે જણાવ્યું હતું, મધ્યપ્રદેશના રતલામ શહેરમાં એક પાંચ વર્ષની બાળકી પર તેની શાળાના ધો.૧૦ના વિદ્યાર્થી દ્વારા કથિત રીતે જાતીય શોષણ કરવામાં આવ્યું હતું કથિત ઘટના શાળાના પરિસરમાં બની હતી અને છોકરીએ તેની માતાને ૨૭ સપ્ટેમ્બરે જાણ કરી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું, બાળકીની માતાએ ફરિયાદ નોંધાવ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી કે, તેની પુત્રીનું શાળામાં યૌન શોષણ થયું હતું. આરોપી છોકરાને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. સોમવારના રોજ અનેક વિદ્યાર્થીઓના વાલીઓ સ્કૂલની બહાર એકઠા થયા હતા અને સ્કૂલ મેનેજમેન્ટ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પોલીસ અને સ્થાનિક અધિકારીઓએ શિક્ષકોને શાળામાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. અધિકારીઓએ નારાજ વાલીઓ સાથે પણ વાતચીત કરી, વિદ્યાર્થીઓની સુરક્ષા માટે પગલાં લેવાની ખાતરી આપી.

એએસપી રાકેશ ઢાખાએ જણાવ્યું હતું, કેસની તપાસ ચાલી રહી છે. જે પણ દોષિત જણાશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. એસડીએમ શાલિની શ્રીવાસ્તવે કહ્યું કે, શાળાને અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવી છે. શાળા સત્તાવાળાઓ માતા-પિતા સાથે સલામતીના મુદ્દા પર ચર્ચા કરશે અને એકવાર તેઓ સમજૂતી પર આવશે ત્યારે જ શાળા ફરીથી ખોલવામાં આવશે.

# ૪ વર્ષમાં ૧૫મી પેરોલ; રામ રહીમ હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલાં ૨૦ દિવસ માટે છૂટવા તૈયાર


(એજન્સી) તા.૧

હરિયાણા વિધાનસભા ચૂંટણી વચ્ચે સોમવાર, ૩૦ સપ્ટેમ્બરે ચૂંટણી પંચે ડેરા સચ્ચા સૌદાના વડા રામ રહીમના પેરોલને મંજૂરી આપી હતી. જો કે, પંચે ૩ શરતો મૂકી છે. રામ રહીમ આજે (૧ ઓક્ટોબર) સવારે ૧૧ વાગ્યે રોહતકની સુનારિયા જેલમાંથી બહાર આવશે.

પહેલી: જેલમાંથી બહાર આવ્યા પછી હરિયાણામાં નહીં રહે. બીજી: કોઈ પણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેશે નહીં. ત્રીજી: સોશિયલ મીડિયા પર પ્રચાર નહીં કરે.

ચૂંટણી પંચના સૂત્રોનું કહેવું છે કે હરિયાણા સરકારને કહેવામાં આવ્યું છે કે જો રામ રહીમ આચાર સંહિતા કે શરતોનું ઉલ્લંઘન કરશે તો પેરોલ તરત જ રદ કરવામાં આવશે.

હરિયાણામાં ૫ ઓક્ટોબરે મતદાન થશે. પરિણામ ૮મી ઓક્ટોબરે આવશે.



આ કારણથી રામ રહીમની પેરોલને ચૂંટણી સાથે જોડવામાં આવી રહ્યા છે. હરિયાણાની ૩૬ સીટો પર તેની અસર છે. રામ રહીમ યૌન શોષણ અને હત્યા કેસમાં રોહતક જેલમાં સજા કાપી રહ્યો છે. પેરોલ દરમિયાન રામ રહીમ ઉત્તર પ્રદેશના બરનાવા આશ્રમમાં રહેશે.

ડેરા સચ્ચા સૌદાના વડા રામ રહીમ યૌન શોષણ અને સાધ્વીઓની હત્યાના કેસમાં ૨૦ વર્ષની જેલની સજા ભોગવી રહ્યો છે. તેણે હાલમાં સરકાર પાસે ઈમરજન્સી પેરોલની માગણી કરી હતી. જેલ વિભાગમાં અરજી કરી ૨૦ દિવસના પેરોલની માગણી કરી. આ દરમિયાન તેણે ઉત્તર પ્રદેશના બરનવા આશ્રમમાં રહેવાની વાત કરી. આ પહેલા રામ રહીમ ઓગસ્ટમાં ૨૧ દિવસ માટે ફરલો પર બહાર આવ્યો હતો.

રામ રહીમને ૨૫ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ બે સાધ્વીઓના યૌન શોષણના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આ વર્ષે ૨૭ ઓગસ્ટે તેની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં ૨૮ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ તેને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. જે બાદ તે રોહતકની સુનારિયા જેલમાં બંધ છે.

# ૧૯૮૪ શીખ વિરોધી રમખાણ કેસ : દિલ્હી હાઈકોર્ટ ૨૯ નવેમ્બરે કોંગ્રેસ નેતા જગદીશ ટાઈટલરની તેમની સામેના આરોપને પડકારતી અરજી પર સુનાવણી કરશે

**ટાઈટલરે તેની અરજીમાં દાવો કર્યો હતો કે, તેઓને ખોટી રીતે શિકાર બનાવવામાં આવ્યા છે અને દલીલ કરી હતી કે, ટ્રાયલ કોર્ટનો તેમની સામે આરોપો ઘડવાનો આદેશ વિકૃત, ગેરકાયદેસર હતો, તેમણે પિટિશનમાં જણાવ્યું હતું કે, આ આદેશ દ્વારા ટ્રાયલ કોર્ટે ભૂલથી અરજદાર વિરુદ્ધ કાયદાના સ્થાયી સિદ્ધાંતોની અવગણના કરીને આરોપો ઘડ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

દિલ્હી હાઈકોર્ટે મંગળવારે કહ્યું છે કે, ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોમાં ઉત્તર દિલ્હીના પુલબંગશ વિસ્તારમાં ત્રણ લોકોની હત્યાના કેસમાં તેમની વિરુદ્ધ હત્યા અને અન્ય ગુનાના આરોપો ઘડવાને પડકારતી કોંગ્રેસ નેતા જગદીશ ટાઈટલરની અરજી પર તે ૨૯ નવેમ્બરે સુનાવણી કરશે. જસ્ટિસ મનોજકુમાર ઓહરીએ થોડા સમય માટે આ કેસની સુનાવણી કર્યા બાદ ટાઈટલરના વકીલને કેટલાક સાક્ષીઓના નિવેદનો દાખલ કરવા કહ્યું જે રેકોર્ડ પર નથી. ત્યારબાદ હાઈકોર્ટે આ મામલાની વધુ સુનાવણી ૨૯મી નવેમ્બરે સુનિશ્ચિત કરી હતી. ટાઈટલરે તેની અરજીમાં દાવો કર્યો હતો કે, તેઓને ખોટી રીતે શિકાર બનાવવામાં આવ્યા છે અને



દલીલ કરી હતી કે, ટ્રાયલ કોર્ટનો તેમની સામે આરોપો ઘડવાનો આદેશ વિકૃત, ગેરકાયદેસર હતો. તેમણે પિટિશનમાં જણાવ્યું હતું કે, આ આદેશ દ્વારા ટ્રાયલ કોર્ટે ભૂલથી અરજદાર વિરુદ્ધ કાયદાના સ્થાયી સિદ્ધાંતોની અવગણના કરીને આરોપો ઘડ્યા છે. સુનાવણી દરમિયાન ટાઈટલરના વકીલે અરજી રજૂ કરી અને દાવો કર્યો કે, તે ઘટના સમયે સ્થળ પર હાજર ન હતા. આ અરજીનો સીબીઆઈના વકીલ અને પીડિતોએ વિરોધ કર્યો હતો જેમણે એવી રજૂઆત કરી હતી કે, આ અરજીનો નિર્ણય પહેલાથી જ હાઈકોર્ટે ફગાવી દીધો હતો. તેમની અરજીમાં ટાઈટલરે દાવો કર્યો હતો કે, તેમની સામે લગાવવામાં આવેલા આરોપોને સમર્થન આપવા માટે કોઈ વિશ્વસનીય પુરાવા નથી અને ટ્રાયલ કોર્ટનો આદેશ ખોટી ધારણા પર હતો અને યાંત્રિક રીતે પસાર કરવામાં આવ્યો હતો અને તેને એડી કરવો જોઈએ. ટાઈટલરે ટ્રાયલ કોર્ટના ૨૦ ઓગસ્ટના આદેશને રદ

**અન્યાયની સામે કાયદેસરની લડાઈ કેમ લડાય છે એ તો શીખ સમુદાય પાસેથી બોધપાઠ મેળવવો જોઈએ. આજે ૪૦ વર્ષ બાદ પણ પીડિતો ન્યાય મેળવવા મહેનત કરે છે એ તમામ નાગરિકોને ઘણું કહી જાય છે.**

**ન્યૂઝ GT પોઈન્ટ**

કરવાની માંગ કરી છે ટાઈટલરે કહ્યું કે, તે ૮૦ વર્ષના છે અને હૃદય રોગ અને ડાયાબિટીસ સહિત વિવિધ બીમારીઓથી પીડિત છે. તેમણે ટ્રાયલ કોર્ટના ૩૦ ઓગસ્ટના આદેશને રદ કરવાની માંગ કરી છે. ટ્રાયલ કોર્ટે ૧૩ સપ્ટેમ્બરના રોજ તેમણે ગુનાઓ માટે દોષિત ન હોવાનું સ્વીકાર્યા પછી ઔપચારિક રીતે તેની સામે આરોપો ઘડ્યા હતા. કોર્ટે ૩૦ ઓગસ્ટે કહ્યું હતું કે, આરોપીઓ સામે કાર્યવાહી કરવા માટે પૂરતું કારણ છે. સીબીઆઈએ ૨૦ મે, ૨૦૨૩ના રોજ આ કેસમાં ટાઈટલર વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. ટાઈટલરે કથિત રીતે ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ પુલબંગશ ગુરૂદ્વારા આઝાદ માર્કેટમાં એકઠા થયેલા ટોળાને ઉશ્કેર્યા જેના પરિણામે ગુરૂદ્વારા સળગાવી દેવામાં આવ્યું અને ત્રણ શીખો - ઠાકુરસિંહ, બાદલસિંહ અને ગુરચરણસિંહની હત્યા થઈ હતી. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનએ તેની ચાર્જશીટમાં જણાવ્યું હતું કે, ટાઈટલર ૧ નવેમ્બર, ૧૯૮૪ના રોજ ગુરૂદ્વારા પુલબંગશની સામે સફેદ એમ્બેસેડર કારમાંથી બહાર આવ્યા હતા અને કથિત રીતે ટોળાને ઉશ્કેર્યો હતો કે, શીખોને મારી નાખો, તેઓએ અમારી માતાની હત્યા કરી છે. ત્યારબાદ ટોળા દ્વારા ત્રણ શીખોની હત્યા કરવામાં આવી હતી. ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ તેમના શીખ અંગરક્ષકો દ્વારા તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા બાદ દેશના અનેક ભાગોમાં શીખ વિરોધી રમખાણો ફાટી નીકળ્યા હતા. સેશન્સ કોર્ટે ગયા વર્ષે ઓગસ્ટમાં આ કેસમાં ટાઈટલરને આગોતરા જામીન આપ્યા હતા.

# સર્જન વાઈસ એડમિરલ આરતી સરીન સશસ્ત્ર દળોની તબીબી સેવાઓના પ્રથમ મહિલા મહાનિર્દેશક બન્યાં

**AFMC, પુણેના પૂર્વ વિદ્યાર્થી, વાઈસ એડમિરલ સરીનને ડિસેમ્બર ૧૯૮૫માં આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસમાં કમિશન આપવામાં આવ્યું હતું, તે AFMC, પુણેમાંથી રેડિયો ડાયગ્નોસિસમાં MD છે અને ટાટા મેમોરિયલ હોસ્પિટલ, મુંબઈમાંથી રેડિયેશન ઓન્કોલોજીમાં ડિપ્લોમેટ નેશનલ બોર્ડ છે, સાથે-સાથે તેમણે યુનિવર્સિટી ઓફ પિટ્સબર્ગમાંથી ગામા નાઈફ સર્જરીની તાલીમ પણ લીધી છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સર્જન વાઈસ એડમિરલ આરતી સરીનને આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસ (DGAFMS)ના મહાનિર્દેશક તરીકે નિમણૂક કરવામાં આવી છે, એક સત્તાવાર અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, તેઓ આ પદ સંભાળનાર પ્રથમ મહિલા અધિકારી બન્યા છે. ૪૬મા ડીજીએએફએમએસ તરીકે પદ સંભાળતા પહેલા વાઈસ એડમિરલ સરીન નૌકાદળમાં તબીબી સેવાઓના મહાનિર્દેશક, વાયુસેનામાં તબીબી સેવાઓના મહાનિર્દેશક, તેમજ પુણેમાં સશસ્ત્ર દળો મેડિકલ કોલેજના ડિરેક્ટર અને કમાન્ડન્ટ (AFMC) તરીકે ફરજ બજાવી ચૂક્યા છે.

**સર્જન વાઈસ એડમિરલ આરતી સરીન કોણ છે ? :**

AFMC, પુણેના પૂર્વ વિદ્યાર્થી, વાઈસ એડમિરલ સરીનને ડિસેમ્બર ૧૯૮૫માં આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસમાં કમિશન આપવામાં આવ્યું હતું. તે AFMC, પુણેમાંથી રેડિયો ડાયગ્નોસિસમાં MD છે અને ટાટા મેમોરિયલ હોસ્પિટલ, મુંબઈમાંથી રેડિયેશન ઓન્કોલોજીમાં ડિપ્લોમેટ નેશનલ બોર્ડ છે, જે પિટ્સબર્ગ યુનિવર્સિટીમાંથી ગામા નાઈફ સર્જરીની તાલીમ સાથે પૂરક છે. તેમની ૩૮ વર્ષની કારકિર્દીમાં ફ્લેગ ઓફિસરે આર્મી હોસ્પિટલ (R&R) અને કમાન્ડ હોસ્પિટલ (સધર્ન કમાન્ડ)/AFMC પુણેમાં પ્રોફેસર અને રેડિયેશન ઓન્કોલોજીના વડા, INHS અશ્વિની ખાતે કમાન્ડિંગ ઓફિસર ભારતીય નૌકાદળના દક્ષિણી અને પશ્ચિમી નૌકા કમાન્ડમાં કમાન્ડ મેડિકલ ઓફિસર સહિત અનેક શૈક્ષણિક અને વહીવટી ફરજો બજાવી છે. ફ્લેગ ઓફિસરને ભારતીય સશસ્ત્ર દળોની ત્રણેય શાખાઓમાં સેવા આપવાનું દુર્લભ ગૌરવ હતું, તેમણે ભારતીય સેનામાં લેફ્ટનન્ટથી કેપ્ટન, સર્જન લેફ્ટનન્ટથી સર્જન વાઈસ



એડમિરલ સુધી ભારતીય નૌકાદળમાં અને ભારતીય વાયુ બળમાં એર માર્શલ તરીકે સેવા આપી હતી. દર્દીની સંભાળ પ્રત્યેના તેમના સમર્પણની માન્યતામાં વાઈસ એડમિરલ સરીનને ૨૦૨૪માં અતિ વિશેષ સેવા મેડલ અને ૨૦૨૧માં વિશિષ્ટ સેવા મેડલથી નવાજવામાં આવ્યા હતા. તેમની વિશિષ્ટ સેવા બદલ તેમને ૨૦૧૭માં ચીફ ઓફ આર્મી સ્ટાફ પ્રશસ્તિ, ૨૦૦૧માં નૌકાદળના વડા અને ૨૦૧૩માં જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ દ્વારા પ્રશસ્તિ પણ એનાયત કરવામાં આવી હતી.

તાજેતરમાં તબીબી વ્યાવસાયિકો માટે સલામત કાર્યકારી પરિસ્થિતિઓ અને પ્રોટોકોલ ઘડવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રીય ટાસ્ક ફોર્સના સભ્ય તરીકે ફ્લેગ ઓફિસરની પણ નિમણૂક કરવામાં આવી હતી.

DGAFMS સશસ્ત્ર દળોને લગતી એકંદર તબીબી નીતિ બાબતો માટે સંરક્ષણ મંત્રાલયને સીધી રીતે જવાબદાર છે.

# લોડેડ રિવોલ્વર લઈને પેરાનોઈયા બીમારીના નિદાન સુધી ગોવિંદાના ઘરે આકસ્મિક ફાયરિંગ અનેક પ્રશ્નો ઊભા કરે છે

**અહેવાલો અનુસાર આ ઘટના મંગળવારે સવારે ૪.૪૫ વાગ્યે બની હતી જ્યારે અભિનેતા એરપોર્ટથી કોલકાતા જવા માટે રવાના થઈ રહ્યો હતો, જુહુમાં તેના એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળતા પહેલા તેણે તેની રિવોલ્વર તપાસી અને તેને અલમારીમાં પાછી મૂકતી વખતે તે તેના હાથમાંથી સરકી ગઈ અને જમીન પર પડી અને અકસ્માતે ગોળી છૂટી અને તેને ઘૂંટણની નીચે વાગી હતી**

(એજન્સી) તા.૧

અભિનેતા ગોવિંદા ઉર્ફે ચીચી એવો દાવો કરે છે કે, જ્યારે તેઓ રિવોલ્વર અલમારીમાં રાખી રહ્યો હતા ત્યારે તેમનું હથિયાર નીચે પડી ગયું હતું અને તેની ગોળી છૂટતા ઘૂંટણની નીચે ગોળી વાગી હતી. નિષ્ણાતો કહે છે કે જ્યાં સુધી ટ્રિગર ખેંચાય નહીં ત્યાં સુધી શસ્ત્ર ફાયર કરી શકતું નથી.

અહેવાલો અનુસાર આ ઘટના મંગળવારે સવારે ૪.૪૫ વાગ્યે બની હતી જ્યારે અભિનેતા એરપોર્ટથી કોલકાતા જવા માટે રવાના થઈ રહ્યો હતો. જુહુમાં તેના એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળતા પહેલા તેણે તેની રિવોલ્વર તપાસી અને તેને અલમારીમાં પાછી મૂકતી વખતે તે તેના હાથમાંથી સરકી ગઈ, અને જમીન પર પડી અને અકસ્માતે ગોળી છૂટી અને તેને ઘૂંટણની નીચે વાગી હતી. તેમને જુહુની ક્રિટીકેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ડોકટરોએ તેમના ઘૂંટણની નજીકથી ૯ એમએમની ગોળી કાઢી હતી.

**આ ઘટના ઘણા પ્રશ્નો ઊભા કરે છે :**

★ જો સેફ્ટી કેચ હોય તો શસ્ત્ર ફાયર થશે નહીં. તો શું ગોવિંદાએ સેફ્ટી કેચ ખોલીને તેને કબાટમાં રાખવાનો પ્રયાસ કર્યો હતો ? જો હા, તો તે તેની એક મોટી ભૂલ હતી.

★ જો શસ્ત્ર સલામતી કેચ નીચે પડી ગયું હોત તો પણ આકસ્મિક રીતે ગોળીબાર થઈ શક્યો ન હોત, કારણ કે ટ્રિગર ગાર્ડે તેને ૧૦૦ ટકા અટકાવ્યો હોત.

★ એક ક્ષણ માટે માની લઈએ કે આ અકસ્માતની થિયરી સાચી છે, પણ અભિનેતાના ઘૂંટણ પર ગોળી વાગે તે માટે શસ્ત્ર સંભવતઃ ઘૂંટણની તરફના ખૂણા પર સીધા સ્થિતિમાં પડ્યું હોવું જોઈએ.

★ ઉપરાંત, જો અભિનેતા શહેરથી દૂર જઈ રહ્યો હોય તો શસ્ત્ર લોડ કેમ રાખશે ? તમામ શસ્ત્ર માલિકો દ્વારા અપનાવવામાં આવતી સામાન્ય પ્રથા એ છે કે ગોળીઓને બહાર કાઢીને તેને અલગથી રાખવામાં આવે છે.

★ એક અગ્રણી મનોચિકિત્સકે કહ્યું કે અભિનેતાને અગાઉ પેરાનોઈયા માટે સલાહ આપવામાં આવી હતી અને તેને આશ્ચર્ય થયું હતું કે શું તે લોડ કરેલા હથિયારને હેન્ડલ કરવા માટે યોગ્ય માનસિક સ્થિતિમાં છે.

★ પોલીસનું કહેવું છે કે હથિયાર .૩૨ બોરનું હતું જ્યારે ડોકટરોએ કહ્યું હતું કે જે ગોળી મળી છે તે ૯ એમએમની છે. .૩૨ બોરનું હથિયાર ૯ એમએમની બુલેટને લઈ શકતું નથી, અન્ય બાબતોની સાથે, .૩૨ બોરની બુલેટનો વ્યાસ ૦.૩૧૨ ઈંચ હોય છે જ્યારે ૯ એમએમનો વ્યાસ ૦.૩૫૫ ઈંચ હોય છે. આ ઘટના બાદ તરત જ રિલીઝ થયેલી અભિનેતાની ઓડિયો ક્લિપમાં કોઈ વિગતો આપવામાં આવી નથી. એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ દયાનાયકે આ અભિનેતાને ક્રિટીકેર હોસ્પિટલમાં દાખલ કર્યા પછી તરત જ મુલાકાત લીધી હતી અને તેમણે જણાવ્યું હતું કે તે એક અકસ્માત હતો. જો કે, અભિનેતાને હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ જુહુ પોલીસ તેની તપાસ કરશે.

# કર્ણાટક હાઈકોર્ટે OLAને કેબ ડ્રાઈવર દ્વારા જાતીય સતામણી કરનાર મહિલાને ૫ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૧

કર્ણાટક હાઈકોર્ટે OLA કેબ્સની પેરેન્ટ કંપની ANI ટેક્નોલોજીસને ૨૦૧૯માં તેમના એક ડ્રાઈવર દ્વારા જાતીય સતામણીની કથિત ઘટનાને પગલે મહિલાને પાંચ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય જસ્ટિસ એમજીએસ કમલ દ્વારા આપવામાં આવ્યો હતો. કોર્ટે OLAની આંતરિક ફરિયાદ સમિતિ (ICC)ને કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (પ્રિવેન્શન, પ્રોહિબિશન અને રિડ્રેસલ) એક્ટ, ૨૦૧૩ (POSH એક્ટ) અનુસાર યોગ્ય તપાસ કરવા પણ નિર્દેશ આપ્યો હતો. તપાસ ૯૦ દિવસમાં પૂર્ણ થવી જોઈએ અને જિલ્લા અધિકારીને અહેવાલ સબમિટ કરવો જોઈએ. વધુમાં ANI ટેક્નોલોજીસને અરજદારના મુકદ્દમાના ખર્ચ માટે ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવવા સૂચના આપવામાં આવી છે. કોર્ટે POSH એક્ટની કલમ ૧૬નું પાલન કરવા પર ભાર મૂક્યો હતો, જે સામેલ વ્યક્તિઓની ઓળખની ગુપ્તતાની ખાતરી આપે છે. અરજદારે શરૂઆતમાં તેની ફરિયાદ ઈન્ટરનલ કમિટી પાસે કરી હતી, પરંતુ કંપનીના ICC, બાહ્ય કાનૂની સલાહના આધારે, અધિકારક્ષેત્રના અભાવને ટાંકીને તપાસ કરવાનો ઈન્કાર કર્યો હતો. મહિલાએ ત્યારપછી હાઈકોર્ટનો સંપર્ક કર્યો, તેની ફરિયાદની તપાસ કરવા માટે OLAને આદેશની માંગણી કરી અને POSH



માર્ગદર્શિકાઓનું કંપની પાલન કરે તેની ખાતરી કરવા મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને હાકલ કરી. તેણે ટેક્સી સેવાઓનો ઉપયોગ કરતી મહિલાઓ અને બાળકો માટે રક્ષણાત્મક નિયમોની પણ માંગ કરી હતી. કર્ણાટક સ્ટેટ રોડ સેફ્ટી ઓથોરિટીને ANI ટેક્નોલોજીસને જારી કરાયેલી નોટિસને લગતી કાર્યવાહી ઝડપી કરવા માટે પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેમાં ૯૦ દિવસની સમયમર્યાદા પૂર્ણ થઈ હતી. અરજીનો અપૂરતો જવાબ આપવા બદલ રાજ્ય સરકારને એક લાખ રૂપિયાનો દંડ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. કાર્યવાહી દરમિયાન, અરજદારના વકીલે દલીલ કરી હતી કે OLA એક ટ્રાન્સપોર્ટ કંપની છે અને તેના ડ્રાઈવરોની ક્રિયાઓ માટે તે જવાબદાર હોવી જોઈએ. તેનાથી વિપરીત, OLAના વકીલે દાવો કર્યો હતો કે, ડ્રાઈવરો સ્વતંત્ર કોન્ટ્રાક્ટર છે અને કર્મચારીઓ નથી, આમ કંપનીને શ્રમ કાયદા હેઠળ જવાબદારીમાંથી મુક્તિ મળે છે.

# પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ પર ટિપ્પણી કરવા બદલ સંત વિરૂદ્ધ ૬૭ કેસ નોંધવામાં આવ્યા છે : બોમ્બે હાઈકોર્ટ

(એજન્સી) મુંબઈ, તા.૧

મહારાષ્ટ્ર સરકારે બોમ્બે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે નાસિકમાં એક કાર્યક્રમમાં ઈસ્લામ અને પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ કથિત અપમાનજનક ટિપ્પણીને લઈને ધાર્મિક નેતા મહંત રામગીરી મહારાજ વિરૂદ્ધ રાજ્યભરમાં લગભગ ૬૭ FIR નોંધવામાં આવી છે. સરકારે સોમવારે કોર્ટને વધુમાં જણાવ્યું હતું કે, કથિત અપમાનજનક ટિપ્પણી ધરાવતી વાંધાજનક માહિતી, જે ઓનલાઈન શેર કરવામાં આવી હતી, તેને સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા દૂર કરવામાં આવી રહી છે. મહારાષ્ટ્રના એડવોકેટ જનરલ ડૉ બિરેન્દ્ર સરાફે એક અરજીનો વિરોધ કરતી વખતે આ રજૂઆત કરી હતી જેમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે સામે FIR નોંધાયા બાદ રામગિરી મહારાજ સાથે મંચ શેર કરવા બદલ FIR નોંધવાની માંગ કરવામાં આવી હતી. એડવોકેટ મોહમ્મદ વાસી સૈયદ અને અન્યો દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ૨૦૧૪થી કોમી ઘટનાઓમાં ભારે વધારો થયો છે અને ઈસ્લામોફોબિક રિવાજોને રાજ્ય અને કેન્દ્ર સરકારો દ્વારા સુરક્ષિત અને સંરક્ષિત કરવામાં આવે છે, જેનાથી મોબ લિંચિંગ, રમખાણો અને મુસ્લિમોના બહિષ્કારને ઉત્તેજન મળે છે. સોમવારે અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા




એડવોકેટ એજાઝ નકવીએ દલીલ કરી હતી કે રામગીરી મહારાજ સામે કાર્યવાહી શરૂ કરવાને બદલે શિંદેએ તેમની સાથે એક મંચ શેર કર્યો હતો અને નિવેદન આપ્યું હતું કે, રાજ્યમાં સંતોનું રક્ષણ કરવામાં આવશે. તેવી જ રીતે નકવીએ ભાજપ ધારાસભ્ય નિતેશ રાણે દ્વારા આપવામાં આવેલા ભડકાઉ ભાષણો તરફ પણ ધ્યાન દોર્યું હતું અને તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જો કે, ન્યાયમૂર્તિ રેવતી મોહિતે-દેરે અને પૃથ્વીરાજ ચવ્હાણની ખંડપીઠે નોંધ્યું હતું કે, રાણે દ્વારા કથિત દ્વેષપૂર્ણ ભાષણના કિસ્સામાં રામગીરી મહારાજના વીડિયોને દૂર કરવા અને FIRની નોંધણી અંગેની અરજીઓ તેના દ્વારા પહેલેથી જ સાંભળવામાં આવી રહી છે. દ્વેષપૂર્ણ ભાષણ અંગે બેન્ચે કહ્યું, અમે તેમને ભાષણ આપતા રોકી શકતા નથી, પરંતુ પોલીસ કાર્યવાહી કરી રહી છે અને જ્યાં પણ તેઓ કરી શકે છે ત્યાં FIR નોંધી રહી છે.

# એક સમયે શાળા છોડી દેવાની ફરજ પડી હતી, રેલવે સ્ટેશન પર સૂતા હતા, હવે તેમની પાસે ૪,૫૬૫ કરોડ રૂપિયાની કુલ સંપત્તિ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સત્યનારાયણ નંદલાલ નુવાલની રેલવે સ્ટેશન પર સૂવાથી લઈને અબજોપતિ બનવા સુધીની સફર બોલિવૂડની કોઈ ફિલ્મ જેવી લાગે છે, પરંતુ આ એક સત્ય ઘટના છે. નુવાલ, સોલર ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયાના ચેરમેન અને સ્થાપક, બિઝનેસ સામ્રાજ્ય બનાવવા માટે શૂન્યથી શરૂઆત કરી હતી. રાજસ્થાનમાં જન્મેલા અને ઉછરેલા નુવાલ મધ્યમ વર્ગના પરિવારમાંથી હતા. તેમના પિતા સરકારી એકાઉન્ટન્ટ હતા અને તેમના દાદા દુકાન ચલાવતા હતા. જો કે, તેમના જીવનની શરૂઆતમાં નાણાંકીય મુશ્કેલીઓ આવી, જેના કારણે તેમને ૧૦મા ધોરણમાં શાળા છોડી દેવાની ફરજ પડી. આ આંચકો છતાં નુવાલે હાર ન માની. તેઓ જાણતા હતા કે તે વ્યવસાયમાં રહેવા માંગે છે અને તેમણે તે સ્વપ્નને અનુસરવાનું નક્કી કર્યું. માત્ર ૧૮ વર્ષની ઉંમરે નુવાલે તેમનું પ્રથમ સાહસ શરૂ કર્યું, એક શાહી ઉત્પાદન પ્લાન્ટ.




કમનસીબે, તે સફળ થયું ન હતું. પરંતુ નિષ્ફળતાથી નિરાશ થવાને બદલે, તેમણે વ્યવસાયની અન્ય તકો શોધવાનું ચાલુ રાખ્યું. આ કપરા સમયમાં તેઓ નોકરીની શોધમાં મહારાષ્ટ્ર પણ ગયા હતા. તેમના કેટલાક સૌથી પડકારજનક દિવસો રેલવે સ્ટેશનો પર સૂવામાં અને ટકી રહેવા માટે સંઘર્ષ કરવામાં વિતાવ્યા હતા. જો કે, નુવાલના નિશ્ચયએ આખરે તેમને વિસ્ફોટક ઉદ્યોગ તરફ દોરી ગયો. તેણે ઔદ્યોગિક વિસ્ફોટકોના વેપારની શરૂઆત કરી અને પછીથી તેના ઉત્પાદનમાં ઝંપલાવ્યું. આ કારકિર્દીનો નવો વળાંક હતો. આજે, તેમની કંપની સોલર ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા, સંરક્ષણ ક્ષેત્રની એક મોટી ખેલાડી છે. કંપની વિસ્ફોટક, ગ્રેનેડ, ડ્રોન અને વોરહેડ્સનું ઉત્પાદન કરે છે અને તેની માર્કેટ કેપિટલાઈઝેશન લગભગ ૧ લાખ કરોડ રૂપિયા છે. છેલ્લાં પાંચ વર્ષમાં કંપનીના શેરમાં ૯૦૦%થી વધુનો વધારો થયો છે, જે તેની જંગી વૃદ્ધિ દર્શાવે છે. નુવાલની વાત કરીએ તો, તેમની કુલ સંપત્તિ ૫ અબજ ડોલર (લગભગ ૪૧,૯૭૪ કરોડ રૂપિયા) કરતાં વધુ હોવાનો અંદાજ છે. શૂન્યથી સર્જન સુધીની તેમની અદ્દભૂત સફર દરેક જગ્યાએ મહત્ત્વાકાંક્ષી સાહસિકો માટે પ્રેરણારૂપ છે, જે દર્શાવે છે કે સખત પરિશ્રમ અને દ્રઢતાથી કોઈપણ અવરોધને પાર કરી અને મોટી સફળતા પ્રાપ્ત કરવી શક્ય છે.

# ભારતની પ્રથમ મહિલા IAS અધિકારી, UPSC પરીક્ષા પાસ કરનાર બીજી મહિલા, પણ તેમને મદ્રાસના સબ-કલેક્ટર તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) પરીક્ષા, તેની કઠિન સ્પર્ધા માટે જાણીતી છે, જે દર વર્ષે અસંખ્ય ઉમેદવારોને આકર્ષે છે, જો કે માત્ર થોડાં જ લોકો IAS અધિકારી બનવાનું તેમનું સ્વપ્ન પૂરૂં કરવામાં સક્ષમ હોય છે. જ્યારે ટીના ડાબી જેવી આધુનિક પ્રતિભાની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે આ માર્ગ સૌપ્રથમ એક અગ્રણી મહિલા દ્વારા મોકળો કરવામાં આવ્યો હતો,IAS અન્ના રાજમ મલ્હોત્રા, ભારતની પ્રથમ મહિલા IAS અધિકારી. તેમની સાથે, ચોનીરા બેલીઅપ્પા મુથમ્માએ પણ ભારતીય સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરનાર પ્રથમ મહિલા અને ભારતીય વિદેશ સેવામાં જોડાનાર પ્રથમ મહિલા તરીકે ઈતિહાસ રચ્યો હતો. અન્ના રાજમ મલ્હોત્રા,૧૯૫૧ UPSC બેચનો ભાગ હતા, તેમણે ભારતની અગ્રણી મહિલા IAS અધિકારી તરીકે ઈતિહાસમાં પોતાનું



નામ અંકિત કર્યું હતું. નિરાનમ, કેરળના વતની, તેમનો જન્મ ૧૯૨૭માં થયો હતો અને તેઓ પ્રખ્યાત મલયાલમ લેખક પાઈલો પોલની પૌત્રી હતી. તેમનું પ્રારંભિક શિક્ષણ કેરળના કાલિકટમાં થયું હતું, ત્યારબાદ મલબાર ક્રિશ્ચિયન કોલેજમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી હતી. તમણે ૧૯૪૯માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્યમાં માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી. ૧૯૫૦માં અન્નાએ સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી. મહિલાઓએ વહીવટી ભૂમિકાને બદલે વિદેશી અથવા કેન્દ્રીય સેવાઓ પસંદ કરવી જોઈએ તેવી સામાજિક અપેક્ષાઓ હોવા છતાં, તેમણે IAS અધિકારી બનવાની પોતાની દ્રષ્ટિ નક્કી કરી.તેમની પ્રથમ સોંપણી મદ્રાસના તત્કાલીન મુખ્યમંત્રી સી. રાજગોપાલાચારીના નેતૃત્વ હેઠળ આવી હતી. શરૂઆતમાં તેમને જિલ્લા સબ-કલેક્ટરની ભૂમિકામાં મૂકવા માટે રાજગોપાલાચારીએ અનિચ્છા દર્શાવી અને તેના બદલે તેમને સચિવાલયની જગ્યા ઓફર કરી.જો કે, અન્ના પોતાને સાબિત કરવા માટે મક્કમ હતા અને તેઓ આખરે મદ્રાસ રાજ્યમાં તિરૂપત્તુરના સબ-કલેક્ટર બન્યા. તેમનું અતૂટ સમર્પણ અને મહાન સિદ્ધિઓ ભારતની સિવિલ સેવાઓમાં પ્રવેશવાનું લક્ષ્ય રાખતી અસંખ્ય મહિલાઓ માટે પ્રેરણાનો સ્ત્રોત છે.

# પ્રાંતિજના દલાની મુવાડી પાસે અકસ્માત બાદ કારમાંથી દોઢ કરોડ ભરેલા બે થેલાની લૂંટ

## કાર પલટી ખાતાં વેપારીનો બચાવ પરંતુ પાછળ આવતા બે બાઈકસવાર રોકડ ભરેલ થેલા લઈ ફરાર

**કાર ચાલક વેપારી અશ્વિનભાઇ પટેલ તલોદ માર્કેટ યાર્ડના ચેરમેન સંજયભાઇ પટેલના ભાઇ હોવાનુ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે અને તેઓ છેલ્લા ઘણા વરસોથી પાપડી, મકાઇ ભરડાનો વેપાર કરે છે.**

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ,તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલાની મુવાડી ગામે પાસેથી કાર લઈને જઈ રહેલ તલોદના વેપારીને અકસ્માત નડયો તો કારમા રહેલ દોઢ કરોડની લૂંટ થતા ચકચાર મચી જવા પામી હતી. રાજયમા વધુ એક મોટી લૂંટની ઘટના સામે આવી છે. જેમા પ્રાંતિજના દલાની મુવાડી પાસેથી પોતાની કાર લઈને જઈ રહેલ તલોદના ગભીરપુરાના વતની અને તલોદ માર્કેટ યાર્ડમા શિવ શક્તિ ટ્રેડર્સ નામે પેઢી ચલાવતા અને પાપડી, મકાઈ ભરડાનો વેપાર કરતા અશ્વિનભાઇ રણછોડભાઈ પટેલ કે જેઓ પોતાની કાર લઈને સાંજના સમયે અમદાવાદ ખાતે વેપારીને પૈસા આપવા નીકળ્યા હતા.જે પ્રાંતિજના દલાની મુવાડી પાસેથી પસાર થતા હતા. તે સમયે સામેથી ટ્રક આવતા તેઓએ સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા તેઓની કાર પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં તેઓનો આબાદ બચાવ થયો હતો. જો કે, કાર પલટી જતા કારમા રહેલ દોઢ કરોડ રૂપિયા ભરેલ બે થેલા પાછળ આવતા બે બાઈક સવારો લઈને જતા રહ્યા હતા.આ અંગેની જાણ કાર માલિક અશ્વિનભાઇ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસને કરવામા આવી હતી. પ્રાંતિજ પોલીસને લૂંટ અંગેની જાણ થતા તાત્કાલિક પ્રાંતિજ પોલીસ સહિત ડીસ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. તો લૂંટ અંગેની જાણ હિંમતનગર એલ.સી.બી. ,એસ.ઓ.જી. ને કરતા તેઓ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. પોલીસ દ્વારા કાર માલિકની પૂછપરછ સહિત લૂંટારૂઓને પકડવા માટે જુદીજુદી ટીમો બનાવી નાકાબંધી કરવામા આવી હતી ત્યારે દોઢ કરોડની લૂંટને લઈને હાલતો જિલ્લા સહિત પ્રાંતિજ- તલોદ તાલુકાઓમા ચકચાર મચી જવા પામી છે.સ્થાનિક પોલીસ, જિલ્લા પોલીસ, એલ.સી.બી. તથા એસ.ઓ.જી.પોલીસ દ્વારા જુદીજુદી ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે.

### કર્મચારીને માર મારનાર

# વડોદરા ફાયર વિભાગના ચીફ ફાયર ઓફિસર સહિત ત્રણ કર્મચારી સસ્પેન્ડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

ફુડ પેકેટ જેવા સામાન્ય મુદ્દે નશામાં ધૂત થઈને મારામારી કરનાર ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર સહિતના અન્ય બે કર્મચારીઓ સામે એક્શન લઈને મ્યુનિ.કમિશનરે ત્રણેયને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. જયારે ચીફ ફાયર ઓફિસરનો ચાર્જ નિકુંજ આઝાદને સોંપવામાં આવ્યો છે. વડોદરાના મકપુરા ફાયર સ્ટેશનમાં છેલ્લા ૧૬ વર્ષથી નોકરી કરતા કર્મચારી અમરસિંહ ઠાકોર બદામડી બાગ ખાતે ગાડીમાં હાજરી ભરવા માટે આવ્યા હતા. ત્યારે ચીફ ફાયર ઓફિસર પાર્થ ગુરુચરણ બ્રહ્મભટ્ટ નશામાં ધૂત હતા. તેણે તેમની સાથે ફુડ પેકેટ મુદ્દે બોલાચાલી ઝઘડો કર્યો હતો ત્યારબાદ ઉશ્કેરાઈને તેમને માર મારવામાં આવ્યો હતો. પરંતુ સિનિયર અધિકારીઓ કર્મચારીઓએ તેમની સામે જવાબ આપ્યો ન હતો. જેથી વધારે પાવરમાં આવેલા પાર્થ બ્રહ્મભટ્ટે અમરસિંહ પર બોટલથી હુમલો કર્યો હતો. પરંતુ તેમને વાગી ન હતી. પરંતુ ત્યારબાદ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ઈજાગ્રસ્ત કર્મચારીને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. કર્મચારીએ પાર્થ બ્રહ્મભટ્ટ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં મ્યુનિસિપસ કમિશનર દિલીપ રાણાએ નશામાં ધૂત થઈને એક અધિકારીએ એક ગુંડાની જેમ મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેથી દિલીપ રાણા દ્વારા ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી કરાવતા જેમાં ખરેખર ઘટનાના મૂળ સુધી ગયા હતા. જયાં મ્યુનિસિપલ કમિશનર અધિકારી તથા કર્મચારી વિરુદ્ધ કડક વલણ અપનાવીને અન્ય કોઇ કર્મચારી આવું કરતા સો વાર વિચાર કરે તથા અધિકારીઓમાં એક દાખલો બેસે તેના માટે ચીફ ફાયર ઓફિસર પાર્થ બ્રહ્મભટ્ટ સહિત કર્મચારી અમરસિંહ ઠાકોર તથા અમિત રાવને સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. જેમાં જીઆઈડીસીના સ્ટેશન ફાયર ઓફિસર નિકુંજ આઝાદને ચીફ ફાયર ઓફિસરનો વધારાનો ચાર્જ સોંપાયો છે.

# વાપી જીઆઈડીસીમાં ગેસ લીકેજ અંગે મોકડ્રીલ યોજાઈ

વાપી, તા.૧



વલસાડ જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં બનતી દુર્ઘટનાઓના કારણે ઊભી થતી ઈમરજન્સીને પહોંચી વળવા જિલ્લા વહીવટી તંત્ર અને વલસાડ નાયબ નિયામક- ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય તથા ડિસ્ટ્રિક્ટ ક્રાઈસીસ ગ્રુપ, NDRF દ્વારા વાપી GIDC 2nd ફેઈઝમાં આવેલ બાયર વાપી પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ઓફસાઈટ મોકડ્રીલ યોજવામાં આવી જેમાં કેમિકલ પ્લાન્ટમાંથી ગેસ લીકેજની દુર્ઘટના સમયે કેવી રીતે બચાવ કામગીરી થઈ શકે અને કેમિકલને આજુબાજુના વિસ્તારમાં વધુ પ્રસરતા કેવી રીતે અટકાવી શકાય તેનો વાસ્તવિક સિનારીઓ ઊભો કરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ અંગે બાયર વાપી પ્રાઈવેટ લિમિટેડ કંપનીના શૈલેન્દ્ર વિસપુતે સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે, આ મોકડ્રીલ કારખાનાઓમાં ઊભી થતી ઈમરજન્સીને પહોંચી વળવા માટે કારખાનાઓ અને જિલ્લા વહીવટી તંત્ર સાથે મળીને તેમજ ઉપલબ્ધ સુવિધાઓનો ઉપયોગ કરીને ઈમરજન્સી સ્થિતિ પર કેવી રીતે કાબૂ મેળવવો તેના અભ્યાસના ભાગરૂપે કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ મોકડ્રીલમાં દુર્ઘટના વખતે મદદરૂપ થતા સરકારી વિભાગોની ટીમ બનાવવામાં આવી હતી અને મોકડ્રીલ કરવામાં આવી હતી. આ મોકડ્રીલમાં જિલ્લા વહીવટી તંત્રના ડિઝાસ્ટર મામલતદાર, વાપી રૂરલ અને સિટી મામલતદાર, વાપી જીઆઈડીસી પી,આઈ ડિસ્ટ્રિક્ટ ક્રાઈસીસ ગૃપના મેમ્બર સેક્રેટરી તથા નાયબ નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાથ્ય એમ.સી. ગોહિલ, વી.આઈ.એ.ના હોદ્દેદારો અને અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પાલેજ પંથકમાં તસ્કર ટોળકીના ત્રાસથી ઉજાગરા કરતા ગ્રામજનો : પોલીસ પેટ્રોલિંગની માંગ

પાલેજ, તા.૧

આસપાસના ભરૂચ, કરજણ, આમોદ તાલુકાના ગામોમાં રાત્રિ દરમ્યાન ગ્રામ્ય જનતા ચોર ટોળકીના વાવડ જાણી છેવાડા વિસ્તારોમાં રહેતાં મજુરિયાત ખેત મજુર લોકો ગામે ગામ ઉજાગરા કરી રહ્યાં છે.ગત રાત્રિનાં આમોદ તાલુકાના ઈખર ગામે મોટી સંખ્યામાં લોકો ગામ પાદરે એકત્રિત થઈ ગયાં હતા. ઈખર પંથકના ગામોમાં ચોરોનાં વાવડથી ભયભીત લોકો રાત્રે ઉઘતા પણ નથી. વાતરસા ગામે અને તેની આસપાસના ગામોમાં લોકો રાત્રે ચોર ટોળકીનાં ભયથી રાત્રે જાગરણ કરે છે. બીજી તરફ રાત્રે નોકરી પરથી ઘરે આવતાં અને જતાં યુવાનોમાં મોટર સાયકલ ઉપર સૂમસામ માર્ગો પરથી પસાર થવામાં ભયની લાગણી ફેલાય છે. પોલીસ નહેરોના માર્ગે પેટ્રોલિંગ કરવા લોક માંગ ઉઠી છે. ચોર ટોળકી સક્રિય હોવા સંબધે સત્ય હકીકત શું છે ? એ જાણવા મળતી નથી.અફવાઓ છેકે કોઈ પર પ્રાંતીય ટોળકી વાહનોમાં આવે છે ? મધ્ય પ્રદેશની ગેંગ છે ? સત્ય હકીકત પોલીસ તંત્ર દ્વારા જાણવા ગામે ગામ નીકળવાની જરૂર છે. આગામી દિવસો માં નવરાત્રિનો તહેવાર શરૂ થાય છે.પોલીસ તંત્ર સક્રિય બની નવરાત્રિના તહેવાર દરમ્યાન રાત્રિમાં નીકળી આસપાસના ગામોનાં નહેરનાં માર્ગો જાહેર પાકા માર્ગો ઉપર સઘન પેટ્રોલિંગ કરવા માંગ ઉઠી રહી છે.પાલેજ નગર હાઈવે અને પશ્ચિમ રેલવે સાથે જોડાયેલું છે.પાલેજ નગર ત્રણ કિલોમીટરનાં ત્રિજયા વિસ્તારમાં ફેલાયેલું છે. અહીં નવી વસાહતો સહિત જહાંગીર પાર્ક સાલેહ પાર્ક સોસાયટી કિસનાડ રોડ ઉપરની છેવાડાની સોસાયટીઓ સીમલિયા રોડ પર ગ્રીન ગોલ્ડન પાર્ક સોસાયટી આવેલી છે. હાઈવે જી આઈ ડી સી વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ કરવા લોક માંગ ઉઠી રહી છે.

# મહુવાના બોરડી ગામના વાડી વિસ્તારમાંથી સિંહનો મૃતદેહ મળ્યો : ખેડૂતની અટકાયત

ભાવનગર, તા.૧

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના બોરડી ગામની વાડી વિસ્તારમાં સિંહનો મૃતદેહ મળતા ફોરેસ્ટ વિભાગ ઘટના સ્થળે દોડી જઇ તપાસનો ધમધમાટ ચાલુ કર્યો હતો. મળતી વિગતો મુજબ સિંહનું ઈલેક્ટ્રીક શોર્ટથી મોત થયાનું સામે આવતા વન વિભાગનો મોટો કાફલો દોડતો થયો હતો. ફોરેસ્ટ વિભાગ પાસેથી જાણવા મળેલ વિગતો મુજબ બોરડી ગામે ખેડૂત કલ્પેશ નનાભાઈ નકુમ (ઉ.વ.૩૦) એ પ્રોટેકશન તારની વાડમાં વીજ પ્રવાહ વહેતો કર્યો હતો. આથી વીજ કરંટ લાગતા સિંહનું મોત થયાનુ જાણવા મળતા કલ્પેશ નકુમની ફોરેસ્ટ વિભાગે અટકાયત કરી તપાસ હાથ ધરી છે. સિંહના મૃતદેહને પી એમ અર્થ ખસેડાયેલ છે. સમગ્ર મામલે ફોરેસ્ટ વિભાગે તપાસ શરૂ કરી સિંહોના વધતા જતા મોત મામલે વનવિભાગના અધિકારીઓ, કર્મચારીઓની કામગીરી સામે સવાલ ઉઠયા છે.

# ભાવનગર : તળાજી નદીમાંથી પસાર થતી વેળા પરિવારના ચાર તણાયા : ત્રણનો બચાવ

## વૃદ્ધા લાપતા બનતાં શોધખોળ જારી

ભાવનગર, તા.૧

ભાવનગર શહેર અને જિલ્લામાં છેલ્લા સપ્તાહમાં પડેલા ભારે કહી શકાય તેવા વરસાદના પગલે નદી નાળા છલકાયા છે અને નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાય છે. ત્યારે ગઈકાલે રાત્રે તળાજી નદી માંથી પસાર થવા જતા છોટા ઉદેપુરના શ્રમિકનો પરિવાર પાણીના પ્રવાહમાં તણાયો હતો. જોકે, સ્થાનિકોએ ચાર પૈકી ત્રણ વ્યક્તિઓને બચાવી લીધા હતા. જયારે આ પરિવારના મહિલાની આજે ૧૨ કલાકના અંતે પણ કોઈ ભાળ મળી નથી હાલ તંત્ર અને સ્થાનિક લોકો દ્વારા શોધખોળ ચાલી રહી છે. સમગ્ર બનાવવા અંગે ઉપલબ્ધ વિગતો મુજબ છોટા ઉદેપુરનો શ્રમિક પરિવાર તળાજા તાલુકાના સાંગાણા ગામે વાડીમાં ભાગ્યું રાખી મહેનત મજૂરી કરી છે. ગત રાત્રિના લગભગ ૯ વાગ્યાના સુમારે આ પરિવાર ચાલીને નવી કામરોલ ગામે જઈ રહ્યો હતો ત્યારે તળાજી નદી પાર કરતી વખતે પાણીનો પ્રવાહ ખૂબ જ વધુ હોવાથી પરિવારના ચારે સભ્ય તણાવવા લાગ્યા હતા. આથી સ્થાનિકોએ ૩ સભ્યોને પાણીમાંથી બહાર કાઢી લીધા હતા પરંતુ આ પરિવારના મોભી વૃદ્ધ મહિલા કુસુમબેન ગિરીશભાઈ નાઈ (ઉ.વ.૬૦) ને બચાવવામાં સફળ થયા ન હતા અને તેઓ પાણીના વહેણ સાથે તણાઈ ગયા હતા આથી રાત્રે સ્થાનિકો અને તંત્ર દ્વારા શોધખોળ કરવામાં આવી હતી પરંતુ અંધકારની હિસાબે રેસ્ક્યું થયું નહિ સવારથી ફરી રેસ્ક્યું હાથ ધરવામાં આવ્યું હતું.

# રાજપરા ગામ નજીક રિક્ષા પલટી ખાતાં યુવકનું મોત

ભાવનગર, તા.૧

રાજપરા ગામ નજીક પીયાગો રિક્ષા પલટી ખાઇ જતાં યુવાનને ઈજા થયેલ ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં ફરજ પરના તબીબે યુવકને તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. બનાવની વિગતો મુજબ હેમભાઇ ગઢવી નામના યુવક પિયાગો રિક્ષા લઇને રાજપરા ગામ પાસેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે અચાનક રિક્ષા પલટી ખાઇ ગઇ હતી. તેના કારણે હેમને ગંભીર પ્રકારની ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ જયાં સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, વરસાદના કારણે રોડ પર ઠેર ઠેર ખાડાઓ પડી ગયા હોય અકસ્માતના બનાવો પણ વધ્યા છે. ત્યારે હાઈવે પડેલા ખાડાઓ સત્વરે રીપેર કરવા લોક માગ ઉતાવ પામી છે.

# ધોળકામાં હલીમા ગર્લ્સ સ્કૂલ અને વિઝડમ ઈંગ્લીશ સ્કૂલ દ્વારા ગાંધી જયંતી નિમિત્તે રેલી કાઢવામાં આવી



ધોળકા મૂકામે આવેલ હલીમાં ગર્લ્સ સ્કૂલ તેમજ વિઝડમ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૫મી વર્ષગાંઠ નિમિત્તે તેમની યાદમાં એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૧૫૫ વિદ્યાર્થીઓએ ગાંધીજીની વેશભુષા ધારણ કરી ભાગ લીધેલ, સદર કાર્યક્રમને સફળ બનાવવામાં બંને સ્કૂલના શિક્ષકો તેમજ પ્રિન્સિપાલ ખદીજા મેમએ ભારે જહેમત ઉઠાવી હતી. **(તસવીર : મોહમ્મદી કાંટાવાલા, ધોળકા)**

# ભાવનગરમાં ૮મી ઓક્ટોબર સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરાશે

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિન તા. ૦૨-૧૦-૨૦૨૪થી તા.૦૮-૧૦-૨૦૨૪ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરવાનું સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ છે. નશાબંધી સપ્તાહની ઉજવણી દરમિયાન વિવિધ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.જેમાં તા. ૦૨-૧૦-૨૦૨૪ નાં રોજ સમરસ કુમાર છાત્રાલય, એમ.કે.બી. યુનિવર્સિટી કેમ્પસ,વિશાલા પાર્કની બાજુમાં, વિદ્યાનગર ખાતે નશાબંધી સપ્તાહનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. જેમાં તા.૦૩-૧૦-૨૦૨૪ નાં રોજ ભક્તરાજ દાદા ખાચર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,ખાતે તા.૦૩-૧૦-૨૦૨૪ નાં રોજ આદર્શ સાયન્સ કોલેજ ત્રિકોણી ખોડિયાર, હડદડ ખાતે તા. ૦૪-૧૦-૨૦૨૪નાં રોજ સ્વામિનારાયણ માધ્યમિક ગુરૂકુળ, ઘાંઘળી રોડ તા.સિહોર ખાતે તા.૦૪-૧૦-૨૦૨૪નાં રોજ ઓ.એન.ગોધાણી હાઈસ્કુલ પાલીતાણા રોડ, ગારિયાધાર ખાતે તા.૦૫-૧૦-૨૦૨૪નાં રોજ ટી.બી.જૈન ગર્લ્સ હાઈસ્કુલ ઘોઘા ગેટ ખાતે તા. ૦૫-૧૦-૨૦૨૪ નાં રોજ રેનેશા સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી હાઈસ્કુલ, ઘોઘા સર્કલ, ખાતે તા.૦૬-૧૦-૨૦૨૪ નાં રોજ સદભાવ યુવા સંગઠન મામલતદાર કચેરી પાસે, ઘોઘા, ખાતે તા.૦૬-૧૦-૨૦૨૪ નાં રોજ પેનીલા કેમ લી. બ્લોક નં-૬૮ મામસા ખાતે,તા.૦૭-૧૦-૨૦૨૪ નાં ધનેશ મહેતા હાઈસ્કૂલ, ક્રેસન્ટ સર્કલ, ખાતે તા.૦૭-૧૦-૨૦૨૪ નાં રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સરકારી બી.એડ.કોલેજ,સીદસર ખાતે તા. ૦૮-૧૦-૨૦૨૪ નાં રોજ સહજાનંદ ગુરૂકુળ, અકવાડા ખાતે નાશાબંધી સપ્તાહની ઉજવણી કરાશે.

# ગળતેશ્વરના સાંગોલમાં ભરવાડના બે જૂથો વચ્ચે મારામારી થઈ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧

ગળતેશ્વર તાલુકાના સાંગોલમાં સિમેન્ટ ખાલી કરવા માટે તમારી ગાડીઓ કેમ મોકલતા નથી તેવું પૂછનાર કુટુંબી ભાઈ પર ભરવાડોએ હુમલો કરી ત્રણને ઈજા કરતા આ બાબતે આઠ વ્યક્તિઓ સામે સેવાલિયા પોલીસમાં ફરિયાદ થઈ છે. આ અંગે મળતી માહિતી મુજબ ગળતેશ્વર તાલુકાના સાંગોલમાં રહેતા સુરાજી ગગાજી ભરવાડ મેન્ટ ભરી જતી ગાડીઓ ખાલી થઈ પરત આવતી હોય તે ગાડીઓમાં વધી રહેલ સિમેન્ટ કાઢવાનું કામ કાજ કરે છે. ગઈ તા.૨૮/૦૯/૨૦૨૪ ના રોજ તેવો ઘરે હાજર હતો તે વખતે સાંજના તેમના નાના ભાઈ ભવાન ગગજીભાઈ ભરવાડ, ભીમા ગગજીભાઈ ભરવાડ તથા કુટુંબી ભાઈ જેસિંગ

**આઠ વ્યક્તિઓ સામે ફરિયાદ**

મેલાભાઈ ભરવાડ અલ્ટ્રાટેક કંપની આગળ ઉભા હતા તે વખતે દેવસી કરશનભાઈ ભરવાડ ત્યાં હાજર હોય તેઓને તમારી ગાડીઓ કેમ મોકલતા નથી તેવું જણાવતા દેવસીએ ગાળ બોલતા બોલાચાલી થઈ હતી જયારે તેના પિતા કરશનભાઈ આવી જતાં સમાધાન થયું હતું. ત્યારબાદ દેવશી કરશનભાઈ ભરવાડ તથા તેના પિતા કરશન પોપટભાઈ ભરવાડ વિરમ ઉર્ફે ગણેશ જહાભાઈ ભરવાડ દેવશી જહાભાઈ ભરવાડ તેમના ઘરે આવેલા તે વખતે દેવશી કરશનભાઈ ભરવાડએ તેના ઘર આગળ ઉભો રહી ભવાનભાઈ તથા ભીમાભાઇ તથા કુટુંબી ભાઈ જેસિંગ મેલાભાઈ ભરવાડને કહેતો હતો કે મારે મારી ગાડીઓ જયાં મોકલવી હોય ત્યાં મોકલીશ તેમ કહી ગમેતેમ ગાળો બોલવા લાગ્યા હતા જેથી બંને જૂથો વચ્ચે બોલાચાલી બાદ મારા મારી થઈ હતી આ ઝઘડામાં દેવશી કરશનભાઈ ભરવાડ તથા વિરમ ઉર્ફે ગણેશભાઈ જહાભાઈ ભરવાડ તથા દેવશી જહાભાઈ ભરવાડ તથા જહા કરમણભાઈ ભરવાડ તથા રેઘુ કરમણભાઈ ભરવાડ તથા મહેશ રઘુભાઈ ભરવાડ તથા વિજય જહાભાઈ ભરવાડ તેમના ઘરમાંથી ખોરીવાળી લાકડીઓ લઈ આવી મારામારી કરી હતી જેમાં ત્રણ વ્યક્તિઓને ઈજા થઈ હતી આ બનાવ અંગે સેવાલિયા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે સુરાજી ભરવાડની ફરિયાદના આધારે આઠ લોકો સામે ગુનો દાખલ કર્યો છે

# વડોદરા શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ : આરોપીને ફાંસીની સજાની માંગ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકામાં તોરણી ગામની પ્રાથમિક શાળાની ધોરણ ૧ની માસુમ બાળકીની કારમાં હત્યા કરનાર આચાર્ય સામે ફિટકાર વરસી રહ્યો છે. વડોદરા શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે સાંજે આ બાળકીના પરિવારને ન્યાય અપાવવા ન્યાય માર્ચ અને કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૬:૪૫ કલાકે જૂના ન્યાય મંદિર પાસે, ભગતસિંહની પ્રતિમા નજીકથી આ કેન્ડલ માર્ચ શરૂ થઈ હતી. જેમાં વડોદરા શહેર અને જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા . આ કેન્ડલ માર્ચ ગાંધીનગર ગૃહ પહોંચ્યા બાદ ત્યાં ધરણા કરી વિરોધ પ્રદર્શન. કરવામાં આવ્યું હતું. કેન્ડલ માર્ચ બાદ આવતીકાલે આવેદનપત્ર સુપ્રત કરવામાં આવશે. વડોદરા શહેર કોંગ્રેસના પ્રમુખ ઋત્વિજ જોશી અને વડોદરા કોર્પોરેશનમાં વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવએ જણાવ્યું હતું કે દાહોદમાં છ વર્ષની દીકરી ઉપર ભાજપ સાથે સંકળાયેલા તેમજ આરએસએસના પ્રચારક અને શાળાના આચાર્ય ગોવિંદ નટ દ્વારા કારમાં બાળકી પર બળાત્કાર કરવાની કોશિશ કરી હતી. બાળકી રડવા લાગતા તેનું ગળું દબાવી હત્યા કરી નાખી હતી. આચાર્યને ફાંસીની સજા થાય અને પીડિત પરિવારને ન્યાય મળે તે માટે આ કેન્ડલ માર્ચ યોજવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા આરોપીને ફાંસી આપવામાં આવે તેવી માંગણી કરાઈ છે. આજે વિરોધ પ્રદર્શન બાદ આવતીકાલે કોંગ્રેસ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવશે.

# ભરૂચમાં ચેક-રિટર્ન કેસમાં આરોપીને ત્રણ મહિનાની કેદની સજા ફટકારતી કોર્ટ

ભરૂચ, તા.૧

ભરૂચ ખાતે ચેક-બાઉન્સના કેસમાં આરોપીને સજા કરી તથા ચેકની રકમનું વળતર ચૂકવવા ભરૂચની કોર્ટે આદેશ આપ્યો છે. આ કેસની હકીકત મુજબ, ભરૂચના રહીશ અને કેસના ફરિયાદી મુનીરઅહેમદ ગનીમોહંમદ મનીયાર (ચુનીવાલા)એ વર્ષ-૨૦૧૬માં આરોપી સલીમભાઈ હાજી રફીકભાઈ મેમણ કે જેઓએ ભરૂચમાં નર્મદા-નદીના કિનારે ફૂરજા રોડ પાસે એક એપાર્ટમેન્ટ બનાવવાની યોજના ઘડેલ, તે સદર એપાર્ટમેન્ટમાં બે ફ્લેટ બુક કરાવેલ અને તેના એડવાન્સ બુકિંગ પેટે ફરિયાદીએ આરોપીને રૂા.૫,૦૦,૦૦૦/-ચૂકવેલા. વર્ષ-૨૦૧૯ સુધી પણ આ એપાર્ટમેન્ટનું કામ શરૂ ન થતા, ફરિયાદીએ આરોપી પાસે પોતાની એડવાન્સ પેટે આપેલી રકમ રૂા.૫,૦૦,૦૦૦/-પરત કરવાની માંગણી કરેલ અને જેને અનુસંધાને આરોપીએ ફરિયાદીને સદર રકમ પૈકી રૂા.૩,૭૫,૦૦૦/-નો ચેક આપેલ અને તે ચેક ક્લીઅર થઈ જશે તેઓ ભરોશો આપેલ અને બાકીના રૂપિયા પછીથી આપી દેવાનો વાયદો કરેલ, પરંતુ સદર તે રૂા.૩,૭૫,૦૦૦/-નો ચેક ફરિયાદીએ બેન્કમાં નાખતા ચેકના નાણાંની ચૂકવણી કર્યા વગર ચેક રિટર્ન મેમો સાથે પરત ફરેલ. જેથી ફરિયાદીએ એન.આઈ. એક્ટની જોગવાઈ અનુસાર આરોપીને નોટિસ પાઠવી હોવા છતાં આરોપી પરત આપવાની રકમ ન ચૂકવતા ફરિયાદીએ ભરૂચના એડી.ચીફની કોર્ટમાં એન.આઈ.એક્ટની કલમ-૧૩૮ મુજબનો કેસ દાખલ કરેલ. સદર કેસ ભરૂચની કોર્ટ સમક્ષ ચાલી જતા બંને પક્ષના વકીલોએ પોત-પોતાની દલીલો કરી હતી, તે પૈકી ફરિયાદી તરફના વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી ભરૂચની કોર્ટે પોતાના તા. : ૨૧/૦૯/૨૦૨૪ના ચુકાદાથી આ કેસના આરોપી સલીમભાઈ હાજી રફીકભાઈ મેમણને દોષી ઠેરવી ત્રણ મહિનાની સાદી કેદની સજા ભોગવવાનો તથા ચેકની રકમ રૂા.૩,૭૫,૦૦૦/-વળતર તરીકે ચૂકવવાનો તથા આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે.

### ગાંધી જન્મજયંતી નિમિત્તે

# આજે ભાવનગરમાં કોંગ્રેસ દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે

ભાવનગર, તા.૧

ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તા.૨/૧૦/૨૦૨૪ બુધવારના રોજ સવારે ૧૦ કલાકે ભાવનગર શહેરના ક્રેસંટ ચોક બગીચામાં આવેલ બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના તમામ આગેવાનો, યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ, એન.એસ.યુ.આઇ., તેમજ ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના જુદા-જુદા તમામ સેલના આગેવાનો, કાર્યકરો આ કાર્યક્રમમાં સમયસર ખાસ હાજરી આપે તેમ ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેષભાઇ વ્યાસ અને ભાવ મહા. પાલિકાના વિરોધપક્ષના નેતા ભરતભાઇ બુધેલીયાએ અનુરોધ કર્યો છે.

# જૂનાગઢ : ટોઈલેટમાંથી યુવાનનો કોહવાયેલો મૃતદેહ મળ્યો

જૂનાગઢ, તા.૧

જૂનાગઢમાં એક યુવાનનો મૃતદેહ તેના મકાનના ટોઈલેટમાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

જૂનાગઢના જોષીપરા વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય સમર્થસિંહ પ્રતાપસિંહ ચૌહાણનો કોહવાયેલો મૃતદેહ તેના ટોઈલેટમાંથી મળી આવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહની દુર્ગંધ આવતાં પાડોશીએ જાણ કરતા બી ડિવિઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને યુવકના મૃતદેહનો પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં યુવકનું બે દિવસ અગાઉ ટોઈલેટમાં પડી જવાથી મૃત્યુ થયું હોવાનું જણાયું હતું. મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ મેળવવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કતકપરા ગામ નજીક ખાણમાં યુવાનનું ડૂબી જવાથી મોત

જૂનાગઢ, તા.૧

માણાવદરના કતકપરા ગામેથી આગળ બોડકા જતા રોડ નજીક આવેલ ભરડીયાની ખાણમાં ન્હાવા પડેલ યુવાનનું ડૂબી જતાં મોત નિપજયાનું માણાવદર પોલીસ મથકે નોંધાયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર માણાવદર થાણે વિજાણંદ મેઘચાભાઈ રાઠોડે જાહેર કરેલ કે પોતાનો પુત્ર સંજય વિજાણંદભાઈ રાઠોડ (ઉ.વ.૧૯) કાકરીના ભરડીયાની ખાણમાં ન્હાવા ગયો હતો. જયાં ડૂબી જતાં મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈઝરાયેલના હુમલામાં લેબેનોનમાં પરિવાર સાથે હમાસના નેતાની હત્યા; બૈરૂતમાં વધુ ૩ પેલેસ્ટીની નેતાઓ મૃત્યુ પામ્યા

(એજન્સી) તા.૧

પેલેસ્ટીની આતંકવાદી સમૂહ હમાસે જણાવ્યું કે સમૂહ કે તેના નેતા સોમવારે લેબેનીઝ શહેર ટાયરમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં મૃત્યુ પામ્યા, અને અન્ય પેલેસ્ટીની સંગઠને જણાવ્યું કે તેના ત્રણ નેતાઓ મધ્ય બૈરૂતમાં એક હુમલામાં મૃત્યુ પામ્યા હતા - આ માત્ર રાજધાનીની બહાર છે અંદર આવો પહેલો હુમલો. લેબેનોનમાં આતંકવાદી લક્ષ્યો પર ઈઝરાયેલી હુમલાઓની બે અઠવાડિયાની શ્રેણીમાં આ હત્યાઓ નવીનતમ છે. આ સંઘર્ષ હવે ગાઝા અને વેસ્ટ બેંકમાં પેલેસ્ટીની પ્રદેશોથી યમન અને ઈઝરાયેલ સુધી ફેલાયો છે. હમાસે જણાવ્યું કે લેબેનોનમાં તેના નેતા, ફતાહ શેરીફ અબુ અલ-અમીન, સોમવારે વહેલી સવારે દક્ષિણ લેબેનીઝ શહેર ટાયરમાં શરણાર્થી શિબિરમાં તેમના ઘરને નિશાન બનાવતા હુમલામાં તેમની પત્ની, પુત્ર અને પુત્રી સાથે મૃત્યુ પામ્યા હતા. અન્ય સમૂહ, પોપ્યુલર ફ્રન્ટ ફોર ધ લિબરેશન ઓફ પેલેસ્ટીન (PFLP) એ જણાવ્યું કે બૈરૂતના કોલા જિલ્લાને નિશાન બનાવતા હુમલામાં તેના ત્રણ નેતાઓ મૃત્યુ પામ્યા હતા. ગયા અઠવાડિયે ભારે હવાઈ હુમલામાં વરિષ્ઠ હિઝબુલ્લાહ નેતા હસન નસરુલ્લાહ મૃત્યુ પામ્યા પછી ઈઝરાયેલે શહેરના દક્ષિણ ઉપનગરોની બહાર બૈરૂત પર હુમલો કર્યો તે પ્રથમ વખત હતો. રોઈટર્સના સાક્ષીઓએ અહેવાલ આપ્યો છે કે PFLP સામે હુમલો



એપાર્ટમેન્ટ બિલ્ડિંગના ઉપરના માળે થયો હતો. આ અંગે ઈઝરાયેલી સેના તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. તાજેતરના હુમલા સૂચવે છે કે નસરુલ્લાહને નાબૂદ કર્યા પછી પણ ઈઝરાયેલનો બહુવિધ મોરચે તેના આક્રમણને ધીમું કરવાનો કોઈ ઈરાદો નથી, જેઓ આ ક્ષેત્રમાં ઈઝરાયેલ અને યુએસ પ્રભાવ સામે 'પ્રતિકારની ધરી' માં ઈરાનની સૌથી અગ્રણી વ્યક્તિ છે. લેબેનોનના આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે છેલ્લા બે અઠવાડિયામાં ૧,૦૦૦થી વધુ લેબેનીઝ મૃત્યુ પામ્યાછે અને ૬,૦૦૦ ઘાયલ થયા છે, પરંતુ તે જણાવ્યું નથી કે કેટલા નાગરિકો હતા. સરકાર કહે છે કે ૧૦ લાખ લોકો - વસ્તીનો પાંચમો ભાગ-તેમના ઘર છોડીને ભાગી ગયા છે. તણાવને કારણે બૈરૂતમાં અશાંતિ સર્જાઈ છે, લેબેનીઝને ભય છે કે ઈઝરાયેલ તેના લશ્કરી અભિયાનને વિસ્તૃત કરશે. બેરૂતના રહેવાસી નાવેલે જણાવ્યું. 'મારી સાથે જે થાય છે તે જ કોઈની સાથે પણ થઈ શકે છે.' ઈઝરાયેલના કટ્ટર દુશ્મન ઈરાન સમર્થિત હિઝબુલ્લાહના ઘણા ટોચના અધિકારીઓ ઈઝરાયેલના બોમ્બ વિસ્ફોટમાં મૃત્યુ પામ્યા છે. રવિવારે, ઈઝરાયેલે લેબેનોનમાં ડઝનેક હિઝબુલ્લાહ લક્ષ્યો અને યમનમાં ઈરાન સમર્થિત હુથી મિલિશિયા સામે હવાઈ હુમલા કર્યા હતા આરોગ્ય મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, રવિવારે લેબેનોનમાં મૃત્યુઆંક વધીને ૧૦૫ થયો છે.

# તુર્કી દ્વારા સખત ટીકા, ઈઝરાયેલની લશ્કરી કુમકો લેબેનોનમાં પ્રવેશી જતા હજારો લોકોની સામૂહિક હિજરત : તાકીદની સહાય માટે યુનોની અપીલ

(એજન્સી) બૈરૂત, તા.૧

ઈઝરાયેલના લશ્કરી દળોએ લેબેનોનમાં ઘૂસીને ભૂમિ આક્રમણ શરૂ કરી દેતા તુર્કી દ્વારા ઈઝરાયેલના લશ્કરી પગલાની સખત રીતે નિંદા કરવામાં આવી છે અને યુનોએ સંઘર્ષ વધી જતા હિજરત થઈ રહી હોવાથી ૪૦ કરોડ ડોલરની તાકીદની સહાય માંગી છે. ઈરાન સમર્થિત પ્રતિકાર હિઝબુલ્લાહ જૂથના નાયબ નેતા નઈમે ઈઝરાયેલ સામે લાંબુ યુદ્ધ લડી લેવાની પ્રતિજ્ઞા કરી હતી અને નસરૂલ્લાહનાં મોત બાદ સંગઠન સમક્ષ કરેલા પહેલા આગ ઝરતા ભાષણમાં નઈમ કાસમે જણાવ્યું હતું કે અમારા સંગઠનના લડાયક જવાનો લેબેનોનનું રક્ષણ કરવા માટે



## ઈઝરાયેલના લેબેનોન પરના ભૂમિ આક્રમણને સખત રીતે વખોડી કાઢતું તુર્કી, યુનોએ માંગી તાકીદના ધોરણે ૪૦ કરોડ ડોલરની સહાય, ઈઝરાયેલી આક્રમણને કારણે સંઘર્ષ વધી જતા સામૂહિક હિજરત શરૂ

તૈયાર છે અને તેમણે ચેતવણી આપી હતી કે જો ઈઝરાયેલ ભૂમિ આક્રમણ કરશે તો અમે વળતી લડત આપવા માટે તૈયાર છીએ. બળવાખોર જૂથ તરફથી ઉત્તર ઈઝરાયેલમાં અનેક મિસાઈલ છોડવામાં આવી હતી, જેના કારણે લગભગ દસ લાખ ઈઝરાયેલીઓને ભૂગર્ભમાં બંકરોમાં આશરો લેવાની ફરજ પડી છે. દરમિયાન ઈઝરાયેલના લશ્કરે શહેરી વિસ્તારો ખાલી કરીને જતા રહેવા માટે ૨૦ જેટલા શહેરો અને ગામોના નાગરિકોને ફરમાન કર્યું છે. યુનોના શાંતિ રક્ષક મિશનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે મર્યાદિત જમીની યુદ્ધ શરૂ કરવામાં આવ્યું છે એવી ઈઝરાયેલ દ્વારા યુનોને માહિતી આપવામાં આવી છે. યુનો શાંતિરક્ષક મિશને આ પ્રદેશમાં યુદ્ધ વધુ વકરે નહીં અને શાંતિની પુનઃસ્થાપના થાય એ માટે તમામ રીત ધારક પક્ષોને અનુરોધ કર્યો હતો. એ દરમિયાન ઈઝરાયેલના જમીની આક્રમણની કાર્યવાહીને તુર્કીએ સખત રીતે વખોડી કાઢી છે અને આ કાર્યવાહીને ગેરકાયદે ગણાવી છે અને ઈઝરાયેલના દળો તાત્કાલિક પાછા ખેંચી લેવાની માગણી કરી છે. તુર્કીના વિદેશ મંત્રાલય દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે હુમલાને કારણે ફરીથી હજારો લોકોને હિજરત કરવાની ફરજ પડશે. ઈરાન સમર્થિત મિલિટન્ટ જૂથ દ્વારા ઈઝરાયેલના પાટનગર તેલ અવીવ પાસે આવેલા મોસાદના વડા મથક ઉપર પણ મિસાઈલમારો કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલ દ્વારા સીરિયામાં પણ દમાસ્કસની આજુબાજુ કેટલાક વિસ્તારો પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા જેમાં કેટલીક જાનહાનિ થઈ હોવાનું જાહેર થયું છે. લેબેનોનના વડાપ્રધાન નજીબ મિકાતીએ જણાવ્યું હતું કે મારા દેશના ઈતિહાસનો સૌથી ખરાબ અને કપરો સમય છે અને સૌથી ભયજનક સમય કાળમાંથી મારો દેશ પસાર થઈ રહ્યો છે. ઈઝરાયેલ પણ વારંવાર કહી રહ્યું છે કે અમારી લડાઈ લેબેનોનના નાગરિકો સામે નથી પણ બળવાખોર ઈરાની જૂથ સામે છે. એટલે લોકો સલામત સ્થળે ચાલ્યા જાય અને ઓપરેશન પૂરૂં થયા પછી પોતાના વિસ્તારોમાં પાછા આવી શકે છે.

# ઈઝરાયેલી સૈનિકો લેબેનોનમાં જમીની હુમલા સાથે આગળ વધ્યા

(એજન્સી) તા.૧

ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જાહેરાત કરી કે તે લેબેનોનમાં આગળ વધ્યું છે અને તેનું આયોજિત જમીન આક્રમણ શરૂ કર્યું છે. ઈઝરાયેલની સૈન્યએ મંગળવારે સવારે જણાવ્યું કે તેના દળોએ દક્ષિણ લેબેનોનના ગામડાઓ પર "લક્ષિત ભૂમિ દરોડા" શરૂ કર્યા છે. નિવેદન મુજબ, આ હુમલાઓ, હવાઈ હુમલા અને આર્ટિલરી દ્વારા સમર્થિત, "થોડા કલાકો પહેલા" ઈઝરાયેલ સાથે "સરહદની નજીકના ગામોમાં" હિઝબુલ્લાહને નિશાન બનાવીને શરૂ કરવામાં આવ્યા હતા. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે હિઝબુલ્લાહ વિરૂદ્ધ દરોડા "મર્યાદિત, સ્થાનિક અને લક્ષ્યાંકિત" હતા. લેબેનોનની રાજધાની બૈરૂતમાં હવાઈ હુમલાના અવાજો સંભળાયા અને હિઝબુલ્લાહના ગઢ ગણાતા દક્ષિણી ઉપનગરોમાંથી ધુમાડો નીકળવા લાગ્યો. ઈઝરાયેલે ત્રણ ઈમારતોના રહેવાસીઓને સ્થળાંતર કરવાનો આદેશ આપ્યા બાદ આ ઘટના બની હતી. ભૂમિ આક્રમણ ઈઝરાયેલના રાજકીય નેતાઓ દ્વારા મંજૂર થયાના થોડા સમય પછી આવ્યું હતું અને તેના ઉત્તરી પાડોશી લેબનાનમાં હિઝબુલ્લાહ સામે ઈઝરાયેલના યુદ્ધમાં નવા તબક્કાને ચિહ્નિત કરે છે. ઈરાન સમર્થિત લેબેનીઝ સશસ્ત્ર સમુહે મંગળવારે એક નિવેદનમાં જણાવ્યું કે તેણે મેતુલામાં સરહદ પારથી ઈઝરાયેલી સૈનિકોને



આર્ટિલરી વડે નિશાન બનાવ્યા હતા. જો કે, તેણે લેબેનોનમાં ઈઝરાયલના ભૂમિ ઘૂસણખોરીનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. ઈઝરાયેલી સૈનિકો અને હિઝબુલ્લાહ લડાકુઓ વચ્ચે સીધી અથડામણના કોઈ અહેવાલો નથી, બંને વચ્ચે છેલ્લી જમીનની લડાઈ ૨૦૦૬માં એક મહિના સુધી ચાલેલા યુદ્ધ દરમિયાન થઈ હતી. ગયા ઓક્ટોબરમાં પેલેસ્ટીની સમુહ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પર યુદ્ધ શરૂ કર્યાના એક દિવસ પછી હિઝબુલ્લાએ ઉત્તર ઈઝરાયેલમાં લક્ષ્યો પર ઓછી-તીવ્રતાના હુમલાઓ શરૂ કર્યા હતા.

# નેતાન્યાહુએ ઈરાનને જણાવ્યું કે લેબેનોન પરના આક્રમણ વચ્ચે 'ઈઝરાયેલની પહોંચની બહાર મધ્ય પૂર્વમાં કોઈ સ્થાન નથી'

(એજન્સી) તા.૧

વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ સોમવારે ઈરાનીઓને ચેતવણી આપી કે ઈઝરાયેલની પહોંચની બહાર મધ્ય પૂર્વમાં કોઈ સ્થાન નથી, કારણ કે તેમના દળોએ લેબેનોનમાં ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ પર હુમલા શરૂ કર્યા છે. ઈઝરાયેલે હિઝબુલ્લાહના નેતા હસન નસરાલ્લાહ અને તેના કેટલાક ટોચના કમાન્ડરોને શિયા ચળવળને મોટો ફટકો આપતા ઈરાન સમર્થિત ચળવળના ટોચના અધિકારીઓને નિશાન બનાવતા શ્રેણીબદ્ધ હુમલાઓમાં મૃત્યુ પામ્યાછે. સપ્ટેમ્બરના મધ્યથી, લેબેનોનમાં ઈઝરાયેલના હુમલામાં ૧,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યાલછે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, તેમાંના લગભગ એક ક્વાર્ટર મહિલાઓ અને બાળકો છે, અને સરકાર કહે છે કે લડાઈથી દસ લાખ લોકો વિસ્થાપિત થઈ શકે છે. "દરરોજ, તેમની (ઈરાની)



કઠપૂતળીઓને ખતમ કરવામાં આવે છે. મોહમ્મદ બહેરાને પૂછો. નસરાલ્લાહને પૂછો. મધ્ય પૂર્વમાં એવી કોઈ જગ્યા નથી જ્યાં ઈઝરાયેલ ન હોય," નેતાન્યાહુએ અંગ્રેજીમાં જાહેર કરેલા એક વીડિયો નિવેદનમાં કહ્યું. તે હમાસની લશ્કરી શાખાના પ્રમુખ હતા, જેમને ઈઝરાયેલ કહે છે કે તેણે જુલાઈમાં ગાઝામાં થયેલા હુમલામાં મૃત્યુ પામ્યા હતા. હમાસે ડેઈફના મૃત્યુની પુષ્ટિ કરી નથી. નેતાન્યાહુએ ઈરાનના લોકોને ચેતવણી આપી કે તેમનું શાસન "અમારા ક્ષેત્રને અંધકાર અને યુદ્ધમાં વધુ ઊંડે ડૂબી રહ્યું છે." ઈઝરાયેલના વડાપ્રધાને જણાવ્યું કે, "દરેક પસાર થતી ક્ષણ સાથે, શાસન તમને-મહાન પર્સિયન લોકો- પાતાળની નજીક લઈ રહ્યું છે." તેમણે ઉમેર્યું કે "ધાર્મિક નેતાઓના નાના સમુહને તમારી આશાઓ અને સપનાઓને કચડી નાખવા દો નહીં." તેમણે ભવિષ્ય માટે પણ આશા વ્યક્ત કરી હતી "જ્યારે ઈરાન આખરે આઝાદ થશે" અને ઉમેર્યું કે તે "લોકો વિચારે છે તેના કરતાં ઘણું વહેલું આવશે. બધું અલગ હશે," નેતાન્યાહુએ જણાવ્યું કે "અમારા બે દેશ, ઈઝરાયેલ અને ઈરાન શાંતિથી જીવશે. ઈરાન પહેલા કરતા વધુ સમૃદ્ધ થશે."

# ઈરાનના પૂર્વ રાષ્ટ્રપતિનો દાવો : ઈરાની ગુપ્તચર સેવાના ટોચના અધિકારી ઈઝરાયેલના જાસૂસ

(એજન્સી) તા.૧

ઈઝરાયેલની જાસૂસી સંસ્થા મોસાદ વિશે તમે ઘણી વાતો સાંભળી હશે, પરંતુ ઈરાનના પૂર્વ રાષ્ટ્રપતિ મહમૂદ અહમદીનેજાદે એક આશ્ચર્યજનક વાર્તા કહી છે. તેણે ખુલાસો કર્યો છે કે મોસાદને ખતમ કરવા માટે રચાયેલી ટીમનો વડા ઈઝરાયેલનો એજન્ટ હોવાનું બહાર આવ્યું છે. ઈરાનના પૂર્વ રાષ્ટ્રપતિએ સોમવારે તુર્કિયેમાં સીએનએન નેટવર્કને આપેલા ઈન્ટરવ્યુમાં આશ્ચર્યજનક દાવો કર્યો હતો. મહમૂદ અહમદીનેજાદે જણાવ્યું હતું કે તેહરાને ઈઝરાયલના મોસાદ ઓપરેશનને વિક્ષેપિત કરવા માટે એક યુનિટની સ્થાપના કરી હતી અને તેણે પાછળથી શોધ્યું હતું કે



ટીમનું નેતૃત્વ કરનાર વ્યક્તિ મોસાદનો એજન્ટ હતો. ઈઝરાયેલ લેબેનોન અને ગાઝામાં ઈરાની પ્રોક્સીઓ પર કેટલાક અઠવાડિયાથી નિર્ભય હુમલાઓ કરી રહ્યું છે અને અત્યાર સુધીમાં તેણે હિઝબુલ્લાહ, હમાસ અને હૌથીઓને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. આ આતંકી સંગઠનોના મોટા ભાગના ટોચના નેતાઓ માર્યા ગયા છે. ખાસ કરીને હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહના મોત બાદ ઈઝરાયેલની જાસૂસી સંસ્થા મોસાદે ઈરાનમાંથી નસરાલ્લાહના ચોક્કસ ઠેકાણાની માહિતી મેળવી હોવાનું બહાર આવ્યું છે. એવું બહાર આવ્યું છે કે નસરાલ્લાહના ચોક્કસ સ્થાન વિશેની માહિતી ઈરાનના ટોચના અધિકારી દ્વારા ઈઝરાયેલને આપવામાં આવી હતી, જેનાથી વિશ્વને આશ્ચર્ય થયું છે કે ઈઝરાયેલની પહોંચ કેટલી હદે છે.

# ઈઝરાયેલ પર હુમલો કરવા માટે તેની ક્ષમતાઓનો માત્ર એક અંશ જ ઉપયોગ કરવામાં આવ્યો છે, હિઝબુલ્લાહના નાયબ નેતા નઈ કાસેમે ચેતવણી આપી

(એજન્સી) તા.૧

શપથ લેતાં, કાસિમે જણાવ્યું કે હિઝબુલ્લાહ ઈઝરાયેલ પર હુમલો કરવા માટે સમુહની ક્ષમતાના માત્ર એક અંશનો ઉપયોગ કરી રહ્યો છે. કાસિમે એમ પણ જણાવ્યું કે મૃત્યુ પામેલા કમાન્ડરોને ટૂંક સમયમાં બદલવામાં આવશે. "અમારા પદાનુક્રમમાં અમારી પાસે તમામ કમાન્ડરો માટે ડેપ્યુટીઓ છે. જો નેતા મૃત્યુ પામે અથવા ઘાયલ થાય તો અમારી પાસે અન્ય વિકલ્પો પણ છે. તેમણે એમ પણ જણાવ્યું કે હિઝબુલ્લાહના મહાસચિવની નિમણૂક ટૂંક સમયમાં કરવામાં આવશે. બેરૂત પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં નસરાલ્લાહના મૃત્યુ બાદ, તેના પિતરાઈ ભાઈ હાશેમ સફીદીનને હિઝબુલ્લાના વડા તરીકે નિયુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે. ત્યાં સુધી, કાસિમ સમુહનું નેતૃત્ત્વ કરવાનું ચાલુ રાખશે. હિઝબુલ્લાહ સમુહ સામે વધતા હુમલાઓ વચ્ચે, સંરક્ષણ મંત્રી યોવ ગેલન્ટે સંકેત આપ્યો છે કે ઈઝરાયેલ લેબેનોન પર જમીન પર હુમલો કરવા માંગે છે. ગેલન્ટે જણાવ્યું કે, "અમે અમારી તમામ ક્ષમતાઓનો ઉપયોગ કરીશું."

ગેલન્ટે જણાવ્યું કે ઉત્તરમાં ઈઝરાયેલીઓને



તેમના ઘરે પાછા ફરવું એ IDFનું પ્રાથમિક મિશન છે. "અમે તે જ કરીશું અને અમે જે જરૂરી હશે તે તૈનાત કરીશું-તમે, અન્ય દળો, હવાઈ માર્ગે, સમુદ્ર દ્વારા અને જમીન દ્વારા.

જેમ-જેમ ઈઝરાયેલ લેબેનોન પર તેના હવાઈ હુમલા ચાલુ રાખે છે તેમ ગાઝા પર પણ તેનો હુમલો ચાલુ રહે છે. લેબેનોનમાં અહેવાલ મુજબ ૧,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, ૬,૦૦૦થી વધુ ઘાયલ થયા અને ૧૦ લાખ લોકો તેમના ઘરોમાંથી વિસ્થાપિત થયા. તદુપરાંત, કાસિમે ઈઝરાયેલ પર "નરસંહાર અને નાગરિકો સામે અપરાધો" કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું કે પીડા હોવા છતાં, "દરેક વ્યક્તિએ જાણવું જોઈએ કે આપણે શહીદને પ્રેમ કરીએ છીએ."

કાસેમે ઈઝરાયેલમાં હિઝબુલ્લાહની પહોંચ અને હાઈફા જેવા સ્થળોને નિશાન બનાવવાની તેની ક્ષમતાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે જણાવ્યું કે, "અમે બધા મેદાનમાં છીએ, કેટલાક નેતાઓની ખોટ અને હસન નસરાલ્લાહના મુખ્ય ધ્યેય છતાં, અને લેબનાનમાં તમામ નાગરિકો સામે આક્રમક હુમલાઓ છતાં, બલિદાન અને ક્રિયાઓ હોવા છતાં. અમે પેલેસ્ટીન અને ગાઝાને સમર્થન આપીશું. અમને અને અમારા લેબનીઝ લોકોના રક્ષણ માટે અમે ઈઝરાયલી દુશ્મનનો સામનો કરવાનું ચાલુ રાખીશું. કાસિમે એમ પણ જણાવ્યું કે, "અમે પર્યાપ્ત મજબૂત છીએ, અને અમે ઈઝરાયેલીઓને પાગલ બનાવીશું કારણ કે તેઓ ક્યારેય અમારી લશ્કરી ક્ષમતાઓ સુધી પહોંચી શકશે નહીં, તેમના પર હુમલો કરી શકશે નહીં અથવા તેમને નુકસાન પહોંચાડી શકશે નહીં."

# ગાઝા, લેબેનોનમાં યુદ્ધ : ઓસ્ટ્રેલિયામાં હજારો લોકોએ ગાઝા અને લેબેનોનમાં યુદ્ધવિરામની માંગ અંગે રેલી કાઢી

(એજન્સી) તા.૩૦

ગાઝા અને લેબેનોનમાં અથડામણનો અંત લાવવા અને 'તાત્કાલિક' યુદ્ધવિરામની માંગ કરવા માટે રવિવારે હજારો ઓસ્ટ્રેલિયામાં રેલી કાઢી હતી. ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન અહેવાલ આપે છે કે તાજેતરના મહિનાઓમાં તાજેતરના વિરોધમાં સૌથી વધુ સંખ્યામાં લોકો ખેંચાયા છે. લેબેનોન પર એક અઠવાડિયા સુધી ચાલેલા સૈન્ય હુમલાને પગલે વિરોધ પ્રદર્શનો થયા છે જેમાં શુક્રવારે હિઝબુલ્લાહના નેતા હસન નસરલ્લાહની હત્યા કરવામાં આવી હતી. 'ગાઝા માટેના રાષ્ટ્રીય દિવસ'ના ભાગ રૂપે દેશભરના કેટલાક શહેરો અને નગરોમાં પેલેસ્ટીન તરફી સમૂહો દ્વારા રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે સિડની ટાઉન હોલની બહાર હજારો લોકો એકઠા થયા હતા, તેઓ લેબેનીઝ અને પેલેસ્ટીની ધ્વજ લહેરાવતા હતા અને બંને કબજાવાળ પેલેસ્ટીની પ્રદેશો અને લેબેનોનના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરતા હતા. કેટલાક લોકોએ નસરલ્લાહની તસવીરોવાળા પોસ્ટર હાથ ધર્યા હતા. ઓસ્ટ્રેલિયન પેલેસ્ટીન એડવોકેસી નેટવર્કના પ્રમુખ નાસેર મશાનીએ જણાવ્યું કે, 'અમે સમજી શકતા નથી કે શા માટે અમારા બાળકો, અમારી સ્ત્રીઓ, અમારા પુરૂષોને કોઈ ફરક પડતો નથી, શા માટે સરકાર અમારા વતી બોલતી નથી અને ઈઝરાયેલ પાસેથી આ માંગણી કરતી નથી.' આ સમૂહે દેશભરમાં વિરોધ પ્રદર્શનનું સંકલન કરવામાં મદદ કરી. તેમણે જણાવ્યું કે 'હવે રાજદ્વારી પગલાં લેવાનો સમય છે.' સમગ્ર ઑસ્ટ્રેલિયામાં મોટાભાગના વિરોધકર્તાઓએ



લેબેનીઝ અને પેલેસ્ટીની ધ્વજ વહન કર્યા હતા, પરંતુ હિઝબુલ્લાહનું પ્રતિનિધિત્વ કરતા ધ્વજ રેલીઓમાં પણ જોવા મળ્યા હતા, જેના કારણે કેટલાક ક્વાર્ટરમાં ટીકા થઈ હતી. પીળા ધ્વજમાં લીલો હાથ એસોલ્ટ રાઈફલ તરફ પહોંચતો દર્શાવવામાં આવ્યો છે. આ પગલાની ટીકા કરતા, ગૃહ બાબતોના શેડો મિનિસ્ટર જેમ્સ પેટરસને ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું કે સત્તાવાળાઓએ ધ્વજ પ્રદર્શિત કરનારાઓ પર કડક કાર્યવાહી કરવી જોઈએ. હમાસની સાથે ઓસ્ટ્રેલિયા, અમેરિકા, બ્રિટન અને યુરોપિયન યુનિયનની સરકારો દ્વારા પણ હિઝબુલ્લાહને આતંકવાદી સંગઠન માનવામાં આવે છે. પ્રતિબંધિત આતંકવાદી સંગઠનના પ્રતીકોનું જાહેર પ્રદર્શન દેશના ફોજદારી સંહિતા હેઠળ ગુનો છે, જે ૧૨ મહિના સુધીની જેલની સજાને પાત્ર છે.

# લેબેનોનમાં તબીબી સુવિધાઓને નિશાન બનાવતા ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૧ આરોગ્ય કર્મચારીઓનાં મોત

(એજન્સી) તા.૧

દક્ષિણ લેબેનોનના માર્જેયુન જિલ્લામાં તૈબેહ અને ડીર સેરાયન ગામોમાં આરોગ્ય સુવિધાઓને નિશાન બનાવતા ઈઝરાયેલી હવાઈ હુમલામાં શનિવારે ઓછામાં ઓછા ૧૧ તબીબી કર્મચારીઓ મૃત્યુ પામ્યા. એજન્સીએ જણાવ્યું કે ઈસ્લામિક હેલ્થ ઓથોરિટી દ્વારા સંચાલિત સુવિધાઓ પરના હુમલામાં ૧૦ અન્ય લોકો ઘાયલ થયા હતા. એક અલગ ઘટનામાં, લેબનીઝ સિવિલ ડિફેન્સે શુક્રવારે મોડી રાત્રે બૈરૂતના દક્ષિણી ઉપનગરોમાં ઈઝરાયેલના હવાઈ હુમલા દરમિયાન તેના એક સભ્યના મૃત્યુ અને અન્યના ગંભીર ઘાયલ થયાની જાણ કરી હતી. ઈઝરાયેલે સોમવાર સવારથી લેબેનોન પર હવાઈ હુમલા શરૂ કર્યા હતા, જેમાં ૭૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા અને લગભગ ૨,૨૦૦ ઘાયલ થયા હતા, લેબેનીઝ આરોગ્ય મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર. મંત્રાલયે એમ પણ જણાવ્યું કે ગયા ઓક્ટોબરથી લેબનાનમાં મૃત્યુઆંક ૧,૫૪૦ હતો, જેમાં દેશના દક્ષિણ અને પૂર્વીય ભાગોમાંથી ૭૭,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા હતા. શનિવારની શરૂઆતમાં એક નિવેદનમાં ઈઝરાયેલી સૈન્યએ દાવો કર્યો કે બૈરૂતના દક્ષિણી ઉપનગરોમાં રહેણાંક મકાનની નીચે સ્થિત હિઝબુલ્લાહના કેન્દ્રીય કમાન્ડને નિશાન બનાવતા ઓપરેશન દરમિયાન હિઝબુલ્લાના નેતા હસન નસરાલ્લાહ "મૃત્યુ પામ્યા" હતા. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના આક્રમણની શરૂઆતથી જ



હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ સીમા પાર યુદ્ધમાં વ્યસ્ત છે. ૭ ઓક્ટોબરે હમાસ દ્વારા સીમાપારથી થયેલા હુમલા બાદ લગભગ ૪૧,૬૦૦ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે લેબેનોન પર હુમલાઓ સામે ચેતવણી આપી છે કારણ કે તે ગાઝા સંઘર્ષને પ્રાદેશિક યુદ્ધમાં ફેરવવાનું જોખમ ધરાવે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# તિરૂપતિના લાડુમાં ભેળસેળના કાલ્પનિક કારણોસર યુપીની સરકારે નફરતની વાવણી કરી !!!

તિરૂપતિના લાડુ વિવાદમાં સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરતા રાજકીય નેતાઓને કહ્યું છે કે કમસે કમ ભગવાનને તો રાજકારણથી દૂર રાખો... આ લોકોની શ્રદ્ધાનો વિષય છે. સર્વોચ્ચ અદાલતે મુખ્યમંત્રી ચંદ્રબાબુની ટીકા કરતા કહ્યું કે તમે એક બંધારણીય હોદ્દા પર છો ત્યારે કમસે કમ તમારાથી તો એ અપેક્ષા રખાય છે દેવતાઓને તો રાજકારણથી દૂર રાખો... વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે આ કડક ટિપ્પણી એટલે કરી છે કે હજી સુધી એ જ સાબિત થયું નથી કે બાલાજી મંદિરના પ્રસાદ રૂપે બનાવાતા લાડુઓમાં નકલી ઘીનો ઉપયોગ થતો હતો... અર્થાત જે ઘીનો ઉપયોગ લાડુ બનાવવામાં થયો હતો એ ઘી ભેળસેળવાળું હતું એવા કોઈ પુરાવા જ નથી. ઉલ્લેખનીય છે કે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ એક જાહેરસભામાં કહ્યું હતું કે ગત સરકારના કાર્યકાળ દરમ્યાન તિરૂપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ગૌમાસ સહિતના પશુઓની ચરબી તથા માછલીના તેલ વગેરે જેવા પદાર્થોની ભેળસેળવાળા ઘીનો ઉપયોગ થતો હતો. ચંદ્રબાબુના આ આક્ષેપ બાદ માત્ર આંધ્રપ્રદેશ જ નહીં પરંતુ દેશભરમાં ચકચાર મચી ગઈ અને રાજકારણ પણ ભારે ગરમાયું. સર્વત્ર એક જ ચર્ચા થવા લાગી હતી કે તિરૂપતિ જેવા પ્રાચીન અને પ્રસિદ્ધ આસ્થાના કેન્દ્રમાં પણ પ્રસાદમાં નકલી ઘીનો ઉપયોગ થાય છે... સ્વાભાવિકપણે આ વિવાદથી કરોડો લોકોની આસ્થાને ઠેસ લાગી...

જો કે સુપ્રીમ કોર્ટે સવાલ ઉઠાવ્યો તેમ આ બાબતના કોઈ પુરાવા જ નથી કે લાડુ બનાવવામાં પશુની ચરબીવાળા ઘીનો ઉપયોગ થયો હતો ત્યારે ઉલ્લેખનીય છે કે આ બાબતે ભાજપની ઉત્તરપ્રદેશ સરકારે તો આમાં હિન્દુ-મુસ્લિમ એંગલ શોધી કાઢ્યો. નારંગી રંગના વસ્ત્રો પહેરતા યુપીના મુખ્યમંત્રી યોગીની સરકારે તિરૂપતિના લાડુમાં ભેળસેળના પુરાવાવિહોણા તેમજ મામૂલી-કાલ્પનિક કારણોને આગળ ધરીને ફરમાન જારી કરી દીધું કે એમના રાજ્યમાં તમામ ખાણીપીણીની દુકાનો, હોટલો સહિતના સ્થળોએ તેમની ઓળખ છતી કરવી પડશે એટલે કે બોર્ડ પર વિક્રેતાઓએ પોતાના નામ દર્શાવવા પડશે... વાસ્તવમાં જ્યારથી તિરૂપતિ લાડુનો વિવાદ ચગ્યો છે ત્યારથી ભગવી બ્રિગેડના ઘણા લોકો એ ધરાર એવું ઠસાવવાના પ્રયાસોમાં લાગેલા છે કે તિરૂપતિના લાડુ માટે ઘીનો પુરવઠો કોઈ મુસ્લિમ દ્વારા પૂરો પડાયો હતો અને એના કારણે પ્રસાદની ગરિમાને ઠેસ પહોંચી છે પરંતુ સૌથી મોટી હકીકત એ છે કે આ ઘી મુસ્લિમે પુરૂં પાડ્યું હોવાની કોઈ સાબિતી જ નથી... પરંતુ હવે તો આ આખા મામલાનો છેદ તો સુપ્રીમ કોર્ટમાં જ ઉડી ગયો છે કે ઘી અશુદ્ધ હતું એવો કોઈ પુરાવો જ નથી. અને સૌથી મોટી વાત તો એ છે કે પ્રસાદના લાડુમાં અશુદ્ધ ઘી વપરાયાનો જ્યારે કોઈ પુરાવો જ નથી ત્યારે ધરાર આ વિવાદમાં મુસ્લિમોને ઢસડવાના પ્રયાસો શું સૂચવી જાય છે ? આ પ્રકારની પ્રવૃત્તિ શું દેશમાં વસતા નાગરિકો વચ્ચે દુશ્મનાવટ પેદા કરનારી નથી ? વાસ્તવમાં આવી અપરાધી પ્રવૃત્તિઓ સામે તો ફોજદારી રાહે કાર્યવાહી થવી જોઈએ... તદ્દન મામૂલી અને પૂર્ણ કાલ્પનિક કારણોસર ખુદ સરકાર જેવી સરકાર ખાણીપીણીના ઠેકાણાઓના બોર્ડ પર માલિક કે વિક્રેતાઓના નામ લખીને શું સંદેશ આપવા માંગે છે ? અધૂરામાં પૂરૂં ભાજપના શાસનવાળી બીજી સરકારો પણ યુપી સરકારના રવાડે રહીને આવા આદેશો આપવામાં આગળ આવવા લાગી છે. દેશમાં જાતિ કે કોમ આધારિત ઓળખ છતી કરીને લોકોમાં એક પ્રકારનો દ્વેષ સર્જાય અને આ પ્રકારના ધ્રુવીકરણનો લાભ રાજકારણમાં લેવાની ગણતરી જ આમાં દેખાય છે. બાકી જે પ્રસાદમાં ભેળસેળ થયાનું સાબિત થયું જ નથી થયું એ મામલાનો ઉપયોગ કરીને આબોહવા બગાડવાનો શો મતલબ છે ? વળી તમે જુઓ તો ખરા કે લાડુમાં ભેળસેળ તો સાબિત જ નથી થઈ અને આ મામલો દક્ષિણ ભારતનો છે ત્યારે લાગણીઓ સાથે ખિલવાડ કરીને એનો લાભ લેવાના પ્રયાસો ઉત્તર ભારતમાં થાય છે...!!! ખરેખર આ આપણી અને આપણા દેશની કમનસીબી છે કે આજના આધુનિક યુગમાં પણ આપણે ત્યાં જાણે આવી અસ્પૃશ્યતા કે કોમવાદી નફરતને ધરાર પ્રાધાન્યતા આપીને રાજકીય લાભ ખાટવાના સ્વાર્થી પ્રયાસો કરાય છે.

# કોમી સંવાદિતા અને સાંપ્રદાયિક સૌહાર્દ અંગે મહાત્મા ગાંધીજીના સર્વશ્રેષ્ઠ વિચારો આજના સંદર્ભમાં તેનું મહત્ત્વ : રાષ્ટ્રપિતાની જયંતી પ્રસંગે એક પ્રાસંગિક લેખ

ગાંધીજીનું જીવન, વિચારો અને કાર્ય એવા તમામ લોકો માટે નિર્ણાયક મહત્વ ધરાવે છે જેઓ માનવજાત માટે વધુ સારું જીવન ઈચ્છે છે. તેમના સમયથી આજ સુધીમાં વિશ્વનો રાજકીય નકશો નાટકીય રીતે બદલાઈ ગયો છે, આર્થિક પરિદ્રશ્યમાં કેટલીક સત્તાઓ સામે આવી છે અને સામાજિક સેટઅપમાં પણ પરિવર્તન આવ્યું છે. તેમ છતાં પણ તેમના દ્વારા ઉઠાવવામાં આવેલા નૈતિક અને સામાજિક મુદ્દાઓનું મહત્વ આજે પણ દરેક વ્યક્તિઓ અને રાષ્ટ્રોના ભાવિ માટે કેન્દ્રીય સ્થાન ધરાવે છે. આજે આપણને તેમના સમય કરતા પણ તેમના વિચારોને અમલમાં મૂકવાની વધુ જરૂર છે.




૧૯૧૫માં જ્યારે ગાંધીજી ભારત પાછા આવ્યા ત્યારે તેમણે તેમના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહને અનુસરી હતી. આ દેશની સામાજિક-આર્થિક સ્થિતિને સમજવા અને લોકોની સેવા કરવા માટે ગાંધીજીએ ભારતના લગભગ દરેક ભાગની મુલાકાત લીધી હતી. તેમના પ્રવાસ દરમિયાન તેમણે અનુભવ્યું કે ભારત વિવિધતાથી ભરેલું છે. ભારત એ વિવિધ ધર્મોને અનુસરતા લોકો અને વિવિધ ભાષાઓ બોલતા લોકોનો દેશ છે માટે તેઓને એકસાથે લાવવું જરૂરી હતું. એ સમયે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેના વિવાદ હતા. જ્યારે મુસ્લિમોએ ગાયોની કતલ કરી અને હિંદુઓએ મસ્જિદ પાસે સંગીત વગાડ્યું ત્યારે રમખાણો થયા હતા. આ બે સમુદાયો વચ્ચેના સંબંધો પૂર્વગ્રહ, પરસ્પર ભય અને શંકાના કારણે સતત વણસેલા રહ્યા હતા. અંગ્રેજોએ તેનો ફાયદો ઉઠાવ્યો હતો. ગાંધીજી પણ માનતા હતા કે આ વિસંગતતા માટે અંગ્રેજો જ જવાબદાર છે.

જો આપણે ભારતના ભૂતકાળ પર નજર કરીએ તો ખ્યાલ આવશે કે અંગ્રેજો આવ્યા તે પહેલા હિંદુ અને મુસ્લિમો શાંતિથી અને સુમેળથી રહેતા હતા. તેઓ એકબીજાના સારા પડોશીઓ હતા તેઓ તેમના તહેવારો એકસાથે ઉજવતા હતા અને મુશ્કેલ સંજોગોમાં એકબીજાને ટેકો આપતા હતા. હિંદુ શાસકોએ મુસ્લિમોને ઉચ્ચ હોદ્દાઓ પર નિયુક્ત કર્યા હતા અને મુસ્લિમ રાજાઓએ હિન્દુઓને સન્માનિત કર્યા હતા અને હિંદુઓને જવાબદાર હોદ્દા આપ્યા હતા.

એવું લાગે છે કે રાજકારણ આ બે સમુદાયોને વિભાજિત કરવામાં સફળ થયું હતું. ગાંધીજીએ તેમના અંતિમ શ્વાસ સુધી સાંપ્રદાયિક સૌહાર્દ હાંસલ કરવા સખત સંઘર્ષ કર્યો હતો. તેમણે સાર્વત્રિક ધર્મના આચરણને પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે પ્રાર્થના સભાઓ યોજી હતી અને ભારપૂર્વક જણાવ્યું કે આદર એ સહનશીલતા કરતાં વધુ મહત્વપૂર્ણ છે. તમામ ધર્મોનું સન્માન કરવું એ તેમનો સંદેશ હતો. હિંદુઓ, મુસ્લિમો, પારસીઓ, ખ્રિસ્તીઓ અને યહૂદીઓએ એક રાષ્ટ્ર તરીકે રહેવું જોઈએ, અલગ અલગ ધર્મના અનુયાયીઓ તરીકે નહીં.

આજે પણ આપણે ત્યાં કોમી રમખાણો થાય છે. વિભાજનકારી અને અસામાજિક શક્તિઓ દેશને પાયમાલ કરી રહી છે જે રાજકીય અસ્થિરતા, સામાજિક તણાવ તરફ દોરી જાય છે, જે આપણા આર્થિક વિકાસને અવરોધે છે. પોલીસ અને સૈન્ય શાંતિ લાવી શકતા નથી પણ આ માટે ગાંધીજીનું પ્રેમબળ એ કદાચ એકમાત્ર ઉપાય છે.

ગાંધીજી દ્રઢપણે માનતા હતા કે ભારતની સ્વતંત્રતા અને વિકાસ માટે કોમી એકતા જરૂરી છે. ચાલો આપણે રાષ્ટ્રપિતા દ્વારા તમામ સમુદાયો વચ્ચે સકારાત્મક સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે કરેલા પ્રયત્નો અંગે મહાત્મા ગાંધીના સંગ્રહિત કાર્યોને જોઈએ. ઈતિહાસે આપણને શીખવ્યું છે કે માનવજાતે બદલો લેવાથી નહીં પરંતુ સમાધાનથી પ્રગતિ કરી છે.

૧૯૧૫માં જ્યારે ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા ત્યારે તેમણે જોયું કે ભારતમાં વિવિધ સમુદાયો વચ્ચે એકતા નથી. તેમણે તે હાંસલ કરવા માટે તેમના સ્તરે શ્રેષ્ઠ પ્રયાસ કર્યો હતો. ગાંધીજીએ ગાય સંરક્ષણ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

"આપણા શહેરોમાં બળદની સ્થિતિ દયનીય છે. ખરેખર, ગાય અને તેના સંતાનોનું રક્ષણ એ ખૂબ મોટી સમસ્યા છે. તેને મુસ્લિમો સાથે ઝઘડાનું બહાનું બનાવીને, અમે ધર્મને બચાવી શકીએ નહીં, અને ગાયને બચાવવા માટે મુસ્લિમ ભાઈઓને મારી નાખવાની હિંસા એ યોગ્ય નથી. મને ખાતરી છે કે જો આપણે આપણા મુસ્લિમ ભાઈઓ સાથે પ્રેમની ભાવનાથી ચર્ચા કરીશું, તો તેઓ પણ ભારતની સામાજિક સ્થિતિની પ્રશંસા કરશે અને સહેલાઈથી સહકાર આપશે. ગાયોના રક્ષણમાં અમને આમાં સફળતા એકસાથે અનેક બાબતોમાં સહકાર આપશે. હિંદુઓ અને મુસ્લિમો શાંતિથી જીવશે, ગાય સુરક્ષિત રહેશે, તનુ દૂધ અને તેની બનાવટો શુદ્ધ સ્થિતિમાં ઉપલબ્ધ થશે અને સસ્તી હશે, અને આપણા બળદ વિશ્વ માટે ઈર્ષ્યા બની જશે.

આપણે ગાયોની હત્યા કરનારા મુસ્લિમોને મારી શકતા નથી. આપણે પ્રેમ દ્વારા જ વર્તવું જોઈએ. આ રીતે જ આપણે સફળ થઈશું. જ્યાં સુધી આપણને સત્ય, પ્રેમ અને અહિંસામાં અતૂટ વિશ્વાસ નથી, ત્યાં સુધી આપણે કોઈ પ્રગતિ કરી શકતા નથી.

કોમી સંવાદિતા વિશે વાત કરતા ગાંધીજીએ કહ્યું હતું કે:

"જો હિંદુ-મુસ્લિમ સમુદાયો પરસ્પર મિત્રતાના એક બંધનમાં એક થઈ શકે અને દરેક એક જ માતાના સંતાનો તરીકે અન્યો પ્રત્યે વર્તી શકે, તો તે ઈચ્છનીય છે. પરંતુ આ એકતાને વાસ્તવિકતામાં પરિવર્તન કરતાં પહેલા, બંને સમુદાયોએ આ કરવું પડશે. આપણે આપણાં વિચારોમાં ધરમૂળથી ફેરફાર કરવા પડશે જ્યારે એક સમુદાયના સભ્યો અન્ય લોકો વિશે વાત કરે છે ત્યારે તેઓ એવા અભદ્ર શબ્દોમાં કરે છે કે તે બંને વચ્ચેના સંબંધોને વધુ નફરત અને ધિક્કારપાત્ર બનાવે છે.

હિંદુ અને મુસ્લિમો વચ્ચે એકતા હોવી એ કોઈ અર્થપૂર્ણ સિદ્ધિ નથી. આઠ કરોડ લોકો બીજા સમુદાયના ૨૨ કરોડ લોકો સાથે મિત્રતામાં રહે તે ખૂબ જ ઈચ્છિત છે. તે પણ નિશ્ચિત છે કે બંને દ્વારા એકબીજાને દબાવીને જીવવું એ સારું નથી તેથી આપણે સમાનતા અને સ્વતંત્રતા સાથે રહીને પરસ્પર સ્નેહને પ્રોત્સાહન આપવું પડશે.

હિંદુ-મુસ્લિમ એકતા એ કોઈ વિશિષ્ટ શબ્દ નથી, તે એક સમાવેશી શબ્દ છે, જે ભારતમાં વસતા તમામ ધર્મોની એકતાનું પ્રતીક છે. જો હિંદુ અને મુસ્લિમો એકબીજાને સહન કરી શકે છે, તો તેઓ સાથે મળીને અન્ય તમામ ધર્મોને સહન કરવા માટે બંધાયેલા છે. અને સાચી એકતા એ જ છે. ભારત અથવા વિશ્વના અન્ય ધર્મો માટે કોઈ જોખમ નથી તેથી હું સૂચવું છું કે આપણાં ધ્વજના સફેદ ભાગનો હેતુ અન્ય તમામ ધર્મોને રજૂ કરવાનો છે, જે ઈસ્લામિક રંગ છે તે આગળ આવે છે, હિંદુનો રંગ લાલ સૌથી છેલ્લે આવે છે, આ વિચાર એ છે કે સૌથી મજબૂત વ્યક્તિએ સૌથી નબળા માટે ઢાલ તરીકે કામ કરવું જોઈએ, વધુમાં સફેદ રંગ શુદ્ધતા અને શાંતિ દર્શાવે છે.

"હિન્દુ-મુસ્લિમ એકતાનો અર્થ સામાન્ય રીતે માત્ર જ એટલો જ છે કે દેશનો દરેક સમુદાય, નાનો હોય કે મોટો, તે પોતપોતાના ધર્મનું પાલન કરી શકશે અને સ્વતંત્રતાથી જીવી શકશે. આ એકતામાં ૩૦ કરોડ માનવ જાતિની તાકાત રહેલી છે. જો હિંદુ -મુસ્લિમ એકતાનો અર્થ એ છે કે યુરોપમાં જે પ્રકારનું બન્યું છે કે મોટા રાષ્ટ્રો તેમના બચાવના બહાને નાનાને ગળી જાય છે, તેથી હું ૫૨ વર્ષની ઉંમરે, એક જગ્યાએથી બીજી જગ્યાએ ભાગીશ નહીં, મને સામ્રાજ્ય કે સંપત્તિ જોતી નથી અને મારો અંતરાત્મા મને કહે છે કે મારું આંદોલન એવું છે કે દેશનો સૌથી નાનો સમુદાય પણ ભય વિના જીવી શકે. પારસી, શીખ, યહૂદી કે ખ્રિસ્તી કોઈને પણ હેરાન કરવું જોઈએ નહીં અને અસુરક્ષિત સ્ત્રી પર પણ એક નજર પણ ન નાખી શકાય. મારા માટે સ્વરાજનો આ અર્થ છે.

દરેક જણ જાણે છે કે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે એકતા વિના, રાષ્ટ્ર દ્વારા કોઈ ચોક્કસ પ્રગતિ કરી શકાતી નથી. એમાં કોઈ શંકા નથી કે બંને વચ્ચે પરસ્પર અવિશ્વાસ છે. નેતાઓએ ઓળખી કાઢ્યું છે કે ભારત વિશ્વાસ અને સામાન્ય ક્રિયા બંનેની અનુભૂતિ કર્યા વિના આગળ વધી શકતું નથી, મુસ્લિમ લોકો સ્વરાજની જરૂરિયાતને ઓળખતા નથી. મુસ્લિમો હિંદુઓ જેટલી સંખ્યામાં જાહેર સભાઓમાં આવતા નથી. દરેક જિલ્લામાં હિંદુઓએ તેમના મુસલમાન પડોશીઓને લઈ આવવા માટે વિશેષ પ્રયત્નો કરવા જોઈએ. જ્યાં સુધી કોઈ પોતાને મોટું સમજે અને અન્યને નાના સમજે ત્યાં સુધી વાસ્તવિક સમાનતા ક્યારેય નહીં આવે.

મુસ્લિમો જ્યાં લઘુમતીમાં હોય ત્યાં તેઓએ શિક્ષણ અથવા સંસાધનોની અછત અનુભવવી જોઈએ નહીં. મુસલમાનો પૈકી અનેક ઉમદા લોકો સાથેના મારા જોડાણે મને એ શીખવ્યું છે કે ઈસ્લામ તલવારના બળથી નહીં, પરંતુ સંતો અને ફકીરોના અખંડ પ્રેમથી ફેલાયો છે. ઈસ્લામમાં તલવાર ખેંચવાની છૂટ છે; પરંતુ આવું કરવા માટેની શરત ખૂબ જ કઠોર છે કે જેહાદનો આદેશ આપવા માટે અમુક નિયમોનું પાલન કરવું આવશ્યક છે અને આજે એવા મુસ્લિમ સેનાપતિ ક્યાં છે? ભારતના મુસ્લિમો જેવા જ પ્રતિબંધોથી બંધાયેલા શીખોનો તાજેતરનો ગૌરવપૂર્ણ ઈતિહાસ તેમને બળના ઉપયોગ સામે ચેતવણી આપે છે.

મુસ્લિમ ઈતિહાસ આપણને જણાવે છે કે ઈસ્લામનું ગૌરવ તલવારથી જળવાઈ રહ્યું નથી. તલવારથી ઈસ્લામનો બચાવ થયો છે એવું કહી શકાય નહીં અને ઈસ્લામે ક્યારેય ન્યાય અને અન્યાયના મુદ્દાઓ તલવારથી નક્કી કર્યા નથી. દુનિયામાં આજ સુધી કોઈ ધર્મનો આવો કોઈ દાખલો નથી. જે માત્ર તલવારના જોરે વિકસે છે, તેમ છતાં હું મુસ્લિમોને ચોક્કસ કહીશ કે સહેજ ઉશ્કેરણી પર તલવાર ખેંચવી એ ખરાબ આદત છે અને ઈસ્લામના ફકીરો, સૂફીઓ અને ફિલોસોફરોએ ઈસ્લામ માટે ગૌરવ અપાવ્યું છે અને તે મુસ્લિમ અને ઈસ્લામિક લખાણો દ્વારા સાબિત થાય છે કે તેઓએ તલવારથી નહીં પરંતુ તેમના આત્માના બળથી પોતાનો અથવા તેમના ધર્મનો બચાવ કર્યો છે.

મેં કુર્આનમાં વાંચ્યું છે કે મુસ્લિમો માટે પ્રાર્થના કરવી (નમાઝ પઢવી) ફરજિયાત છે, પરંતુ મેં ન તો એવું વાંચ્યું છે કે સાંભળ્યું નથી કે અન્ય લોકોને બળજબરીથી સંગીત વગાડતા અટકાવવા એ તેમનો અધિકાર કે તેમની ફરજ છે. તેઓ હિંદુઓને પ્રેમથી અપીલ કરી શકે છે. તમે અન્યોની હત્યા કરીને તમારું રક્ષણ કરી શકતા નથી. મુસ્લિમો પણ હિંદુઓની હત્યા કરીને ઈસ્લામનું રક્ષણ કરી શકતા નથી. અન્યની હત્યા કરીને વિશ્વનો કોઈ ધર્મ હિંસાથી સુરક્ષિત રહી શકતો નથી. જ્યારે તમે સત્યના શસ્ત્ર પર વિજય મેળવશો, ત્યારે હિન્દુ-મુસ્લિમ સંઘર્ષ સમાપ્ત થઈ જશે.

'સમગ્ર ભારતમાં મુસ્લિમ સમુદાય વિદેશમાં મુસ્લિમ દેશોની બાબતોમાં આટલો ઊંડો રસ કેમ ધરાવે છે' એવા પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ લખ્યું કે:

"એવો આરોપ સાચો નથી કે મુસ્લિમો ભારતમાં ઓછો રસ લે છે કારણ કે તેઓ હજુ સુધી ભારતને પોતાનું ઘર માનતા નથી કે જેના પર તેઓએ ગર્વ અનુભવવો જોઈએ. ઘણા આવું તદ્દન ખોટી રીતે માને છે, મને લાગે છે કે, આપણે વિજેતાઓની જાતિના છીએ. અમે મુસલમાનોની આ એકલતા માટે અમે તેમને રાષ્ટ્રના અભિન્ન અંગ તરીકે ગણતા નથી, તેમની આ દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિના કારણો ઐતિહાસિક છે અને મોટી સંખ્યામાં મુસલમાનોનો ડર હિંદુઓ માટે પરિસ્થિતિ મુશ્કેલ બનાવે છે પણ આપણે મુસલમાન સાથે હૃદયપૂર્વક આગળ વધવું જોઈએ.

તેઓએ એકવાર કહ્યું હતું કે, હું હિંદુ-મુસ્લિમ એકતાની સમસ્યાને સ્પર્શવાની હિંમત કરતો નથી. તે માનવ હાથમાંથી નીકળી ગઈ છે, અને માત્ર ભગવાનના હાથમાં સ્થાનાંતરિત થઈ ગઈ છે. ચાલો આપણે સર્વશક્તિમાન ઈશ્વર પાસેથી મદદ માંગીએ અને તેને કહીએ કે આપણે તેના નાના જીવો છીએ અને આપણે જે કરવું જોઈએ તે કરવામાં નિષ્ફળ ગયા છીએ, આપણે એક બીજાને ધિક્કારીએ છીએ, અને આપણે ઈશ્વરને આપણા તમામને તિરસ્કારથી શુદ્ધ કરવા માટે કહીએ અને આપણે એક જ માતૃભૂમિના પુત્રો અને પુત્રીઓ હોવા છતાં, આપણી પાસે એક બીજા માટે કોઈ જગ્યા નથી, ચાલો આપણે ભગવાનને નમ્રતાથી કહીએ કે તે આપણને જ્ઞાન અને સદબુદ્ધિ આપે.

હિંદુ-મુસ્લિમ એકતાને મે મારા જીવનનું એક મિશન બનાવ્યું હતું. મેં દક્ષિણ આફ્રિકામાં તેના માટે કામ કર્યું હતું, મેં અહીં તેના માટે પરિશ્રમ કર્યો, મેં તેના માટે તપસ્યા કરી, પરંતુ ભગવાન સંતુષ્ટ ન થયા. ભગવાન ઈચ્છતા ન હતા કે હું આ શ્રેય લઈ શકું. આજે હું લાચાર છું, મેં મારા બધા પ્રયત્નો કરી લીધા છે. પણ મારી અંદર કંઈક એવું છે જે મને કહે છે કે હિંદુ-મુસ્લિમ એકતા આવવી જ જોઈએ અને આપણે આશા રાખીએ કે તે જલ્દી આવશે.

મને ખબર છે કે ગાયના મામલામાં હિંદુઓની લાગણીને શું છે. મુસ્લિમો દ્વારા ગૌહત્યાને સંપૂર્ણ અને સ્વૈચ્છિક રીતે અટકાવવી જોઈએ. પછી ભલે તે બલિદાન માટે અથવા ખોરાક માટે હોય. આપણે સામા પક્ષે હિન્દુઓએ મુસલમાનોની લાગણીઓને સમજવી જોઈએ અને મસ્જિદ આવે તે પહેલા સંગીતને સંપૂર્ણ રીતે બંધ કરવું જોઈએ. અને જો આપણે મુસ્લિમોના હૃદય સુધી પહોંચવું હોય તો તે બધા હિન્દુઓની ફરજ છે કે તેઓ હૃદયની એકતા સાથે કામ કરે અને આપણે આ એકતા માટે દરેકે પર્યાપ્ત બલિદાન આપવા માટે તૈયાર રહેવું જોઈએ."

ગાંધીજીએ સ્વરાજ માટેની ઝુંબેશનું આયોજન કરતી વખતે હિંદુ-મુસ્લિમ એકતા સંબંધી કેટલાક મુદ્દાઓ જાહેર જનતા સમક્ષ રજૂ કર્યા હતા અને તેમણે કહ્યું હતું કે:

"હું માનું છું કે કોમી એકતા વિના સ્વરાજ શક્ય નથી, જેનો મેં વારંવાર ઉલ્લેખ કર્યો છે. અમારી વર્તમાન ઝુંબેશ એ માત્ર સ્વતંત્રતા સ્થાપિત કરવા માટે નથી, પરંતુ લોકોને શક્તિથી સજ્જ કરવા માટે છે. જ્યારે આ શક્તિ ઉત્પન્ન થઈ ગઈ છે અને સ્વતંત્રતાની સ્થાપનાનો સમય આવી ગયો છે, ત્યારે મુસ્લિમો અને અન્ય તમામ લઘુમતીઓને શાંત થવું પડશે. જો તેઓ નહીં થાય, તો અનિવાર્યપણે ગૃહયુદ્ધ થશે. પરંતુ હું જીવું છું ત્યાં સુધી મને આશા છે કે જો આપણે એકતાની શક્તિ ઉત્પન્ન કરી શકીએ છીએ, તો આ આપણી નબળાઈને દૂર કરશે.

તેમણે હિન્દુ અને મુસ્લિમો વચ્ચે એકતા સ્થાપિત કરવા માટે હિંસા ન કરવા માટે આહ્વાન કરતાં કહ્યું હતું કે, "તમે સાંપ્રદાયિકતાનો સામનો સાંપ્રદાયિકતા સાથે કરી શકતા નથી. પરંતુ મારો એકમાત્ર ઉકેલ છે, સાંપ્રદાયિકતા દૂર કરવી જોઈએ અથવા રાષ્ટ્રીય સ્તરે વાત કરવી જોઈએ. જે ક્ષણે તમે સમજો છો કે અમે ત્રીજી શક્તિ દ્વારા અમારા માટે મધ્યસ્થી કરવા માંગતા નથી, અમે તે ક્ષણ માટે બધું જ સોંપવા માટે સંમત થઈશું કારણ કે તે આદર્શ ઉકેલ અથવા ન્યાયી ઉકેલ છે.

હું સૂચન કરું છું કે તમારે રાષ્ટ્રવાદી મુસ્લિમોને મળવું જોઈએ, તેમની સાથે પરિસ્થિતિની ચર્ચા કરવી જોઈએ અને એવા ઉકેલ પર પહોંચવું જોઈએ જે તેમને અને તમને સંતુષ્ટ કરે.

૧. હિન્દી-હિન્દુસ્તાની અને ઉર્દૂ એ એવા શબ્દો છે જે ઉત્તરમાં હિંદુઓ અને મુસ્લિમો દ્વારા બોલાતી અને દેવનાગરી અથવા ફારસી લિપિમાં લખાયેલી સમાન ભાષાને દર્શાવે છે.

૨. હિન્દી એ આ ભાષા માટેનું નામ છે જેનો ઉપયોગ હિંદુઓ અને મુસ્લિમો બંને દ્વારા ઉર્દૂ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો તે પહેલાં થયો હતો.

૩. હિન્દુસ્તાની શબ્દનો પણ એ જ દર્શાવવા માટે પાછળથી ઉપયોગ થયો હતો.

૪. હિંદુઓ અને મુસલમાન બંનેએ વિશાળ સમૂહ દ્વારા સમજાય તેવી ભાષા બોલવાનો પ્રયાસ કરવો જોઈએ.

૫. આખરે જ્યારે આપણું હૃદય એક થઈ ગયું છે અને આપણે બધાને આપણા પ્રાંતને બદલે ભારતને આપણા દેશ તરીકે ગર્વ સાથે સ્વીકારીએ છીએ અને આપણે એક જ વૃક્ષના વિવિધ ફળો છીએ અને તેનો સ્વાદ માણીએ છીએ તે રીતે આપણે એક સમાન સ્ત્રોતમાંથી મેળવેલા વિવિધ ધર્મોને જાણીશું અને તેનું પાલન કરીશું અને અમે એક સામાન્ય લિપિ સાથે એક સામાન્ય ભાષા સુધી પહોંચીશું અને અમે પ્રાંતીય ઉપયોગ માટે પ્રાંતીય ભાષાઓનું રક્ષણ કરીશું.

હું એમ પણ કહીશ કે મને હિંદુ-મુસ્લિમ એકતા વિના સ્વરાજ જોઈતું નથી. હું આ એટલા માટે કહું છું કારણ કે હું ઈચ્છું છું કે સ્વતંત્ર ભારતમાં હિંદુઓ મુસ્લિમોને દબાવશે નહીં, અને મુસ્લિમો હિંદુઓને દબાવશે નહીં. હું એ જોવા માંગુ છું કે બધા સમાન છે. હું મુસ્લિમ ભાઈઓને એક સંદેશ આપવા માંગુ છું. જો આઠ કરોડ મુસ્લિમો ભારતની આઝાદીનો વિરોધ કરશે તો ભારત ક્યારેય આઝાદી મેળવી નહીં શકે. પરંતુ હું આવા વિરોધને ત્યારે જ સ્વીકારીશ જ્યારે આઠ કરોડમાંથી તમામ પુખ્ત મતદારો આ આઝાદીનો વિરોધ જાહેર કરશે. પરંતુ હું વિચારું છું. આ લગભગ અશક્ય છે, તેઓ જાહેર કરી શકે છે કે તેઓ હિંદુઓના વર્ચસ્વ વિના આઝાદી ઈચ્છે છે હું આ એક હિંદુ તરીકે નથી કહેતો, હું આ વાત હિન્દુઓ, મુસ્લિમો અને બધાના પ્રતિનિધિ તરીકે કહું છું.

"કોંગ્રેસ લોકોની છે, મુસ્લિમ લીગ આપણા મુસ્લિમ ભાઈઓ અને બહેનોની છે. જ્યાં કોંગ્રેસ સત્તામાં છે ત્યાં જો કોંગ્રેસીઓ મુસ્લિમોનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય છે, તો પછી કોંગ્રેસના પ્રીમિયરનો શું ઉપયોગ છે? તેવી જ રીતે જો લીગ પ્રાંત લીગ પ્રીમિયર હિંદુઓને રક્ષણ આપી શકે તેમ નથી, તો પછી જો તેમાંથી કોઈ એકને પોતપોતાના પ્રાંતમાં મુસ્લિમ અથવા હિંદુ લઘુમતીઓની સુરક્ષા માટે લશ્કરની મદદ લેવી પડે તો તેવું શા માટે? એનો અર્થ એ છે કે જ્યારે કટોકટીની ક્ષણ આવે છે ત્યારે તેમાંથી કોઈ પણ સામાન્ય વસ્તી પર કોઈ નિયંત્રણનો ઉપયોગ કરતું નથી.

તહેવારોની ઉજવણી અંગે ગાંધીજી કહ્યું હતું કે, આવતીકાલે બકરી-ઈદનો દિવસ છે. એ એવો પ્રસંગ નથી કે જ્યારે આપણે એકબીજા સાથે ઝઘડો કરીએ. હિંદુઓ અને મુસ્લિમો અને ભારતનો દરેક સમુદાય એક બીજા સાથે મિત્ર બનીને રહેવાનું શરૂ કરે તો તે દેશ માટે સારું થશે. લશ્કરી અથવા પોલીસને તેમના હથિયારોનો ઉપયોગ કરવાનો આ પ્રસંગ નથી. આપણે હંમેશા ગુંડાઓ પર દોષારોપણ કરીએ છીએ. પરંતુ તેમના સર્જન તેમજ તેઓને પ્રોત્સાહન માટે આપણે જ જવાબદાર છીએ.

તેઓએ હિંસા અંગે કહ્યું હતું કે, હજાર હિંદુઓ સો મુસલમાનોને ઘેરી લે અથવા હજાર મુસલમાનોએ સો હિંદુઓને ઘેરીને જુલમ કરે એ બહાદુરી નથી પણ કાયરતા છે. હું તેમની આ લડાઈને રોકવા માટે કહું છું. તેમણે કહ્યું કે હિંદુઓ અને મુસલમાન એક બીજા સાથે મિત્ર બનીને રહી શકતા નથી, પરંતુ જો તે તમારી માન્યતા છે, તો તે મુસ્લિમો અને હિન્દુઓ બંને માટે શરમજનક હશે, જો તમે ઈચ્છો કે હિંદુઓ તમારી વચ્ચે રહે, તો તમારે તેમને કહેવું જોઈએ કે તેમને સુરક્ષા માટે સૈન્યની જરૂર નથી. મુસ્લિમ ભાઈઓ માટે તેમની પુત્રીઓ અને બહેનો અને માતાઓ તમારી પોતાની પુત્રીઓ, બહેનો અને માતાઓ છે અને તમારે તમારા જીવન સાથે તેમની સુરક્ષા કરવી જોઈએ. આઝાદી મેળવવાનો માર્ગ હિંસા નથી. જો મુસ્લિમો માને છે કે તેઓ હિંદુઓનો નાશ કરશે અથવા જો હિંદુઓ માને છે કે તેઓ મુસ્લિમોનો નાશ કરશે, તો હું તેમને પૂછવા માંગુ છું કે તેઓ તેનાથી શું મેળવશે?

હું મારી જાતને ઈસ્લામ, ખ્રિસ્તી, પારસી ધર્મ અને અન્ય દરેક ધર્મનો અનુયાયી માનું છું, કારણ કે હું એક સાચો હિંદુ છું. મારા માટે બધા ધર્મો સમાન છે અને તેઓ સમાન આસ્થા પર સ્થાપિત છે. વિવિધ ધર્મો સમાન છે, જેમ કે વૃક્ષ ૫ અલગ અલગ પાંદડાઓ અને અલગ રંગ અને આકારમાં થોડો તફાવત છે. શાસ્ત્રો કહે છે કે જે અન્ય ધર્મોની નિંદા કરે છે તે પોતાના ધર્મની નિંદા કરે છે અને હું મારી જાતને બધા સાચા ધર્મોનો પ્રતિનિધિ માનું છું.

આપણે એકબીજાને આતંકિત ન કરવા જોઈએ. આપણે એકબીજા સાથે પ્રેમ અને સ્નેહથી ઓતપ્રોત કરવા જોઈએ. કેટલાક મુસ્લિમ મિત્રોનું કહેવું છે કે અહીંનું મંત્રાલય રાજકીય મજબૂરીમાં મુસ્લિમોને કેટલાક મકાનો અથવા જમીન ફાળવી શકે છે. પરંતુ આવું થશે નહીં. જ્યાં સુધી હિંદુઓ અને મુસ્લિમો એકબીજાને નિષ્ઠાપૂર્વક પ્રેમ કે વિશ્વાસ ન કરે ત્યાં સુધી આપણે સફળ થઈ શકતા નથી.

એવી દલીલ કરવી વાજબી નથી કે હિન્દુઓએ મસ્જિદને નુકસાન પહોંચાડ્યું કારણ કે મુસ્લિમો મંદિરોને અપવિત્ર કરી રહ્યા હતા. હિંદુઓ મૂર્તિની પૂજા કરે છે, જ્યારે મુસ્લિમો કરતા નથી. પરંતુ દરેક માનવી કંઈક અન્ય અથવા ઈશ્વરની પૂજા કરે છે. ઈશ્વર કે ભગવાન દરેક જગ્યાએ રહે છે, માત્ર બાઈબલ અને કુરાનમાં, મસ્જિદમાં કે મંદિરમાં જ નહીં, પરંતુ માણસના નાક, કાન, નખ અને એક એક વાળમાં છે. મને બાળપણથી જ શીખવવામાં આવ્યું છે કે ભગવાન દરેક જગ્યાએ વસે છે, તે એક જ વસ્તુ છે, પછી ભલે મસ્જિદમાં, મંદિરમાં કે ચર્ચમાં તેની પૂજા કરવામાં આવે. જેમણે મસ્જિદને અપવિત્ર કરી છે તે માણસો નહીં પણ શેતાન છે, કારણ કે મસ્જિદો, મંદિરો અથવા ચર્ચ એ બધા ભગવાનના ઘર છે ... મૂર્તિપૂજક ન હોવાને કારણે મારે મૂર્તિને ગળે લગાડવી જોઈએ અને મંદિરને ન તોડવાની વિનંતી કરવી જોઈએ. જો મારી વિનંતીઓ તેમને પ્રભાવિત કરશે, તો તેઓ સમજી જશે કે હું તેમને કોઈ નુકસાન પહોંચાડતો નથી અને તેઓ મારા મિત્રો બની જશે. આપણે ઝેર ન ફેલાવવું જોઈએ. બીજી તરફ આપણે તેને ફેલાતા અટકાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

**ભારતી મઝમુદાર દ્વારા સંકલિતપ મણિભવન ગાંધી સંગ્રહાલય, મુંબઈ ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગની નાણાકીય સહાયથી પ્રકાશિત. નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦૦૧૪ની પરવાનગીથી પ્રકાશિત થયેલ છે**

**હદીસ બોધ**

ધનલાલસાથી તમારા હૃદયને મુક્ત રાખો (હદીસ બોધ)

**બોધ વચન**

આપણું ધ્યેય સત્ય હોવું જોઈએ, સુખ નહિ. -સોક્રેટિસ

**આજની આરસી**

૨ ઓક્ટોબર બુધવાર ૨૦૨૪
૨૮ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬
ભાદરવા વદ અમાસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૧૨
ખત્મે ઝવાલ ૧૨-૨૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૬

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**ખુદા તુઝે કિસી તુફાં સે આશ્ના કર દે,**
**કે તેરે બહરકી મૌજોંમેં ઈઝતરાબ નહી**

ખુદા તારા જીવનમાં કોઈ તુફાન લાવી દે, કેમ કે તારા સમુદ્રરૂપી જીવનની લહેરોમાં કોઈ ઉથલપાથલ નથી. તું અંતરધ્યાન થતો નથી, 'સ્વ' વિષે વિચારતો નથી, તારામાં ખુદાની બંદગી માટે કોઈ જુસ્સો નથી. જો તારા જીવનમાં કોઈ દુ:ખ આવે તો તારો અંતરાત્મા જાગૃત થાય. તો તને 'ખુદી', સ્વપણા Selfhoodનો એહસાસ થાય, સારા કાર્યો કરે અને ખુદાની બંદગી તરફ ઢળે. - (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

## બે દિવસમાં બાંગ્લાદેશ ઘૂંટણીયે પડ્યું, ભારતે ૨-૦થી ક્લિન સ્વીપ કર્યું

# ટી-૨૦ સ્ટાઈલમાં ભારતે જીતી કાનપુર ટેસ્ટ

## કાનપુર ટેસ્ટ જે અંદાજમાં ટીમ ઈન્ડિયાએ જીતી છે તેને વર્ષો સુધી યાદ રાખવામાં આવશે




## બાંગ્લાદેશ બીજી ઈનિંગમાં ૧૪૬ રનમાં સમેટાયું, ભારતે ત્રણ વિકેટે ૯૫ રનનું લક્ષ્યાંક પ્રાપ્ત કર્યું, યશસ્વી જયસ્વાલની અર્ધસદી

કાનપુર, તા.૧

બેટ્સમેનો અને બોલરોના શાનદાર પ્રદર્શનથી કાનપુર ટેસ્ટ જે અંદાજમાં ટીમ ઈન્ડિયાએ જીતી છે. તેને વર્ષો સુધી યાદ રાખવામાં આવશે. જે એટેકિંગ એપ્રોચ સાથે ટીમ ઈન્ડિયાએ આ ટેસ્ટ મેચ જતી છે. તેને ઉદાહરણ તરીકે બાકીની ટીમો સામે મૂકવામાં આવશે. ચેન્નાઈમાં પ્રથમ ટેસ્ટ ૨૮૦ રને જીત્યા બાદ ટીમ ઈન્ડિયાએ બીજી ટેસ્ટ મેચ સાત વિકેટે પોતાના નામે કરી સિરીઝ ૨-૦થી ક્લિન સ્વીપ કરી લીધી અને આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૫ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને પોતાની સ્થિતિ વધારે મજબૂત કરી લીધી છે. ૯૫ રનનું લક્ષ્યાંક ભારતે ૧૮ ઓવર પૂરી થતા પહેલા જ પ્રાપ્ત કરી લીધું. રિષભ પંતે ચોગ્ગો ફટકારતા ભારતે સિરીઝ ૨-૦થી પોતાના નામે કરી. ખાસ વાત આ જીતની એ રહી કે કોઈએ પણ નિરાશ કર્યા નથી અને પૂરી મેચમાં કોઈના કોઈ રીતે યોગદાન આપ્યું. ચોથા અને પાંચમાં દિવસે ટીમ ઈન્ડિયાની બોલિંગ, ફિલ્ડિંગ અને બેટિંગે જે કમાલ કર્યો તેને સદીઓ સુધી યાદ રાખવામાં આવશે. આ મેચમાં કપ્તાન રોહિત શર્મા અને ટીમ ઈન્ડિયાનો એગ્રેસિવ એપ્રોચ જોવા લાયક હતો. જેના કારણે ટીમ ઈન્ડિયાનો યાદગાર વિજય થયો. ૯૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે કપ્તાન રોહિત (૮)ની વિકેટ ૧૮ રનના સ્કોરે ગુમાવી દીધી હતી. ગિલ પણ ૬ રન બનાવી પેવેલિયન પરત ફર્યો ત્યારે ભારતનો સ્કોર ૩૪ હતો પણ ત્યારબાદ યશસ્વી જયસ્વાલ (૫૧) અને વિરાટ કોહલી (અણનમ ૨૯)એ આકર્ષક બેટિંગ કરી ટીમ ઈન્ડિયાને વિજય અપાવ્યો. જયસ્વાલની ૪૫ બોલની ઈનિંગમાં આઠ ચોગ્ગા અને એક સિક્સર સામેલ છે. જ્યારે કોહલીએ ૩૭ બોલમાં ચાર ચોગ્ગા ફટકાર્યા.

આ પહેલા બાંગ્લાદેશની ટીમે પાંચમા અને અંતિમ દિવસની શરૂઆત બે વિટેકે ૨૬ રન સાથે કરી હતી. શદમાન ઈસ્લામ ૭ અને મોમિનુલ હક ખાતુ ખોલાવ્યા વિના મેદાનમાં ઉતર્યા હતા. દિવસની ત્રીજી જ ઓવરમાં અશ્વિને પ્રથમ ઈનિંગના શતકવીર મોમિનુલ હકને બે રને પેવેલિયન પરત મોકલ્યો. જો કે ઈસ્લામ એક છેડેથી અમુક આક્રમક શોટ રમતો દેખાયો અને કપ્તાન શાંતોએ તેનો સાથ આપ્યો. સ્કોર ૯૦ રનની પાર પહોંચ્યો જ હતો કે રવિન્દ્ર જાડેજાએ બોલ્ડ કરી કપ્તાન શાંતોને પેવેલિયન પરત મોકલ્યો અને ટીમ ઈન્ડિયાને ડ્રાઈવિંગ સીટ પર બેસાડી દીધી ત્યારબાદ આકાશદીપે ઈસ્લામને ૫૦ રનના વ્યક્તિગત સ્કોરે જયસ્વાલના હાથે ઝીલાવી આર્ટ કર્યા. લિટન દાસને જાડેજાએ એક રને આઉટ કર્યો તો રોહિત શર્માની ઉજવણી જોવા જેવી હતી. શાકીબુલ હસન મેદાન પર ઉતર્યા તે બાંગ્લાદેશને મોટી આશા હતી પણ જાડેજાએ કોટ એન્ડ બોલ્ડ કરી કામ ખરાબ કરી દીધું. એક છેડેથી વિકેટ ધડાધડ પડતા જોઈ મુશીફિકુર્રહીમે આક્રમક વલણ અપનાવ્યું હતું. આ દરમ્યાન બુમરાહે મેહદી હસન મિરાજનો શિકાર કર્યો. તે નવ રન બનાવી રીષભ પંતના હાથે ઝિલાયો. નવમી વિકેટના રૂપમાં તૈમુલ ઈસ્લામને બુમરાહે એલબીડબ્લ્યુ કર્યો જે ખાતું પણ બોલી શકયો નહીં. ભારત માટે અંતિમ વિકેટ પણ બુમરાહે રહીમને ૩૬ રને ક્લિન બોલ્ડ કરી ઝડપી હતી. આ સાથે જ બાંગ્લાદેશની ઈનિંગ ૧૪૬ રનમાં સમેટાઈ ગઈ. ટીમ ઈન્ડિયા માટે જસપ્રીત બુમરાહ, અશ્વિન, અને રવિન્દ્ર જાડેજાએ ત્રણ ત્રણ વિકેટ ઝડપી જ્યારે એક વિકેટ આકાશદીપને મળી હતી.

# કપ્તાન અને ટીમ ઈન્ડિયાનો એગ્રેસિવ એપ્રોચ બાકીની ટીમો માટે ઉદાહરણરૂપ

કાનપુર, તા.૧

રોહિત શર્મા ભલે ઘણો કુલ કપ્તાન છે પણ જ્યારે મેચની રણનીતિની વાત આવે છે તો તેનો એપ્રોચ ઘણો એગ્રેસિવ થઈ જાય છે અને આ આપણે પહેલા પણ જોઈ ચૂકયા છે. કે.એલ. રાહુલે મેચના પાચમા દિવસની રમત પહેલા જણાવ્યું હતું કે ચોથા દિવસે જ્યારે ટીમ ઈન્ડિયાને બેટિંગ માટે ઉતરવાનું હતું. રોહિતે ક્લિયર મેસેજ આપ્યો હતો આઉટ થઈ જાવ તો કઈ વાંધો નહીં પણ બાકીના સમયમાં જે કરી શકતા હોય તે કરવાનું છે. ભારતીય ટીમના દરેક બેટસમેને આ વાતની ગાંઠ બાંધી લીધી હતી. ભારતે ૩૪.૪ ઓવરમાં નવ વિકેટે ૨૮૫ રને ઈનિંગ ડિકલેર કરી દીધી. ૧૦ બેટસમેન મેદાન પર ઊતર્યા હતા. તેમાંથી ફક્ત ત્રણ એવા હતા જેમનો સ્ટ્રાઈક રેટ ૧૦૦ અથવા તેનાથી ઉપર હતો. ખુદ કપ્તાન રોહિતે બે સિક્સર સાથે પોતાની ઈનિંગની શરૂઆત કરી. બાકીના માટે એક ઉદાહરણ મૂકી દીધું હતું. ભારતે પ્રથમ ઈનિંગમાં ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી ૫૦, ૧૦૦, ૧૫૦, ૨૦૦ અને ૨૫૦ બનાવવાનો વર્લ્ડ રેકોર્ડ પણ આ જ મેચમાં બનાવ્યો. બાંગ્લાદેશ તરફથી પ્રથમ ઈનિંગમાં રહીમ અને મોમિનુલ હક ટકીને બેટિંગ કરી રહ્યા હતા. ચોથા દિવસે જ્યારે ટીમ ઈન્ડિયા બોલિંગ માટે ઉતરી તો કપ્તાન રોહિતે એટેકિંગ ફિલ્ડિંગ જમાવી હતી અને બોલરોનું રોટેશન પણ શાનદાર રીતે કર્યુ. બોલરોએ પણ એક યુનિટ તરીકે દમદાર પ્રદર્શન કર્યું અને કપ્તાને પણ સમય સમયે બોલિંગમાં ફેરફાર ચતુરાઈપૂર્વક કર્યા હતા.

# પૂના કરારની કિંમત : ગાંધીજીના ઉપવાસથી દલિતોની રાજકીય આકાંક્ષાઓ કેવી રીતે બદલાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

અમેરિકન લેખક અને રાજકારણી કોટન માથેર કહે છે, ઈતિહાસ એ ઘટનાઓની વાર્તા છે, જેમાં વખાણ અને દોષ બંને છે. તેમાં કોઈ શંકા નથી કે કોના વખાણ કે દોષારોપણ એ સામાજિક પરિસ્થિતિઓ અને તેમાં સામેલ પાત્રો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી શક્તિ દ્વારા નક્કી કરવામાં આવે છે. સ્વતંત્રતા ચળવળમાં શાંતિ અને અહિંસાના માર્ગે મોહનદાસ કરમચંદ ગાંધીને મહાત્મા (મહાન આત્મા)નું બિરૂદ અપાવ્યું હતું, પરંતુ દક્ષિણ આફ્રિકામાં તેમનો બે દાયકાનો કાર્યકાળ અશ્વેતો સામે જાતિવાદના આરોપો અને અધિકારો માટેના ભારતના સંઘર્ષથી ચિહ્નિત થયો હતો. દલિતો અને સ્વતંત્ર સામાજિક-રાજકીય ઓળખ માટેના તેમના સંઘર્ષને નુકસાન પહોંચાડવાના આરોપો તેમની ઉમદા છબી પર પડછાયા પાડતા રહ્યા.૧૯૩૦માં બંધારણીય સુધારા અંગેના સાયમન કમિશનના અહેવાલ પર વ્યાપક વિરોધની પૃષ્ઠભૂમિમાં, બ્રિટિશ સરકારે ભારતના નેતાઓ સાથે ચર્ચા કરવાનું નક્કી કર્યું. તેઓ ભારત સરકાર અધિનિયમ, ૧૯૩૫માં અપનાવવામાં આવનાર ફેરફારો અંગે ચર્ચા કરી રહ્યા હતા. ૧૯૩૧માં લંડન શહેરમાં બીજી ગોળમેજી પરિષદના ભાગ રૂપે યોજાયેલી ચર્ચાઓ નોંધપાત્ર છે કારણ કે તેમાં ધાર્મિક લઘુમતી અને અસ્પૃશ્ય (દલિતો) માટે અલગ મતદાર મંડળની જરૂરિયાત અંગે ચર્ચા કરવામાં આવી હતી. હિંદુ ધર્મમાંથી બાકાત અને રાજકીય લઘુમતી એવા અસ્પૃશ્ય (દલિતો)ની સલામતી અને કલ્યાણની ખાતરી માત્ર ધાર્મિક સુધારાઓ જ નહીં કરે તેવી દલીલ કરતાં, આંબેડકર ઈચ્છતા હતા કે અંગ્રેજો દલિતોને અન્ય ધાર્મિક લઘુમતીઓ જેવા સમાન અધિકારો આપવા માટે અલગ મતદાર મંડળો પ્રદાન કરે. જેથી તેઓ તેમના પ્રતિનિધિઓને ચૂંટવામાં મદદ મેળવી શકે. ડૉ.બી.આર. આંબેડકરની માગણીઓ અને દલીલોથી ગુસ્સે થઈને, ગાંધીજીએ દલિતો માટે અલગ મતદાર મંડળનો વિરોધ કરતા કહ્યું કે,જાતિ હિન્દુઓના હૃદયમાં પરિવર્તન એ તેમની સમસ્યાનો એકમાત્ર ઉકેલ છે અને તેમની કોંગ્રેસ પાર્ટી તે દિશામાં પગલાં લેશે.

આંબેડકરે ગાંધીના સ્વરાજને જાતિની યથાસ્થિતિ જાળવી રાખીને ભારતને સ્વતંત્રતા અપાવવાના ઉદ્દેશ્ય તરીકે જોયો હતો. ગોળમેજી પરિષદમાં તેમની વચ્ચેના કડવા મુકાબલે બંનેને કટ્ટર રાજકીય પ્રતિસ્પર્ધી તરીકે સ્થાપિત કર્યા.

# દલિત અત્યાચારમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન ટોચ પર : સરકારી અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

એક સરકારી અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ૨૦૨૨માં અનુસૂચિત જાતિ (SC) વિરુદ્ધ સૌથી વધુ અત્યાચારો નોંધાયા છે. અહેવાલમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે, આરોપીઓને દોષિત ઠેરવવાના દરમાં ઘટાડો થયો છે. ૨૦૨૨માં દોષિત ઠેરવવાનો દર ૨૦૨૦માં ૩૯.૨ ટકાથી ઘટીને ૩૨.૪ ટકા થઈ ગયો. જો કે, છેલ્લા ૧૦ વર્ષમાં લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પર અત્યાચારની ઘટનાઓમાં પણ વધારો થયો છે, આ સમુદાયો સંબંધિત કોઈ અહેવાલ સરકાર પાસે ઉપલબ્ધ નથી. હવે દલિતો કરતાં લઘુમતીઓ પર અત્યાચારના વધુ મામલા સામે આવી રહ્યા છે. અહેવાલ અનુસાર ૧૩ રાજ્યોમાં અનુસૂચિત જાતિ વિરુદ્ધ અત્યાચારના તમામ કેસમાંથી ૯૭.૭ ટકા કેસ નોંધાયા છે. ઉત્તરપ્રદેશમાં ૧૨,૨૮૬ કેસો અથવા કુલ ૨૩.૭૮ ટકા, રાજસ્થાનમાં ૮૬૫૧ કેસ (૧૬.૭૫ ટકા) અને મધ્યપ્રદેશમાં ૭૭૩૨ કેસ (૧૪.૯૭ ટકા) છે.

અન્ય રાજ્યોમાં ૬૭૯૯ કેસ સાથે બિહાર (૧૩.૧૬ ટકા), ૩૫૭૬ કેસ સાથે ઓડિશા (૬.૯૩ ટકા) અને ૨૭૦૬ કેસ સાથે મહારાષ્ટ્ર (૫.૨૪ ટકા) સામેલ છે. ૨૦૨૨માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ નોંધાયેલા કુલ કેસોમાંથી લગભગ ૮૧ ટકા કેસ આ છ રાજ્યોમાં જ હતા.

અધિનિયમ હેઠળ ૨૯૨૨માં અનુસૂચિત જાતિ વિરુદ્ધ અત્યાચારના કુલ ૫૧,૬૫૬ કેસ નોંધાયા હતા. આ તમામ કેસો ભારતીય દંડ સંહિતા હેઠળ પણ નોંધાયા હતા. અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, એસટી સામેના અત્યાચારના મોટાભાગના કેસો પણ ૧૩ રાજ્યોમાં કેન્દ્રિત હતા. અનુસૂચિત જનજાતિ સાથે સંકળાયેલા ૯૭૩૫ કેસમાંથી મધ્યપ્રદેશમાં ૨૯૭૯ (૩૦.૬૧ ટકા), રાજસ્થાનમાં ૨૪૯૮ કેસ (૨૫.૬૬ ટકા) અને ઓડિશામાં ૭૭૩ કેસ (૭.૯૪ ટકા) નોંધાયા છે. અનુસૂચિત જનજાતિ (ST) સાથે સંકળાયેલા નોંધપાત્ર સંખ્યામાં કેસ ધરાવતા અન્ય રાજ્યોમાં ૬૯૧ કેસ સાથે મહારાષ્ટ્ર (૭.૧૦ ટકા) અને ૪૯૯ કેસ સાથે આંધ્રપ્રદેશ (૫.૧૩ ટકા)નો સમાવેશ થાય છે. અહેવાલમાં તપાસ અને ચાર્જશીટના આધારે ડેટા આપવામાં આવ્યો છે. એસસી સાથે સંકળાયેલા કેસોમાં ૬૦.૩૮ ટકા કેસોમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જ્યારે ૧૪.૭૮ ટકા ખોટા દાવાઓ અથવા પુરાવાના અભાવને કારણે અંતિમ અહેવાલ સાથે સમાપ્ત થાય છે. ૨૦૨૨ના અંત સુધીમાં ૧૭,૧૬૬ કેસોમાં તપાસ બાકી હતી.

તેવી જ રીતે એસટી સાથે સંકળાયેલા કેસોમાં ૬૩.૩૨ ટકા કેસોમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જેમાંથી ૧૪.૭૧ ટકાનો અંતિમ અહેવાલ સાથે અંત આવ્યો હતો. ૨૦૨૨ના અંત સુધીમાં ૨૭૦૨ કેસ હજુ તપાસ હેઠળ હતા. અહેવાલમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે કે, આરોપીઓની સજાનો દર ઘટી ગયો છે. ૨૦૨૨માં દોષિત ઠેરવવાનો દર ઘટીને ૩૨.૪ ટકા થયો હતો, જે ૨૦૨૦માં ૩૯.૨ ટકા હતો.

અહેવાલમાં આ કેસોના નિરાકરણ માટે સ્થપાયેલી વિશેષ અદાલતોની અપૂરતી સંખ્યા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ૧૪ રાજ્યોના ૪૯૮ જિલ્લાઓમાંથી માત્ર ૧૯૪ જિલ્લાઓમાં જ કાયદા હેઠળના કેસોની ઝડપી સુનાવણી માટે વિશેષ અદાલતોની સ્થાપના કરવામાં આવી હતી. અહેવાલમાં એવા ચોક્કસ જિલ્લાઓની ઓળખ કરવામાં આવી છે કે, જે ખાસ કરીને અત્યાચાર માટે સંવેદનશીલ છે, પરંતુ માત્ર ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ આવા જિલ્લા જાહેર કર્યા છે. ઉત્તરપ્રદેશ સહિત બાકીના વિસ્તારોમાં, જ્યાં અનુસૂચિત જાતિને લગતા સૌથી વધુ કેસ નોંધાયા છે, ત્યાં કોઈ જિલ્લો જાહેર કરવામાં આવ્યો નથી. અહેવાલમાં જાતિ આધારિત હિંસા રોકવા અને સંવેદનશીલ સમુદાયો માટે મજબૂત સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આવા જિલ્લાઓમાં હસ્તક્ષેપ કરવા માટે કહેવામાં આવ્યું છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, હિમાચલપ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મેઘાલય, મિઝોરમ, ઓડિશા, પંજાબ, રાજસ્થાન, સિક્કિમ, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, ચંદીગઢ, દિલ્હીની એનસીટી, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને પુડુચેરીમાં એસસી/એસટી પ્રોટેક્શન સેલની સ્થાપના કરવામાં આવી છે.

# મુઝફ્ફરનગર સમાચાર : દલિતની હત્યાના આરોપમાં બે સગા ભાઈઓને આજીવન કેદ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

અદાવતના કારણે આધેડની હત્યા કરવા બદલ કોર્ટે બે સગા ભાઈઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે બંને આરોપીઓને ૨૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. આઠ વર્ષ પહેલા ભરતુના પુત્ર ધીરસિંહે પુરકાજી પોલીસ સ્ટેશન વિસ્તારના ગોધના ગામમાં કેસ નોંધાવ્યો હતો અને જણાવ્યું હતું કે, ગામના રવિપાલ ગુર્જરના પુત્ર સતીશ અને મંજુએ તેના ભત્રીજા જીલેના પુત્ર ૫૦ વર્ષીય સમય સિંહ ઉર્ફે ધોલાને ફોન કર્યો હતો. સિંહ ૨૩ એપ્રિલ ૨૦૧૬ના રોજ તેના ઘરેથી અને તેને બાઈક પર લઈ ગયો હતો. પરંતુ લાંબા સમય સુધી રાહ જોયા બાદ સમય સિંહ ઘરે પરત ફર્યો ન હતો. પરિવારજનોને તેની ચિંતા થઈ. ઘણી શોધખોળ બાદ સમય સિંહની લાશ બિટોડે પાસે સતીશના ટ્યુબવેલ પર પડેલી મળી આવી હતી. શરીર પર ઈજાના અનેક નિશાન હતા. કેસ નોંધતી વખતે એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સતીશ અને મંજુએ જૂની અદાવતના કારણે સમય સિંહની હત્યા કરી હતી. પોલીસે બંને આરોપીઓ સામે હત્યા અને એસસી-એસટી એક્ટ હેઠળ કેસ દાખલ કરીને ચલાણ રજૂ કર્યું હતું. આ ઘટનાના કેસની સુનાવણી એસસી-એસટી કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર, એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અશોક કુમારે કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે બંને આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી.

### ૧૧મી વખત પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો

# અશ્વિને મહાન મુરલીધરનના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી

કાનપુર, તા.૧

ટીમ ઈન્ડિયાના ઓફ સ્પિનર અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં એક નવી સિદ્ધિ મેળવી છે. અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં સૌથી પ્લેયર ઓફ ધ સિરીઝ એવોર્ડ મેળવનાર સંયુક્તરૂપથી વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. અશ્વિને શ્રીલંકાના મુરલીધરનની બરાબરી કરી લીધી છે. અશ્વિને એકવાર ફરી ટેસ્ટ ક્રિકેટમાં કમાલનું પ્રદર્શન કર્યું. અશ્વિને ૧૧મી વાર ટેસ્ટ ક્રિકેટમાં પ્લેયર ઓફ ધ સિરીઝ એવોર્ડ પોતાના નામે કર્યો. આટલા જ એવોર્ડ શ્રીલંકાના મહાન સ્પિનર મુરલીધરને ટેસ્ટ ક્રિકેટમાં જીત્યા છે. દ.આફ્રિકાના જેક કાલિસે નવ વખત પ્લેયર ઓફ ધ સિરીઝનો એવોર્ડ જીત્યો છે જ્યારે રિચર્ડ હેડલી, ઈમરાનખાન અને શેન વોર્ન ૮-૮ વખત ટેસ્ટ સિરીઝમાં પ્લેયર ઓફ પર સિરીઝ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. અશ્વિન પહેલાંથી જ ભારત માટે સૌથી વધારે પ્લેયર ઓફ ધ મેચ અને સિરીઝ એવોર્ડ જીતનાર ખેલાડી ચેન્નાઈ ટેસ્ટ મેચ સાથે બની ગયો હતો જ્યારે તેણે સચિન તેનડુલકરને પાછળ પાડી દીધા હતા. અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦ વિકેટ ઝડપી ચૂક્યો છે તે ૫૦૦૦થી વધારે રન પણ ટેસ્ટ ક્રિકેટમાં બનાવી ચૂક્યો છે.

### કોહલી અને સ્ટોક્સને પાછળ પાડી દીધા

# રોહિત શર્મા WTCના ઈતિહાસનો સૌથી સફળ કપ્તાન બની ગયો

કાનપુર, તા.૧

રોહિત શર્મા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ (ડબ્લ્યુટીસી)ના ઈતિહાસનો સૌથી સફળ કપ્તાન બની ગયો છે. રોહિત શર્મા વિનિંગ ટકાવારીના હિસાબથી ડબ્લ્યુટીસીમાં સૌથી વધારે મેચ જીતનાર કપ્તાન બની ગયો છે. આ મામલામાં રોહિત શર્માએ પોતાના જ દેશના પૂર્વ કપ્તાન વિરાટ કોહલી અને ઈંગ્લેન્ડના હાલના કપ્તાના બેન સ્ટોક્સને પાછળ પાડી દીધા છે. એટલું જ નહીં રોહિત શર્માએ ઈંગ્લેન્ડના પૂર્વ કપ્તાન જો રૂટની પણ બરાબરી ડબ્લ્યુટીસી ટેસ્ટ મેચ જીતવાના મામલામાં કરી લીધી છે. ભારતીય કપ્તાન રોહિત શર્માની



જીતની ટકાવારી ડબ્લ્યુટીસી ઈતિહામાં ૬૬.૭૦ થઈ ગઈ છે. જ્યારે વિરાટ કોહલીએ ૬૩.૬ની ટકાવારી સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં મેચ જીતી હતી. લિસ્ટમાં ત્રીજા સ્થાને બેન સ્ટોક્સ છે. જેની જીતની ટકાવારી ડબ્લ્યુટીસી ૬૨.૫ છે. જો કે સૌથી વધારે ટેસ્ટ મેચ પેટ કમિન્સે ડબ્લ્યુટીસીના ઈતિહાસમાં જીતી છે. કમિન્સે ૧૭ ટેસ્ટ મેચ ડબ્લ્યુટીસીના ઈતિહાસમાં જીતી છે. બેન સ્ટોક્સ ૧૫ ટેસ્ટ મેચ સાથે બીજા સ્થાને છે. વિરાટ કોહલીએ ૧૪ ટેસ્ટ ડબ્લ્યુટીસીમાં જીતી છે અને રોહિત શર્મા અને જો રૂટે ૧૨-૧૨ ટેસ્ટ મેચ જીતી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રોહિત શર્માએ શ્રીલંકા વિરૂદ્ધ ટેસ્ટ સિરીઝની કેપ્ટનશીપ સંભાળી હતી. ત્યારબાદથી તે એક પણ સિરીઝ હાર્યો નથી. એક સિરીઝ ડ્રો જરૂર રહી છે પણ તે દરેક સિરીઝને જીતી છે. જો કે એક અપવાદ એ પણ છે કે તે ડબલ્યુટીસી ફાઈનલ પણ હાર્યા છે. રોહિત શર્માની કેપ્ટનશીપમાં ભારત ફક્ત ત્રણ ટેસ્ટ મેચ હાર્યું છે. જેમાં બે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ અને એક દ.આફ્રિકા સામે હારી છે.


**ગુજરાત ટુડે**

**ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

મેડિકલ સ્ટોર્સ માટે અનુભવી વ્યક્તિની જરૂર છે. તાત્કાલિક સહયોગ હોસ્પિટલ, શાંતિપુરા
**9328424440**

**વેચવાનું છે**

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK અકીબા હાઈટ્સ એલોટેડ કાર પાર્કિંગ T.P. 85 સરખેજ ટાઈટલ ક્લિયર
**7405498562**

........................

**વેચવાની છે**
સેમી ફર્નિશ્ડ ઓફિસ ૫૦૦ સ્કે.ફુટ, શીતલ-વર્ષા કોમ્પ્લેક્ષ જમાલપુર ચાર રસ્તા, અમદાવાદ.
**9825275759**

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈ પ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
**9825215334**
**9904969895**



standard chartered **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક**

**કબજા નોટિસ સ્થાવર મિલકતો માટે**

આથી,નીચે સહી કરનાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્કના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ નિયમ ૮ (૧) એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ ઉક્ત કાયદાની કલમ ૧૩ (૧૨) સાથે રૂલ ૩ વાંચવું સાથે સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ ૨૦૦૨ હેઠળ રોજ દરેક એકાઉન્ટ સામે દર્શાવેલ તારીખે મળેલ સત્તાની રૂએ માંગણી નોટિસ પાઠવી હતી અને દેણદારો આ નોટિસ મળ્યેથી ૬૦ દિવસમાં પરત કરવા આહ્‌વાન કર્યુ હતું.
દેણદાર-દેણદારો ઉક્ત રકમની પુનઃ ચુકવણીમાં નિષ્ફળ ગયા હોવાથી આ સાથે જ ખાસ કરીને દેણદારો અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે અહીં નીચે વર્ણવેલી સંપત્તિનો ઉક્ત કાયદાની કલમ ૧૩ (૪)ના નિયમ ૮ સાથે વાંચવું હેઠળ દરેક એકાઉન્ટની સામે દર્શાવેલ તારીખે કબજો મેળવી લીધો છે.
દેણદારોનું ધ્યાન એક્ટની કલમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈ માટે સુરક્ષિત સંપત્તિને છૂટા કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં આમંત્રિત છે.

| ક્રમ નં. | લોન એગ્રીમેન્ટ નં. | દેણદારો/સહદેણદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ | બાકી નીકળતી રકમ | કબજા મેળવેલ તારીખ | સ્થાવર મિલકતોનું વર્ણન |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૪૨૬૭૮૮૫૪ | પ્રવિણ શંકરલાલ જૈન | ૧૨.૦૭.૨૦૨૪ | રૂા.૪,૭૧,૬૮૦.૬૧/- | ૨૬.૦૯.૨૦૨૪ | તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જમીન સ્થિત ગામ માગોબ, તા. ચોર્યાસી, રેવન્યુ સર્વે નં.૭૦/૨/બી, બ્લોક નં.૧૩૧, ટી.પી. સ્કીમ નં.૫૩, (માગોબ-ડુમ્ભલ), ઓરિજિનલ પ્લોટ નં.૪૮, ફાઈનલ પ્લોટ નં.૪૮, ક્ષેત્રફળ ૨૦૨૪ ચો.મી., સ્કીમ નામે 'વૃંદાવન પાર્ક' પૈકી રેડિન્શિયલ પ્લોટ નં.૧૮, ક્ષેત્રફળ લગભગ ૭૧.૧૩ ચો.મી. જિ. સુરત, અને સબ જિ. સુરત, સિટી-૩ (નવાગામ) આ મુજબ ખૂંટ : પૂર્વ : ખાનગી પ્લોટ નં.૧૭ પશ્ચિમ : ખાનગી પ્લોટ નં.૧૯ ઉત્તર : ૨૦ ફૂટ પહોળો સોસાયટી રોડ દક્ષિણ : ફાઈનલ પ્લોટ નં.૪૮ની મિલકત |
| ૨. | ૫૨૭૧૯૪૭૨ અને ૫૨૮૭૭૫૬૬ | ભાવિકકુમાર વિનોદભાઈ પટેલ/ કિસ્મતબેન ભાવિકભાઈ પટેલ | ૧૨.૦૭.૨૦૨૪ | રૂા.૩૭,૮૮,૫૪૨.૩૫/- | ૨૬.૦૯.૨૦૨૪ | તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનો ફ્લેટ નં.એ/૧૦૨, (ક્ષેત્રફળ ૮૫.૬૫ ચો.મી. બિલ્ટ અપ એરિયા મુજબ) પ્રમુખ રેસિડેન્સી-એમાં, સ્થિત જમીન ધરાવતા રેવન્યુ સર્વે નં.૫૯ પૈકી૧, ૫૯ પૈકી ૨, સિટી સર્વે વોર્ડ : કતારગામ, શીટ નં.૪૦, ગામ કતારગામ, તા. સિટી જિ. સુરત અને કમ્પ્રાઈઝડ ટી.પી સ્કીમ નં.૩૫ (કતારગામ), ડ્રાફ્ટ એફપી નં. ૫૨, પ્રાથમિક એફપી નં.૬૯, બિનવહેંચાયેલ હિસ્સા જમીન સાથે ક્ષેત્રફળ ૨૧.૪૧ ચો.મી. બિલ્ડિંગ આ મુજબ ખૂંટ : પૂર્વ : ટી.પી.રોડ પશ્ચિમ : સી.ઓ.પી. ઉત્તર : ટી.પી. રોડ દક્ષિણ : એફપી નં.૫૨ની જમીન |

સ્થળ : સુરત
તારીખ : ૦૨/૧૦/૨૦૨૪

અધિકૃત ઓફિસર,
વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

# નિષ્ક્રિય બેસી રહેવા માંગતી પત્નીઓને કલમ ૧૨૫ CrPCનો દુરુપયોગ કરવાની મંજૂરી આપી શકાય નહીં : પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ

## હાઈકોર્ટે તેના પતિ તરફથી વચગાળાની અથવા અંતિમ ભરણપોષણ માટેની મહિલાની અરજીને ફગાવી દેવાના ફેમિલી કોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું હતું

(એજન્સી) તા.૧

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે તાજેતરમાં અવલોકન કર્યું હતું કે જે પત્નીઓ ઘરમાં નિષ્ક્રિય રહેવા માંગે છે તેઓને ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણ માટેની જોગવાઈનો દુરુપયોગ કરવાની મંજૂરી આપી શકાતી નથી. જસ્ટિસ નિધિ ગુપ્તાએ મહિલાની તેના પતિ પાસેથી વચગાળાની અથવા અંતિમ ભરણપોષણની અરજીને ફગાવી દેવાના ફેમિલી કોર્ટના આદેશને સમર્થન આપતી વખતે આ અવલોકન કર્યું હતું.

કોર્ટે અવલોકન કર્યું કે, કલમ ૧૨૫ Cr.P.C.નો હેતુ ત્યજી દેવાયેલી પત્નીઓને બચાવવા માટે છે જેઓ પોતાની જાતને નિરાશા અને નિરાધારતાથી જાળવી રાખવામાં અસમર્થ છે. આ જોગવાઈનો દુરુપયોગ કરવાની પરવાનગી આપી શકાતી નથી કે જ્યારે પતિ કામ કરે છે, કમાય છે, રોજબરોજનું ધ્યાન રાખે છે, ભાવનાત્મક, નાણાકીય અને શારીરિક જરૂરિયાતો સંભાળે છે અને સગીર બાળકો તેમજ તેના અન્ય આશ્રિતોની જાળવણી કરે છે ત્યારે સક્ષમ પત્નીઓને ઘરમાં બેસી રહેવા આ અધિનિયમનો ઉપયોગ કરવાની મંજૂરી આપી શકાય નહીં.

આ મહિલાએ દાવો કર્યો હતો કે તે ગામડાની જ છે જેમાં કોઈ કમાણી થતી નથી, જ્યારે તેનો પતિ ફેક્ટરીમાં કડિયાકામ કરતો હતો અને દર મહિને રૂા.૧૨,૦૦૦ કમાતો હતો. તેણીના વકીલે જણાવ્યું હતું કે તેણીને તેના પતિ



અને સાસરીયાઓ દ્વારા દહેજ માટે હિંસા કરવામાં આવી હતી. તેમની સામે આ સંબંધમાં એફઆઈઆર પેન્ડિંગ છે. એવી દલીલ પણ કરવામાં આવી હતી કે ફેમિલી કોર્ટ દ્વારા ભરણપોષણ માટેની અરજી ફગાવી દેવામાં આવી હતી કારણ કે તે તેના પુત્રના જન્મ વિશે માહિતી આપી ન હતી અને તેણે માત્ર તેની પુત્રી વિશે જ ખુલાસો કર્યો હતો.

આ કેસની વિચારણા કર્યા પછી, કોર્ટે નોંધ્યું કે દંપતીએ ૨૦૧૦માં લગ્ન કર્યા હતા અને લગ્નજીવનથી બે બાળકોનો જન્મ થયો હતો. વધુમાં, વૈવાહિક વિખવાદને કારણે, પત્ની જુલાઈ ૨૦૧૪થી અલગ રહે છે. નવેમ્બર ૨૦૧૪માં તેણીએ તેના પતિ પાસેથી ભરણપોષણ માટે કલમ ૧૨૫ CrPC હેઠળ અરજી દાખલ કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, તેની સમક્ષ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓના આધારે, વિદ્વાન ફેમિલી કોર્ટે સ્પષ્ટ તારણો કર્યા છે કે અરજદારે પર્યાપ્ત કારણ વગર વૈવાહિક ઘર છોડી દીધું હતું. ટ્રાયલ કોર્ટ સમક્ષ તેણીની ક્રોસ એક્ઝામિનેશન દ્વારા કોર્ટે તારણ કાઢ્યું હતું કે તેણીના પોતાના કબૂલાતથી તે સ્પષ્ટ છે કે તેણી પતિ સાથે રહેવા માંગતી નથી. તે જાણવા મળ્યું કે તેણીએ લગ્નના ઘર છોડતી વખતે ૧-૩ વર્ષની વયના સગીર બાળકોની કસ્ટડી માટે કોઈ અરજી કરી ન હતી. તેથી, ઉપરોક્ત કલમ ૧૨૫(૪) Cr.P.C. હેઠળ, અરજદાર ભરણપોષણ માટે હકદાર નથી. કોર્ટે કહ્યું કે પતિ દર મહિને રૂા.૧૨,૦૦૦ કમાતો હતો તે સાબિત કરવા માટે કોઈ પુરાવા નથી. ફેમિલી કોર્ટે નોંધ્યું કે તે દર મહિને માત્ર રૂા.૬-૭ હજારની કમાણી સાથે ખાનગી નોકરી કરતો હતો. તે ઉપરાંત, પ્રતિવાદી તેની વૃદ્ધ માતા સાથે સગીર બાળકોને પણ સંભાળી રહ્યો છે. બીજી તરફ, અરજદારની આવી કોઈ જવાબદારી નથી. અરજદાર તેના માતાપિતાના ઘરે અલગ રહે છે. સ્વીકાર્યપણે, અરજદાર શારીરિક રીતે સક્ષમ છે. જો કે, તેણી કામ કરતી ન હોવાનો દાવો કરે છે.

# 'અંબાણીએ લગ્નમાં ૧૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે તે તમારા લોકોના નાણાં હતા', રાહુલ ગાંધીએ હરિયાણામાં ચૂંટણી પ્રચારમાં મોદી પર પ્રહાર કર્યા

## રાહુલ ગાંધીએ મંગળવારે હરિયાણાના બહાદુરગઢમાં એક જાહેર રેલીમાં મુકેશ અંબાણીના પુત્રના લગ્ન અંગે વાત કરીને મોદીની ટીકા કરી હતી

(એજન્સી) તા.૧

કોંગ્રેસ સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે હરિયાણાના બહાદુરગઢમાં એક જાહેર રેલીમાં મુકેશ અંબાણીના પુત્રના લગ્ન અંગે કટાક્ષ કરતાં મોદીની ટીકા કરી હતી. રાહુલે દાવો કર્યો હતો કે, અંબાણીએ લગ્નમાં કરોડોનો ખર્ચ કર્યો હતો, પરંતુ આપણા ખેડૂતો દેવું કરીને લગ્નનું આયોજન કરી શકે છે.

રાહુલે કહ્યું કે, શું તમે અંબાણીના લગ્ન જોયા છે ? અંબાણીએ લગ્નમાં કરોડોનો ખર્ચ કર્યો હતો. આ પૈસા કોના છે ? તે તમારા પૈસા છે. તમે તમારા બાળકોના લગ્ન કરવા માટે બેંક લોન લો છો પરંતુ નરેન્દ્ર મોદીજીએ એક એવું માળખું બનાવ્યું છે કે, જેના હેઠળ પસંદગીના ૨૫ લોકો લગ્નમાં કરોડોનો ખર્ચ કરી શકે છે, પરંતુ એક ખેડૂતને લગ્ન માટે દેવું કરવું પડે છે. આ બંધારણ પર હુમલો નથી, તો શું છે ? શું તમે અંબાણીના લગ્ન જોયા ? તે ૧૫ દિવસ સુધી ચાલ્યા હતા, તમે બધાએ તે જોયું છે. શું તમે લગ્નમાં મોદીજીને જોયા ? હા, તેઓ ત્યાં હતા. શું તમે રાહુલ ગાંધીને ત્યાં જોયા ? હવે સ્પષ્ટ છે કે, કોણ કોની સાથે છે. રાહુલે કહ્યું કે, હરિયાણામાં રોજગારીની તકો હતી તે બંધ થઈ ગઈ છે. મોદી કહેતા હતા કે ગેસ સિલિન્ડરની



કિંમત ૪૦૦ રૂપિયા થઈ ગઈ છે. આજે તેનો દર ૧૨૦૦ રૂપિયા છે. જ્યારે કોંગ્રેસ સત્તામાં આવશે ત્યારે સિલિન્ડરનો દર રૂપિયા ૫૦૦ થઈ જશે. અમે તમારા ખાતામાં રૂા.૨૦૦૦ જમા કરાવીશું, હરિયાણામાં ખેડૂતો તેમના અનાજને વેચવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ ખેડૂતોને ખબર છે કે, તેમને તેમના અનાજનો યોગ્ય ભાવ મળી રહ્યો નથી પછી તે ડાંગર, ઘઉં કે શેરડી હોય. અમે હરિયાણાના ખેડૂતો માટે લઘુત્તમ ટેકાના ભાવ આપીશું. રાહુલે ખેડૂતોને વચન આપ્યું હતું કે, તેમની સરકાર સત્તામાં આવતાની સાથે જ તેઓ તેમને MSP આપશે અને ડાંગર ખરીદશે. અમે ખેડૂતોને એમએસપી આપીશું. પહેલા તમને જેલમાંથી ખંડણી માટે કોલ આવતા હતા, પરંતુ હવે તમને વિદેશથી ફોન આવે છે. હરિયાણા સરકારે બેરોજગારી વધારી છે. બે લાખ સરકારી નોકરીની જગ્યાઓ ખાલી છે. કોંગ્રેસ સરકાર આ ખાલી જગ્યાઓ ભરશે. ગરીબો માટે અમે ૧૦૦ યાર્ડના પ્લોટ અને બે બેડરૂમના ઘર માટે ૩.૫ લાખ રૂપિયા અને ૩૦૦ યુનિટ મફત વીજળી અને ૨૫ લાખ રૂપિયાનો આરોગ્ય સંભાળ વીમો પ્રદાન કરીશું. આરએસએસ અને બીજેપી પર પ્રહાર કરતા રાહુલે કહ્યું કે, આરએસએસના લોકો દેશની સંસ્થાઓમાં પોતાના લોકોને ભરે છે અને દલિત અને પછાત વર્ગને કોઈ સ્થાન નથી મળતું ત્યારે તેઓ બંધારણ પર પ્રહાર કરે છે. મોદી અદાણી અને અંબાણીની મદદ કરે છે અને દેશની રોજગાર વ્યવસ્થાને બરબાદ કરે છે તો તેઓ બંધારણ પર પ્રહાર કરે છે અને મોદી તેઓની ૧૬ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરે છે અને ખેડૂતોની લોન માફ કરતા નથી. તેઓ બંધારણ પર હુમલો કરી રહ્યા છે. તેમણે મોદી પર પ્રહાર કરતા કહ્યું કે, જ્યારે તેઓ અદાણીને મદદ કરવા અને ખેડૂતોના જીવનને બરબાદ કરવા માટે ત્રણ કૃષિ કાયદા લાવે છે તો તે બંધારણ પર હુમલો છે. હરિયાણાની તમામ ૯૦ વિધાનસભા બેઠકો માટે પાંચ ઓકટોબરે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે.

# બેંગકોકની બહાર સ્કૂલ બસમાં આગ, તેમાં સવાર ૨૫નાં મોતની અધિકારીઓને આશંકા

## રાજધાનીના પથુમ થાની પ્રાંતમાં બપોરના સુમારે આગ શરૂ થઈ ત્યારે બસ મધ્ય ઉથાઈ થાની પ્રાંતથી ૪૪ મુસાફરોને શાળાની સફર માટે બેંગકોક લઈ જઈ રહી હતી

(એજન્સી) બેંગકોક, તા.૧

અધિકારીઓ અને બચાવકર્તાઓએ જણાવ્યું હતું કે, ઉપનગરીય બેંગકોકમાં યુવાન વિદ્યાર્થીઓને તેમના શિક્ષકોને લઈ જતી બસમાં આગ લાગી હતી જેમાં સવાર ૨૫ લોકોના મોતની આશંકા છે. વાહનવ્યવહાર મંત્રી સુરિયા જુંગરૂંગરૂંગકીટે ઘટનાસ્થળે પત્રકારોને જણાવ્યું હતું કે, બસ મધ્ય ઉથાઈ થાની પ્રાંતથી ૪૪ મુસાફરોને શાળાની સફર માટે બેંગકોક લઈ જઈ રહી હતી ત્યારે રાજધાનીના ઉત્તરીય ઉપનગર પથુમ થાની પ્રાંતમાં બપોરના સુમારે આગ લાગી હતી. ગૃહ પ્રધાન અનુતિન ચર્નવિરાકુલે જણાવ્યું હતું કે અધિકારીઓ હજુ



સુધી મૃત્યુની સંખ્યાની પુષ્ટિ કરી શક્યા નથી કારણ કે તેઓએ ઘટનાસ્થળની તપાસ પૂર્ણ કરી નથી, પરંતુ બચી ગયેલા લોકોની સંખ્યાના આધારે, તેમણે જણાવ્યું હતું કે ૨૫ લોકોના મૃત્યુની આશંકા છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે આખી બસ રસ્તા પર ઊભી રહેતાં કાળા ધુમાડાના ગોટેગોટા સાથે આગની લપેટમાં આવી ગઈ હતી. વિદ્યાર્થીઓની ઉંમર અને અન્ય વિગતો હજુ જાણી શકાઈ નથી. ઘટનાસ્થળ પરના એક બચાવકર્તાએ સૂર્યાને જણાવ્યું હતું કે એક ટાયર ફાટવાથી અને વાહન રસ્તાના અવરોધની સામે અથડાઈ જતાં આગ લાગી હતી. બચાવ જૂથ હોંગસાકુલ ખલોંગ લુઆંગ ૨૧ એ તેના ફેસબુક પેજ પર પોસ્ટ કર્યું કે તેમને બસમાં ઓછામાં ઓછા ૧૦ મૃતદેહો મળ્યા હતા.

# મણિપુરમાં અટકાયતો અને વાટાઘાટોને પગલે વધતી જતી પરિસ્થિતિમાં નવા પરિમાણોનો ઉમેરો

## નિરીક્ષકો માને છે કે, શાંતિવાર્તાના રૂપમાં ઉકેલની પહેલ દિલ્હીએ જ કરવી પડશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

અશાંતિગ્રસ્ત મણિપુરમાં કુકીબહુલ કાંગ પોકપી જિલ્લામાં ગ્રામ્ય વોલ્ટીયરો દ્વારા બે મૈતી યુવાનોની અટકાયતને પગલે સુરક્ષાની સ્થિતિ વધુ વણસી ગઈ છે અને કેન્દ્ર તથા નાનકડા રાજ્યની પ્રજા વચ્ચે અવિશ્વાસની ખાઈ વધુ પહોળી બની છે.

હિંસાનો કોઈ અંત આવી રહ્યો નથીં અને બંને પક્ષોને શાતિ મંત્રણાના મેજ પર લાવીને ત્વરીત રીતે રાજકીય ઉકેલ શોધવાની માંગણી જોર પકડી રહી છે. અત્યારે તો કોઈ વાટાઘાટો થતી નથી પણ બે બંધક યુવાનો માટે વોલ્ટીયરના જૂથો, રાજ્ય પ્રશાસન અને સ્થાનિક પોલીસ વચ્ચે ચર્ચા થઈ રહી છે પણ બે માંગણીનો સ્વીકાર ન થાય ત્યાં સુધી યુવાનોને છોડવાનો કુકી જૂથે ઈન્કાર કર્યો છે. એમની પહેલી માંગણી ઈમ્ફાલની સાજીવા જેલમાં રહેલા કુકી કેદીઓને ચુરાચંદ્રપુર જેલમાં ખસેડવાની છે પણ સુરક્ષા તંત્ર કહે છે કે, અદાલતના આદેશ વિના કોઈને એક



જેલમાંથી બીજી જેલમાં ખસેડી ન શકાય એ માટે કુકી જૂથે કોર્ટમાં જવું પડે. કુકી જૂથની બીજી માંગણી જામીન મળ્યાં છતાં જેલમાં રાખવામાં આવેલા કુકી કેદીઓને છોડી મૂકવાની છે. હકીકતે અટકાયતો અને વાટાઘાટોએ વધુ ખરાબ થતી સલામતીની સ્થિતિને નવો વળાંક આપ્યો છે અને રાજયમાં હિંસાનો ચરૂ ઉકળતો જ રહ્યો છે. યુવાનોનો પકડી જનારા સામે ફોજદારી કેસો કરવાની પણ કડક માંગણી થઈ રહી છે. હવે નિરીક્ષકો માને છે કે, નવી દિલ્હીએ શાંતિ વાર્તાના રૂપમાં નિરાકરણ લાવવું પડશે.

# ફ્રેન્ચ ફ્રાઈસ ખાવી એ સિગારેટ પીવા કરતાં પણ વધુ હાનિકારક છે : અગ્રણી કાર્ડિયોલોજિસ્ટની ચેતવણી

## તાજેતરના અભ્યાસો અને નિષ્ણાંતો ચેતવણી આપે છે કે ફ્રેન્ચ ફ્રાઈસના વારંવાર સેવનથી વજનમાં વધારો, હૃદયના સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ અને કેન્સરનું જોખમ વધી શકે છે. અગ્રણી કાર્ડિયોલોજિસ્ટ્સ ફ્રાઈંગ દરમિયાન બનતા ટ્રાન્સ ચરબી અને કાર્સિનોજેનિક સંયોજનોના જોખમો જાહેર કરી ફ્રેન્ચ ફ્રાઈસ ખાવાના જોખમોને ૨૫ સિગારેટ પીવા સાથે સરખાવે છે

(એજન્સી) તા.૧

ફ્રેન્ચ ફ્રાઈસએ વિશ્વભરના સૌથી લોકપ્રિય અને પ્રિય નાસ્તામાનું એક છે. બર્ગરની સાઈડ ડિશ તરીકે હોય કે જાતે જ માણવામાં આવે, તે ઘણા લોકો માટે આરામદાયક ખોરાક બની ગયા છે. તેમની ક્રિસ્પી ટેક્સચર અને ક્ષારયુક્ત સ્વાદ ખાવા માટે લલચાવે છે, પરંતુ આ સ્વાદના ચટકા પાછળ સ્વાસ્થ્યની ગંભીર ચિંતા રહેલી છે. તાજેતરના અભ્યાસો અને નિષ્ણાંતોના અભિપ્રાયોથી જાણવા મળ્યું છે કે ફ્રેંચ ફ્રાઈસના વારંવાર સેવનથી માત્ર વજનમાં જ વધારો થતો નથી પરંતુ તેનાથી હૃદયના સ્વાસ્થ્ય પર પણ હાનિકારક અસર પડે છે અને કેન્સરનું જોખમ વધે છે. ફ્રેન્ચ ફ્રાઈસની મુખ્ય ચિંતાઓમાંની એક એ છે કે તેઓ કેવી રીતે તૈયાર થાય છે. સામાન્ય રીતે, તેઓ ઊંચા તાપમાને તેલમાં તળેલા હોય છે, જે બિનઆરોગ્યપ્રદ સંયોજનોની રચના તરફ દોરી જાય છે. રાજ શમાની સાથેના તાજેતરના એપિસોડમાં, અગ્રણી કાર્ડિયોલોજિસ્ટ રવિન્દર સિંઘ રાવે બટાકાને ફ્રાય કરવા માટે વપરાતા તેલના સંભવિત જોખમો સમજાવ્યા. ડૉ. રાવે કહ્યું, 'ફ્રેન્ચ ફ્રાઈસ—આપણને ખબર નથી કે કયા તેલનો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને તે તેલનો કેટલી વખત ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે પણ તેલને ફરીથી ગરમ કરવામાં આવે છે, ત્યારે તે ટ્રાન્સ ફેટી એસિડમાં પરિવર્તિત થાય છે, જે હૃદય માટે હાનિકારક છે,' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટ્રાન્સફેટ શરીરમાં જમા થઈ શકે છે, જે કાર્ડિયોવેસ્ક્યુલર સ્વાસ્થ્યને અસર કરે છે અને લાંબા ગાળાના નુકસાન તરફ દોરી જાય છે. ડૉ. રાવે જાહેર કર્યું કે વધુ ચિંતાજનક વાત એ છે કે ફ્રેન્ચ ફ્રાઈસનું સેવન કરવાથી ૨૫ સિગારેટ પીવાની સમકક્ષ કાર્સિનોજેનિક અસર થઈ શકે છે,'' . ટ્રાંસ ચરબી, જે ઘણીવાર ફ્રેન્ચ ફ્રાઈસ જેવા તળેલા ખોરાકમાં જોવા મળે છે, તે લાંબા સમયથી નકારાત્મક સ્વાસ્થ્ય પરિણામો સાથે સંકળાયેલી છે. તેલને ઊંચા તાપમાને ગરમ કરી ફ્રેંચ ફ્રાઈસ બનાવવામાં આવે છે, અને જ્યારે આ તેલનો રસોઈમાં ઘણી વખત વારંવાર કરવામાં આવે છે, ત્યારે ટ્રાન્સ ચરબીનું સ્તર નોંધપાત્ર રીતે વધે છે. ન્યુ ઈંગ્લેન્ડ જર્નલ ઑફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે ટ્રાન્સ ચરબીનો વપરાશ કોરોનરી હૃદય રોગના વધતા જોખમ સાથે સંકળાયેલ છે. આ નું કારણ એ છે કે ટ્રાન્સ ચરબી એલડીએલ (ખરાબ) કોલેસ્ટ્રોલનું સ્તર અને એચડીએલ (સારા) કોલેસ્ટ્રોલનું નીચું સ્તર વધારે છે, જેનાથી ધમનીઓ બંધ થઈ જાય છે અને હાર્ટ એટેક અને સ્ટ્રોકની શક્યતા વધી જાય છે. કાર્ડિયોવેસ્ક્યુલર સ્વાસ્થ્ય જોખમો ઉપરાંત, ટ્રાન્સ ફેટ પણ કેન્સરના વધતા જોખમ સાથે સંકળાયેલી છે. ફ્રાઈંગમાં વપરાતા તેલને વારંવાર ગરમ કરવાથી એલ્ડીહાઈડ્સ નામના હાનિકારક પદાર્થો ઉત્પન્ન થાય છે, જે કાર્સિનોજેન્સ તરીકે ઓળખાય છે. ધી જર્નલ ઓફ લિપિડ રિસર્ચમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જણાવાયું છે કે ફ્રાઈંગ દરમિયાન બનેલા એલ્ડીહાઈડ ડીએનએને નુકસાન પહોંચાડે છે અને કેન્સરગ્રસ્ત કોષોના વિકાસમાં ફાળો આપે છે. લાંબા સમય સુધી અને વધુ વખત તેલ ગરમ થવાથી, વધુ એલ્ડીહાઈડ્સ ઉત્પન્ન થાય છે, જે ફરીથી ઉપયોગમાં લેવાતા તેલમાં રાંધેલા ફ્રેન્ચ ફ્રાઈસને ખાસ કરીને જોખમી બનાવે છે.

**ફ્રેન્ચ ફ્રાઈસ અને ધૂમ્રપાન**

અમે યોગેન્દ્ર સિંહ રાજપૂત, એસોસિયેટ ડાયરેક્ટર - કાર્ડિયોલોજી, મેરેન્ગો એશિયા હોસ્પિટલ્સ, ગુરૂગ્રામનો આ મુદ્દે સંપર્ક કર્યો. જેઓ શેર કરે છે કે ફ્રેન્ચ ફ્રાઈસ ખાવી સિગારેટ પીવા કરતાં કેવી રીતે વધુ હાનિકારક છે ? આ પ્રથા હાનિકારક હોવાનું જાણીતું છે અને હૃદય રોગ, ફેફસાના કેન્સર અને અન્ય શ્વસન સમસ્યાઓ સાથે જોડાયેલું છે. સેવનની આવર્તન : સિગારેટના ધૂમ્રપાન અને ફ્રેન્ચ ફ્રાયના વપરાશનો ગુણોત્તર એક નોંધપાત્ર પરિબળ છે. જાહેર આરોગ્ય અભિયાનો અને જાગરૂકતાના



પ્રયાસોને લીધે, વિશ્વના ઘણા ભાગોમાં સિગારેટના ધૂમ્રપાનમાં ઘટાડો થયો છે; તેમ છતાં, ફાસ્ટ ફૂડનો વપરાશ, ખાસ કરીને ફ્રેન્ચ ફ્રાઈસ, હજુ પણ સામાન્ય અને સામાજિક રીતે સ્વીકાર્ય છે. ઘણા લોકો તેમના સ્વાસ્થ્યને ધ્યાનમાં લીધા વિના વારંવાર ફ્રેન્ચ ફ્રાઈસનું સેવન કરે છે. વ્યસનકારક સ્વભાવ : સિગારેટની જેમ જ ફ્રેન્ચ ફ્રાઈસમાં વ્યસનની નોંધપાત્ર સંભાવના છે. મગજની પુરસ્કાર પ્રણાલી ચરબી, મીઠું અને કાર્બોહાઈડ્રેટ્સના મિશ્રણ દ્વારા ટ્રિગર થાય છે, જે લોકો માટે તેમના સેવનને નિયંત્રિત કરવાનું મુશ્કેલ બનાવે છે અને તૃષ્ણાઓ તરફ દોરી જાય છે. નિકોટિનના વ્યસનની જેમ જ, તેઓ સંભવિત નકારાત્મક અસરોથી વાકેફ હોવા છતાં પણ લોકો બિનઆરોગ્યપ્રદ ખોરાક તરફ ખેંચાય છે. લાંબા ગાળાના સ્વાસ્થ્ય જોખમો : તે નિર્વિવાદ છે કે ધૂમ્રપાન હૃદય રોગ, એમ્ફિસીમા અને કેન્સર જેવી મોટી બીમારીઓનું કારણ બને છે. બીજી તરફ, સ્થૂળતા, ડાયાબિટીસ અને કાર્ડિયોવેસ્ક્યુલર રોગ સહિત દીર્ઘકાલિન સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ ઘણી બધી ફ્રેન્ચ ફ્રાઈસ ખાવાથી પરિણમી શકે છે. સ્થૂળતા વૈશ્વિક રોગચાળો બની રહી છે, અને સંશોધન સૂચવે છે કે તે ઓછામાં ઓછા ધૂમ્રપાન જેટલું આયુષ્ય ઘટાડી શકે છે. કોઈનું ધ્યાન ન જાય તે નુકસાન : ધૂમ્રપાનથી શ્વાસ, ડાઘવાળા દાંત અને સતત ખાંસી જેવી દેખીતી અને ધ્યાનપાત્ર આડઅસર થાય છે. ફ્રેન્ચ ફ્રાઈસને કારણે થતું નુકસાન, જોકે, વારંવાર વધુ સૂક્ષ્મ હોય છે અને સમય જતાં તે ધીમે ધીમે વધે છે. તે ધૂમ્રપાન જેવા પ્રારંભિક ચેતવણી ચિહ્નો ધરાવતો નથી પરંતુ તે આખરે આરોગ્ય પર ખૂબ નકારાત્મક અસરો કરી શકે છે.

**ફ્રેન્ચ ફ્રાઈસ અને સ્થૂળતા વચ્ચેની લિંક**

હાર્વર્ડ ટી.એચ. ચાન સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસ મુજબ ફ્રેન્ચ ફ્રાઈસ સાથે સંકળાયેલ અન્ય નોંધપાત્ર આરોગ્ય જોખમ વજનમાં વધારો અને સ્થૂળતા છે. ફ્રેન્ચ ફ્રાઈસમાં કેલરી, બિનઆરોગ્યપ્રદ ચરબી અને મીઠું વધુ હોય છે આ બધું નિયમિતપણે ખાવાથી વધુ પડતા વજનમાં ફાળો આપે છે, જે વ્યક્તિઓ નિયમિતપણે ફ્રેન્ચ ફ્રાઈસ અથવા બટાકાની ચિપ્સ ખાય છે તેઓનું વજન સમય જતાં વજન વધવાની શક્યતા છે જેઓ આખા બટેટા અથવા આરોગ્યપ્રદ નાસ્તો ખાતા હતા. અભ્યાસમાં ૨૦ વર્ષોમાં ૧,૨૦,૦૦૦થી વધુ સહભાગીઓનું અનુસરણ કરવામાં આવ્યું હતું અને જાણવા મળ્યું હતું કે તળેલા બટાકાના વપરાશમાં વધારો દર ચાર વર્ષે સરેરાશ ૧.૫ પાઉન્ડના વજન સાથે જોડાયેલો હતો. તદુપરાંત, ફ્રેન્ચ ફ્રાઈસમાં ઘણીવાર મીઠું ભરેલું હોય છે, જે બ્લડ પ્રેશરનું સ્તર વધારી શકે છે. હાઈ બ્લડ પ્રેશર, જેને હાયપરટેન્શન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે હૃદય રોગ અને સ્ટ્રોકનું મુખ્ય કારણ છે. ફ્રેન્ચ ફ્રાઈસમાં વધુ પડતી સોડિયમની સામગ્રી હૃદય અને રક્તવાહિનીઓ પર વધારાનો તાણ લાવે છે, જેનાથી કાર્ડિયોવેસ્ક્યુલર ઘટનાઓનું જોખમ વધે છે.

# કર્ણાટકમાં જાતિ આધારિત વસ્તી ગણતરી અહેવાલ જાહેર કરશે CM સિદ્ધારમૈયા અને ભલામણોનો પણ અમલ કરશે

## જાતિ આધારિત વસ્તી ગણતરી રિપોર્ટ જાહેર કરનાર કર્ણાટક એ બિહાર પછીનું બીજું રાજ્ય બનશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જાહેરાત કરી છે કે, જાતિ આધારિત વસ્તીના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સર્વેનો અહેવાલ અને તેના તારણો રાજ્યની કેબિનેટ સમક્ષ મુકવામાં આવશે અને તેની ભલામણોનો અમલ કરવામાં આવશે. જાતિ આધારીત વસ્તી ગણતરીનો અહેવાલ જાહેર કરનાર બિહાર પછીનું બીજું રાજ્ય કર્ણાટક બનશે.

કર્ણાટક પછાત વર્ગ પંચના ચેરમેન કે. જયપ્રકાશ હેગડેએ આ વર્ષે ફેબ્રુઆરીમાં મુખ્યમંત્રીને વસ્તી ગણતરી સર્વેનો અહેવાલ શરૂ કરી દીધો હતો. હેગડેએ અહેવાલ આપ્યો ત્યારે મુખ્યમંત્રીએ તેના તારણો જાહેર કર્યા નહતા અને અમલની ખાતરી આપી ન હતી પણ કોગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જાતિ આધારીત વસ્તી ગણનાની હિમાયત કરી અને તેનો પક્ષના ચૂંટણી ઢંઢેરામાં સમાવેશ કર્યો એ પછી મુખ્યમંત્રી પર દબાણ આવ્યું હતું.

સર્વેનો જે ડેટા લીક થયો છે એ બતાવે છે રાજ્યમાં અનુસુચિતિ જાતિની વસ્તી ૧૯.૫ %, મુસ્લિમોની ૧૬ ટકા, લિંગાયતની ૧૪ ટકા અને વોકાલીગાની ૧૧ ટકાં વસ્તી છે. જ્યારે ઓબીસીમાં સૌથી વધુ વસ્તી કુરૂબા જાતિની ૭ ટકા છે જે ઓબીસીની કુલ વસ્તીના ૨૦ ટકાં જેટલી છે.



**ભારતમાં સૌપ્રથમ ૧૯૩૧માં બ્રિટિશ રાજ વખતે જાતિ આધારિત વસ્તી ગણતરી થઈ હતી**

એ પછી ૨૦૧૧ની ગણનામાં જાતિનો ડેટા એકત્ર કરાયો હતો પણ કદી જાહેર કરવામાં આવ્યો ન હતો સદીઓથી જે સમાજ કચડાયેલો રહ્યો હોય અને વિકાસના માર્ગથી બાજુએ હટી ગયો હોય તેના કલ્યાણ માટેના કાર્યક્રમો નક્કર રીતે તૈયાર કરવા આ ડેટા જરૂરી અને નિર્ણાયક છે. કેમ કે અસરકારક નીતિઓના અમલમાં એ કારણે જ તકલીફો થઈ છે. કેમ કે પ્રયોગોલક્ષી ડેટા જાહેર કરવામાં આવ્યો નથી. આ માટે રાજ્ય પક્ષો અલગ-અલગ કારણો આપતા રહે છે પણ ડેટાના અભાવે આવી જાતિના વિકાસના કાર્યક્રમોને નક્કર રૂપ મળ્યું નથી. અત્યાર સુધી કોગ્રેસ અને ભાજપ જેવા મોટા પક્ષો ઉપર સવર્ણ જાતિઓનું વર્ચવ રહ્યું હોવાથી ડેટા મેળવવાની રાજકીય ઈચ્છા જોવા મળતી ન હતી પણ બિહાર જેવા રાજ્યમાં પછાત સમાજના નેતાઓનું ઉદય થયા બાદ ફરીથી જાતિ વસ્તી ગણતરીની માંગણી જોર પકડી ગઈ.

બિહારમાં CM નીતિશકુમારના શાસનમાં ડેટા જાહેર કરાયો. આવું કરનાર આ પહેલું રાજ્ય છે. બિહારના ડેટામાં માલુમ પડયું કે, રાજ્યની કુલ વસ્તીમાં ૮૫ ટકાં વસ્તી ઓબીસી, દલિતો અને મુસ્લિમોની છે. જ્યારે સવર્ણ જાતિઓની વસ્તી માત્ર ૧૫ ટકા છે છતાં ૫૦ ટકા સરકારી હોદ્દાઓ ઉપર ઉપલા વર્ગના લોકો છે.

હિન્દુત્વનો એજન્ડા લઈને હિન્દુ સમાજમાં ભાજપે પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે ત્યારે કોંગ્રેસ અને અન્ય વિપક્ષી નેતાઓને લાગે છે કે, જાતિ વસ્તી ગણતરી કરાવીને અને સરકારી નોકરી અને યોજનાઓમાં એ બી જાતિઓને એમની વસ્તી મુજબ અનામત આપવાની હિમાયત કરવાથી ભાજપના વધતા જતા મતદાર આધારને ફટકો મારી શકાશે અને તેને ધસારો પહોંચાડી શકાશે. જો કોગ્રેસ આ બાબતમાં સફળ થશે તો એ તમામ જાતિઓ અને ખાસ કરીને ભાજપના શાસન બાદ પડકારો સહન કરતા મુસ્લિમોને ઘણો ફાયદો થશે.

# ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એ.એમ. અહમદીની પૌત્રીએ તેમનું જીવનચરિત્ર શા માટે લખ્યું ?

## ઈન્સિયા વહાણવટી દ્વારા તેના દાદા અને મહાન 'મુસ્લિમ' ન્યાયાધીશના જીવન અંગે અનેક સંભારણા રજૂ કરવામાં આવ્યા છે



**ભા**રતમાં મુસ્લિમ જજ બનવું ક્યારેય સરળ રહ્યું નથી. ભારતીય ન્યાયતંત્ર લાંબા સમયથી મુસ્લિમ પ્રતિનિધિત્વના અભાવ સાથે સંઘર્ષ કરી રહ્યું છે, પ્રજાસત્તાકના ઈતિહાસમાં માત્ર ચાર મુસ્લિમ મુખ્ય ન્યાયાધીશો આવ્યા છે. હાલમાં, સુપ્રીમ કોર્ટમાં માત્ર એક મુસ્લિમ જજ છે. આ વિવિધતાના અભાવનો બીજો પુરાવો છે. તે એ પણ સંકેત આપે છે કે અન્ય મુસ્લિમ મુખ્ય ન્યાયાધીશ પણ ખૂબ દૂરની વાત હોઈ શકે છે.

મારા માટે, મારા દાદા, જસ્ટિસ અઝીઝ મુશબ્બર અહમદી, જેમણે ૧૯૯૪થી ૧૯૯૭ દરમિયાન ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી, તેમના જીવન દ્વારા મુસ્લિમ ન્યાયાધીશો દ્વારા જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તેની હું સાક્ષી છું. આ ભૂમિકા નિભાવનાર તેઓ માત્ર ત્રીજા મુસ્લિમ હતા. હકીકત એ છે કે ત્યારથી ત્રીસ વર્ષોમાં તેમના અનુગામી માત્ર એક જ વ્યક્તિ છે.

જ્યારે અઝીઝ અહમદીની અમદાવાદની સિટી સિવિલ કોર્ટમાં જજ તરીકે નિમણૂક કરવામાં આવી ત્યારે તેઓ ૩૨ વર્ષના હતા. તે યુવાન અને બિનઅનુભવી હતા અને તેઓ જાણતા હતા કે આ નિમણૂક તેમને બેન્ચ પર એકમાત્ર મુસ્લિમ ન્યાયાધીશ બનાવશે; પણ તેઓને જાણ ન હતી કે તેમની શ્રદ્ધા અચાનક વિવાદનો વિષય બની જશે. જ્યારે તેમની બઢતીના સમાચાર આવ્યા ત્યારે કાયદાકીય અને વહીવટી વર્તુળોમાં અશાંતિજનક, ધાર્મિક રીતે ચાર્જ વાતાવરણને ઉત્તેજિત કર્યું. ગુજરાત રાજ્યભરના બાર એસોસિએશનો એક થયા અને તેમની નિમણૂક સામે હડતાલની હાકલ કરી, અને અહમદીની કોર્ટનો બહિષ્કાર કર્યો. તેમની નિમણૂકને લઈને વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવવામાં આવતાં સાંપ્રદાયિક આરોપો થયા હતા. તેમની આ ભૂમિકા માટે તેમની નાની ઉંમર અને ફિટનેસ વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. જો કે, અંતે, તેમની નિમણૂક થઈ અને અઝીઝ અહમદીએ એક અસાધારણ ન્યાયિક કારકિર્દીની શરૂઆત કરી જે ત્રણ દાયકાઓ સુધી ચાલી હતી જે ભારતીય ન્યાયતંત્રનો સર્વોચ્ચ કાર્યાલય સમય છે.

તેમ છતાં, તેઓ ક્યારેય પડકારોથી મુક્ત રહી શક્યા નહીં.

ચોવીસ વર્ષ પછી, જ્યારે બંધ બારણે મળેલી એક બેઠકમાં તેમના નામની ભારતની સર્વોચ્ચ અદાલતમાં ઉન્નતિ માટે દરખાસ્ત કરવામાં આવી, ત્યારે બેન્ચના એક અગ્રણી સભ્યએ અચકાતા કહ્યું કે, પરંતુ તે મુસ્લિમ છે. શું આપણે તેના પર વિશ્વાસ કરી શકીએ? અને જ્યારે તેઓ નિવૃત્ત થયા, ત્યારે જસ્ટિસ અહમદીએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં મુસ્લિમ ન્યાયાધીશોની નિમણૂકની તરફેણ કરવાના આરોપોનો સામનો કરવો પડ્યો હતો. તેમણે આનો જવાબ આપતા કહ્યું કે, આવો આરોપ દરેક મુસ્લિમ મુખ્ય ન્યાયાધીશ પર લાગે છે, મને લાગે છે કે, આપણે તેનો સામનો કરવો પડશે. તેમણે તે સમયે અવાજ ઉઠાવ્યો ન હતો, પરંતુ દેશના સર્વોચ્ચ કાર્યાલયોમાં પણ આવા પૂર્વગ્રહથી તેઓને નિરાશા થઈ હતી.

અને તેમ છતાં, તેમણે તેમના સરળ હાસ્ય અને સમજશક્તિ સાથે નોંધપાત્ર હળવાશ સાથે તેનું જીવન જીવ્યું હતું. બિનસાંપ્રદાયિકતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને અને ધર્મ અને રાજ્યને અલગ કરવા માટે તેઓએ અથાક હિમાયત કરી હતી. આ મૂલ્યોની મારી પ્રથમ સ્મૃતિ ભારતીય ઈતિહાસના ખાસ તોફાની પ્રકરણ દરમિયાન હતી જ્યારે હું માત્ર દસ વર્ષની હતી. આ વર્ષ હતું ૧૯૯૨. બાબરી મસ્જિદ હમણાં જ શહીદ કરવામાં આવી હતી. એક શબ્દ જે મેં પહેલાં ક્યારેય સાંભળ્યો ન હતો તે હવે દરરોજ અમારી સામે આવતો હતો અને તે શબ્દ હતો, 'કારસેવા.' ઘરમાં ટેલિવિઝન પર આખો દિવસ ન્યૂઝ ચેનલ પર આવા સમાચાર આવતા હતા. મારા દાદા તેમના સેક્રેટરીઓ સાથે હાથમાં પેન અને નોટપેડ લઈને ઓફિસે અને ત્યાંથી દોડી જતા હતા અને ભારતીય મુસ્લિમના ભાવિ વિશે ચિંતિત હતા અને કૌટુંબિક વાર્તાલાપ કરતાં હતા. તેઓને આંતરિક અશાંતિ હોવા છતાં, મારા દાદાએ શાંતિ જાળવી રાખી હતી. હું તેમની માનસિક વેદના જાણતી હતી. તે દિવસોમાં, તે માત્ર ભોજન માટે જ બહાર આવતા હતા અને દિવસમાં પાંચ કલાકથી પણ ઓછા સમય માટે સૂતા હતા. તે પછી મને ઈસ્માઈલ ફારુકી વિ. યુનિયન ઓફ ઈન્ડિયામાં તેમની અસંમતિ વિશે જાણવા મળ્યું — જે અયોધ્યા એક્ટ ૧૯૯૩માં ચોક્કસ વિસ્તારના અધિગ્રહણનો પડકાર જે રામજન્મ ભૂમિના વહીવટ અને જાળવણી પર નિયંત્રણ મેળવવાનો કેન્દ્ર સરકારનો પ્રયાસ હતો અને તે બાબરી મસ્જિદનું માળખું તેના પરિસર સાથે સંબંધિત હતું. તેમના મતે, અયોધ્યા અધિનિયમને માન્યતા આપવી એ ધ્વંસના ગુના અને વિનાશને માફ કરશે, અને તેમાં સામેલ લોકો માટે કોઈ સજા નહીં થાય અને ખાસ કરીને કાયદાની અસર સાથે મુસ્લિમોના નમાઝ પઢવાના અધિકારને સંબોધવામાં નિષ્ફળ રહેશે.

'ધી ફિયરલેસ જજ' પુસ્તક લખતી વખતે હું તેના ડ્રાફ્ટ માટે અનેક સંસ્મરણો કરી રહી હતી ત્યારે મને ખબર પડી કે મારા દાદા તે સમયે બહુમતીનો ચુકાદો સ્વીકારવા માટે ભારે તાણ હેઠળ હતા. પરંતુ તેઓ શરણાગતિ સ્વીકારે તેવા ન હતા. તેઓ પ્રામાણિકતાની આ કસોટીમાં અડગ રહ્યા, હાર માનવાનો ઈનકાર કર્યો. આખરે, તેઓ અને ન્યાયમૂર્તિ ભરૂચા બહુમતીના દષ્ટિકોણથી અસંમત થયા હતા.

આ અધિનિયમ બિનસાંપ્રદાયિક અને બંધારણીય રીતે અયોગ્ય હોવાનું કહેતા, ન્યાયમૂર્તિ ભરૂચા દ્વારા લખવામાં આવેલા અસંમતિભર્યા ચુકાદામાં જણાવ્યું હતું કે, "જ્યારેપ મોટાભાગના ભારતીય નાગરિકોના ધર્મના અનુયાયીઓ અન્ય ધર્મના પૂજા સ્થળ પર દાવો કરે છે અને હુમલો કરે છે ત્યારે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવવી, તે ધર્મસ્થાનનું રક્ષણ કરવું અને જાહેર વ્યવસ્થા જાળવવી એ રાજ્યની બંધારણીય જવાબદારી છે... આવા સંજોગોમાં પૂજા સ્થળના સંપાદનને માફ કરવું એ બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતને ખતમ કરવા સમાન છે. નિવૃત્ત થયા પછી અને અમુક સીમાઓમાંથી મુક્ત થયા પછી, મારા દાદા આ પ્રાર્થનાસ્થળના ખેદજનક અને ગેરકાયદેસર ધ્વંસ અને ભારતમાં બિનસાંપ્રદાયિકતા નષ્ટ થવા અંગે મુક્તપણે વાત કરી હતી.

જસ્ટિસ અહમદીએ ૩૭ પાનાનો એક અલગ ચુકાદો લખ્યો હતો જેમાં સંવેદનશીલ જૂથો પ્રત્યે આવાસ અને સહનશીલતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ધર્મ અને રાજ્યના વિભાજનના મહત્વને દર્શાવવા માટે મહાત્મા ગાંધીને ટાંકીને તેમણે લખ્યું કે, "હું મારા ધર્મના શપથ લેઉં છું. હું તેના માટે મરી જઈશ. પણ એ મારો અંગત મામલો છે. રાજ્યને તેની સાથે કોઈ લેવાદેવા નથી. રાજ્ય તમારા ધર્મનિરપેક્ષ કલ્યાણ, આરોગ્ય, સંદેશાવ્યવહાર, વિદેશી સંબંધો, ચલણ વગેરેની દેખરેખ રાખશે, પરંતુ મારો ધર્મ નહીં. તે દરેકની અંગત ચિંતા છે." ભારતીય મુસ્લિમો જીવનના દરેક ક્ષેત્રમાં જે ભેદભાવોનો સામનો કરે છે તેની ઊંડી સમજણ હોવા છતાં, તેમણે સમુદાયને પૂર્વગ્રહના ભોગ બનેલા લોકોના લેન્સમાંથી જોવાનો પ્રતિકાર કરવા પ્રોત્સાહિત કર્યા; અને શિક્ષણ દ્વારા સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું અને મુસ્લિમ સમુદાયને સંબોધતા, તેમણે કહ્યું કે, આજે સમય છે કે આપણે ભૂતકાળમાં જીવવાનું બંધ કરીએ અને વર્તમાનમાં જીવવાનું શરૂ કરીએ અને ઉજ્જવળ ભવિષ્ય માટે કામ કરીએ. આપણે આપણું પોતાનું ભાગ્ય ઘડવાનું છે. તમારા માટે બીજું કોઈ તે કરી શકશે નહીં. એકમાત્ર ખાતરીપૂર્વકનો માર્ગ શિક્ષણ છે.

તેઓ તેમના જીવનના અંત સુધી તકની સમાનતાના મક્કમ હિમાયતી હતા, અને ન્યાયાધીશ અહમદી તમામ સ્તરે ન્યાયતંત્રમાં વિવિધતાના અભાવથી પરેશાન રહ્યા. મુસ્લિમો દેશની વસ્તીના લગભગ ૧૫ ટકા હોવા છતાં, ચિંતાજનક રીતે બહુ ઓછા ન્યાયિક હોદ્દા ધરાવે છે, આ પ્રતિનિધિત્વનો અભાવ આજે પણ છે, જે વાજબીતા અને સર્વસમાવેશકતા પર પ્રશ્નો ઉભા કરે છે. આ અસંતુલનની અસરો નોંધપાત્ર છે: અને જસ્ટિસ અહમદીએ સંક્ષિપ્તમાં કહ્યું હતું કે, "ન્યાયતંત્ર પાસે ન તો પર્સ છે કે ન તો તલવાર; ન્યાયિક પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ એ તેની એકમાત્ર ઢાલ છે."

**- ઈન્સિયાહ વહાણવટી** (સૌ. : સ્ક્રોલ)

# તિરૂપતિ લાડુ પ્રસાદ વિવાદ : સુપ્રીમ કોર્ટમાં સુનાવણી વચ્ચે SIT તપાસ અસ્થાયી રૂપે ૩ ઓક્ટોબર સુધી સ્થગિત કરવામાં આવી

## આંધ્રપ્રદેશના પોલીસ મહાનિર્દેશક (DGP)એ જણાવ્યું હતું કે, તિરૂપતિ પ્રસાદમ કેસની તપાસ કરવા માટે SITની રચના કરવામાં આવી હતી અને તપાસની અખંડિતતાને સુનિશ્ચિત કરવા માટે સસ્પેન્શન એ સાવચેતીનું પગલું છે

(એજન્સી) તા.૧

તિરૂપતિ લડ્ડુપ્રસાદમની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીને કારણે તેની તપાસ અસ્થાયી રૂપે ૩ ઓક્ટોબર સુધી સ્થગિત કરી દીધી છે. નોંધનીય છે કે, આ નિર્ણય સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે અને તે 'તપાસની અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે સાવચેતીના પગલાં' તરીકે છે. આંધ્રપ્રદેશના પોલીસ મહાનિર્દેશક (DGP) એ જણાવ્યું હતું કે, તિરૂપતિ પ્રસાદમ કેસની તપાસ કરવા માટે SITની રચના કરવામાં આવી હતી અને તપાસની અખંડિતતાને સુનિશ્ચિત કરવા માટે સસ્પેન્શન એ સાવચેતીનું પગલું છે.

ગયા મહિને, વિશ્વ પ્રસિદ્ધ તિરુપતિ 'પ્રસાદમ' ની શુદ્ધતા વિશે ભક્તોમાં વધતી ચિંતાઓ વચ્ચે આંધ્રપ્રદેશ સરકારે લાડુમાં પ્રાણીની ચરબીના કથિત ઉપયોગની તપાસ કરવા માટે એક વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી હતી. સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવામાં આવ્યા બાદ આ બાબત સામે આવી છે, જેમાં આ મુદ્દે SIT દ્વારા તપાસની માંગ કરવામાં આવી હતી.

તિરૂપતિ લાડુ જેને 'શ્રીવરીલાડુ' પણ કહેવામાં આવે છે, તે ૩૦૦ થી વધુ વર્ષોથી શ્રી વેંકટેશ્વર મંદિરમાં મુખ્ય અર્પણ પ્રસાદ છે. નવી ચૂંટાયેલી TDP સરકારે આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુએ અગાઉની YSRCP સરકાર પર "ભેળસેળ"નો આરોપ મૂક્યો હતો અને દાવો કર્યો હતો કે શુદ્ધ ઘીની જગ્યાએ પશુઓની ચરબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો કે, જગન મોહન રેડ્ડીએ આ આરોપોને રદિયો આપ્યો છે અને વડાપ્રધાન મોદીને પત્ર લખીને જણાવ્યું છે કે તેમની સરકાર હેઠળ કોઈ ઉલ્લંઘન થયું નથી અને સમગ્ર વિવાદ ગેરવાજબી છે. નાયડુએ લાડુમાં પ્રાણીની ચરબીના કથિત ઉપયોગની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી હતી. તે આ તમામ કારણો, સત્તાના દુરૂપયોગની તપાસ કરશે અને સરકારને રિપોર્ટ આપશે. સરકાર લાડુમાં ભેળસેળ ટાળવા માટે કડક પગલાં લેશે. આંધ્રપ્રદેશ સરકારે મંગળવારે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે અને તે તપાસની અખંડિતતાને સુનિશ્ચિત કરવા માટે "સાવચેતીના પગલા" તરીકે કામ કરશે. સર્વોચ્ચ અદાલતે સોમવારે સીએમ એન ચંદ્રબાબુ નાયડુની આગેવાની હેઠળ આંધ્રપ્રદેશ સરકારને કોઈપણ આધાર વિના ભેળસેળયુક્ત પ્રસાદમના આરોપ અંગે જાહેરમાં નિવેદન આપવા અને કરોડો ભક્તોની ભાવનાઓને ઠેસ પહોંચાડવા બદલ ફટકાર લગાવી હતી. કોર્ટે અવલોકન કર્યું કે રાજનીતિને આસ્થાના મુદ્દાથી દૂર રાખવી જોઈએ અને તિરૂમાલા તિરૂપતિ મંદિરમાં લાડુ બનાવવા માટે દૂષિત ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે સાબિત કરવા માટે કોઈ પ્રાથમિક દૃષ્ટિએ પુરાવા નથી. સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરાયેલી એક અરજી સહિત ચાર અરજીઓની બેચની સુનાવણી કરતા જસ્ટિસ બીઆર ગવઈ અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે જણાવ્યું હતું કે પ્રસાદમને પરીક્ષણ માટે મોકલવામાં આવ્યો ન હતો અને કોર્ટે રાજ્ય અને તિરુમાલા તિરુપતિદેવસ્થાનમ (ţ્ઠ) ને આ ભેળસેળ અંગે પુરાવા બતાવવા માટે કહ્યું હતું કે તેમાં દૂષિત ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. કોર્ટે કહ્યું કે રિપોર્ટ અનુસાર, રિજેક્ટેડ ઘીના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. કોર્ટે કહ્યું કે, લેબ રિપોર્ટમાં કેટલાક અસ્વીકરણ છે. તે સ્પષ્ટ નથી. તે કહે છે કે નકારવામાં આવેલ ઘીનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જો તમે જાતે જ તપાસનો આદેશ આપ્યો હોય તો પ્રેસમાં નિવેદન આપવાની શું જરૂર હતી ? જુલાઈમાં આ રિપોર્ટ આવ્યો હતો અને નિવેદન સપ્ટેમ્બરમાં આપવામાં આવ્યું હતું અને અહેવાલ કહે છે કે તે પ્રસાદમ માટે વપરાયેલી સામગ્રી નથી. કોર્ટે રાજ્ય સરકાર અને ટીટીડી પાસેથી જવાબ માંગ્યો છે કે તેઓ કેવી રીતે આ નિષ્કર્ષ પર આવ્યા કે લાડુ બનાવવા માટે દૂષિત ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. TTD તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ લુથરાએ જણાવ્યું હતું કે ભક્તોએ સ્વાદમાં ફેરફાર અંગે ફરિયાદ કરી હતી અને વિવાદ થયા પછી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.





# મહારાષ્ટ્ર : ઉર્દૂ માધ્યમની ૮૦થી વધુ શાળાઓએ અયોગ્ય ગણવેશ લેવાનો ઈન્કાર કર્યો

## 'સમગ્ર શિક્ષા અભિયાન' કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકાર હલકી ગુણવત્તાવાળા અને અયોગ્ય વસ્ત્રો આપી રહી છે

(એજન્સી) મુંબઈ, તા.૧

રાજ્ય સરકારના 'સમગ્ર શિક્ષા અભિયાન' કાર્યક્રમ હેઠળ પૂરા પાડવામાં આવેલ હલકી ગુણવત્તા અને અપૂર્ણ ગણવેશથી નારાજ સમગ્ર મહારાષ્ટ્રમાં લગભગ ૮૦૦ ઉર્દૂ માધ્યમની જિલ્લા પરિષદ શાળાઓએ આ યુનિફોર્મ સત્તાવાળાઓને પરત કરી દીધા છે. રાજ્ય સરકારના 'સમગ્ર શિક્ષા અભિયાન' કાર્યક્રમ હેઠળ પૂરા પાડવામાં આવતા આ ગણવેશની ગુણવત્તા અંગે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ તેમનો અસંતોષ વ્યક્ત કર્યો છે. આ અસરગ્રસ્ત શાળાઓ થાણે, ભિવંડી, પાલઘર અને રાયગઢ જેવા વિસ્તારો સહિત રાજ્યભરમાં છે.

અખિલ ભારતીય ઉર્દૂ શિક્ષક સંઘના જનરલ સેક્રેટરી સાજિદ નિસારના જણાવ્યા અનુસાર રાજ્ય સરકારે શાળા વ્યવસ્થાપન સમિતિ (એસએમસી) દ્વારા ધો.૧થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશના બે સેટ આપવાનું વચન આપ્યું હતું. જો કે, શૈક્ષણિક વર્ષના પ્રારંભને સાડા ત્રણ મહિના જેટલો સમય થઈ ગયો હોવા છતાં હજુ સુધી ઘણી શાળાઓને સંપૂર્ણ ગણવેશ મળ્યા નથી. ફુલ પેન્ટ અને શર્ટને બદલે છોકરાઓને હાફ પેન્ટ આપવામાં આવ્યા છે, જ્યારે છોકરીઓને માત્ર કમીઝ આપવામાં આવ્યા છે, જેના લીધે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં નિરાશા છે. નિસારે જણાવ્યું હતું કે, છોકરીઓ માટે કમીઝ અને સલવાર સાથે ઉર્દૂ માધ્યમના વિદ્યાર્થીઓને સંપૂર્ણ પેન્ટ અને શર્ટ આપવા માટે અનેકવાર અપીલ કરવામાં આવી છે. વર્તમાન ગણવેશ અસ્વીકાર્ય છે, જેના લીધે વ્યાપક અસંતોષ છે. તેમણે કહ્યું કે, આ ગણવેશ પરત કરવાનો સર્વસંમતિથી નિર્ણય ઉર્દૂ માધ્યમની



શાળાઓની SMC દ્વારા લેવામાં આવ્યો હતો, જે આ મુદ્દા પર સામૂહિક અસંતોષ દર્શાવે છે. રત્નાગીરીમાં સાકારતક જિલ્લા પરિષદ શાળાના સહાયક શિક્ષક હિદાયત નાઈકે કહ્યું કે, જિલ્લાની ૧૭૦ જિલ્લા પરિષદ ઉર્દૂ શાળાઓ, જેમાં લગભગ ૫૦૦૦ વિદ્યાર્થીઓ છે, તે બધાએ તેઓને પૂરા પાડવામાં આવેલ ગણવેશ પરત કરી દીધા છે. માતા-પિતા તેમના બાળકોને અપાતા અધૂરા અને અયોગ્ય ગણવેશથી નાખુશ છે. તે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સંસાધનો પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતાને નબળી પાડે છે. મુંબઈમાં ઉર્દૂ માધ્યમની શાળાઓની SMCએ પણ અસંતોષ વ્યક્ત કરતા સર્વસંમતિથી છોકરાઓ માટે સંપૂર્ણ પેન્ટ અને છોકરીઓ માટે કમીઝ અને સલવારની જોગવાઈની માગણી કરી છે. આ અસંતોષ માત્ર પોશાક વિશે નથી; તે શૈક્ષણિક માળખામાં ઉર્દૂ માધ્યમના વિદ્યાર્થીઓની જરૂરિયાતો પર આપવામાં આવેલા ધ્યાનને લગતી વ્યાપક ચિંતા પણ દર્શાવે છે. શૈક્ષણિક સંસ્થાઓએ મહારાષ્ટ્રના શિક્ષણ પ્રધાન દીપક કેસર અને ઉચ્ચ અધિકારીઓને આ સમસ્યાને દૂર કરવા વિનંતી કરી છે. તેમની વિનંતી છે કે, ઉર્દૂ માધ્યમના વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક અને વ્યવહારિક જરૂરિયાતોને પૂર્ણ કરતા યોગ્ય ગણવેશ પ્રદાન કરવા જોઈએ. રાજ્ય સરકાર તરફથી શું પ્રતિસાદ મળે છે તે જોવાનું છે, પરંતુ ઉર્દૂ માધ્યમના શૈક્ષણિક સમુદાયનો વિરોધ વધી રહ્યો છે, જે તેમના વિદ્યાર્થીઓને સહાયક શૈક્ષણિક વાતાવરણમાં જરૂરી આદર અને સંસાધનોની માગણી કરે છે.

# ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની અટકાયત વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં PIL દાખલ કરવામાં આવી

## આજે જ આ કેસની સુનાવણીનો ઈન્કાર કરતા અદાલતે ૩ ઓકટોબરના રોજ સુનાવણી માટે જો તે ૩:૩૦ વાગ્યા સુધીમાં ક્રમમાં હોય તો તેની યાદી આપવા સંમત થયા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

દિલ્હી બોર્ડર પર આબોહવા કાર્યકર્તા સોનમ વાંગચુક અને અન્ય કેટલાક લોકોની અટકાયત સામે મંગળવારે દિલ્હી હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદારના વકીલ દ્વારા ચીફ જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ તુષાર રાવ ગેડેલાની બેંચ સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આજે જ આ મામલાની યાદી આપવાનો ઈન્કાર કરતા અદાલતે ૩ ઓકટોબરના રોજ સુનાવણી માટે જો તે ૩:૩૦ વાગ્યા સુધીમાં ક્રમમાં હોય તો તેની સુનાવણી સંમત થઈ હતી. લદ્દાખને છઠ્ઠી સૂચિનો દરજ્જો આપવાની માગણી માટે રાજધાની તરફ કૂચ કરતી વખતે વાંગચુક અને અન્ય કેટલાક લોકોને કથિત રીતે દિલ્હી સરહદે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. વાંગચુક સહિત લદ્દાખના લગભગ ૧૨૦ લોકોએ કેન્દ્રશાસિત પ્રદેશ માટે છઠ્ઠી સૂચિનો દરજ્જો આપવાની માગણી સાથે રાષ્ટ્રીય રાજધાની તરફ કૂચ કરી હતી અને દિલ્હી



પોલીસે રાષ્ટ્રીય રાજધાનીની સરહદ પર તેઓને અટકાયતમાં લીધા છે.

આ કૂચ લેહ એપેક્સ બોડી (LAB) દ્વારા આયોજિત કરવામાં આવી હતી, જે કારગીલ ડેમોક્રેટિક એલાયન્સ (KDA) સાથે મળીને લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા, બંધારણની છઠ્ઠી સૂચિ હેઠળ તેનો સમાવેશ કરવા લદ્દાખ માટે જાહેર સેવા આયોગ અને લેહ અને કારગિલ જિલ્લાઓ માટે અલગ લોકસભા બેઠકો સાથે વહેલી ભરતી પ્રક્રિયા માટે છેલ્લા ચાર વર્ષથી આંદોલનનું નેતૃત્વ કરી રહી છે.

# 'અસ્વીકાર્ય' : રાહુલ ગાંધીએ ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની અટકાયતની નિંદા કરી

## કેન્દ્રશાસિત પ્રદેશ માટે છઠ્ઠી સૂચિના દરજ્જાની માંગ સાથે રાષ્ટ્રીય રાજધાની તરફ કૂચ કરનાર લદ્દાખના લગભગ ૧૨૦ લોકોની દિલ્હી પોલીસ દ્વારા અટકાયતમાં કરવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક અને અન્ય લદ્દાખીઓની અટકાયતને 'અસ્વીકાર્ય' ગણાવી અને કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લદ્દાખનો અવાજ સાંભળવો પડશે.

જેમણે કેન્દ્રશાસિત પ્રદેશ માટે છઠ્ઠી સૂચિના દરજ્જાની માગણી સાથે રાષ્ટ્રીય રાજધાની તરફ કૂચ કરી હતી તેવા વાંગચુક સહિતના લદ્દાખના લગભગ ૧૨૦ લોકોની દિલ્હી પોલીસ દ્વારા રાષ્ટ્રીય રાજધાનીની સરહદ પર અટકાયત કરવામાં આવી છે.

ગાંધીએ X પર એક પોસ્ટમાં કહ્યું, સોનમ વાંગચુકજી અને સેંકડો લદ્દાખીઓ શાંતિપૂર્ણ રીતે પર્યાવરણીય અને બંધારણીય અધિકારો માટે કૂચ કરી રહ્યા છે તેમની અટકાયત અસ્વીકાર્ય છે.

કોંગ્રેસના પૂર્વ વડાએ એ પણ પૂછ્યું હતું કે, લદ્દાખના ભવિષ્ય માટે ઊભા રહેવા માટે દિલ્હીની સરહદ પર વૃદ્ધ નાગરિકોને શા માટે અટકાયતમાં રાખવામાં આવ્યા છે. ગાંધીએ કહ્યું, મોદીજી, ખેડૂતોની જેમ આ 'ચક્રવ્યુહ' તૂટી જશે અને તમારો ઘમંડ પણ તૂટી જશે. તમારે લદ્દાખનો અવાજ સાંભળવો પડશે.

અટકાયતમાં લેવાના થોડા સમય પહેલા ઈન્સ્ટાગ્રામ પરની એક પોસ્ટમાં વાંગચુકે દિલ્હી સરહદેથી વિઝ્યુઅલ શેર કર્યા હતા, જ્યાં પોલીસની વિશાળ હાજરી વચ્ચે તેમની બસો રોકવામાં આવી હતી.

વીડિયોમાં ક્લાઈમેટ એક્ટિવિસ્ટ પોલીસ અધિકારીઓ સાથે વાતચીત કરતા જોઈ શકાય છે. તેમની પોસ્ટમાં વાંગચુકે કહ્યું કે, દિલ્હી પોલીસ અને તેના હરિયાણા સમકક્ષના ઘણા વાહનો તેમની બસો સાથે હતા. તેઓને શરૂઆતમાં એવું લાગ્યું કે, તેઓ રાષ્ટ્રીય રાજધાનીની નજીક આવતાંની સાથે તેમને એસ્કોર્ટ કરવામાં આવી રહ્યા હતા પરંતુ બાદમાં સ્પષ્ટ થયું હતું કે, તેઓની અટકાયત કરવામાં આવશે. વાંગચુકે કહ્યું, જેમ-જેમ અમે દિલ્હી નજીક આવી રહ્યા છીએ, એવું લાગે છે કે, અમને એસ્કોર્ટ કરવામાં આવી રહ્યા નથી, અમને અટકાયતમાં લેવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે, દિલ્હી સરહદ પર લગભગ ૧૦૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા અને તેમને જાણ કરવામાં આવી હતી કે, દિલ્હીના લદાખ ભવન અને કેન્દ્રશાસિત પ્રદેશના વિદ્યાર્થીઓ જ્યાં રહેતા હતા ત્યાં સુરક્ષા દળોની ભારે તૈનાત કરવામાં આવી હતી.

તેમણે કહ્યું, એવું લાગે છે કે, તેઓ આ પદયાત્રા યોજવા દેવા માંગતા નથી.

### ઉ.ગુ. સમસ્ત ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો

# રાજ્યમાં ઓબીસી સમાજને વસ્તીના આધારે બજેટ ફાળવવામાં આવે : સાંસદ ગેનીબેન

### ભમરો હંમેશા એકલો રહી અન્ય લોકોને ડંખ મારે છે તે સમાજને મધ આપવાનું કામ ક્યારેય કરતો નથી, આવા ભમરા જેવી વ્યક્તિથી દૂર રહેવા તેમજ મધમાખીની જેમ એક સંપ થઈ રહેલા સમાજના લોકોને શક્તિસિંહ ગોહિલનો અનુરોધ

પાટણ, તા.૧

ઉત્તર ગુજરાત સમસ્ત ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા પાટણના પ્રગતિ મેદાન ખાતે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રદેશ પ્રભારી મુકુલ વાસનીક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ, અમિત ચાવડા, પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર સહિતના આગેવાનો, કાર્યકરો તેમજ ઉત્તર ગુજરાતના છ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકો ઉમટી પડ્યા હતા. વિવિધ સમાજના આગેવાનો દ્વારા ગેનીબેન ઠાકોરનું સન્માન કરવામાં આવ્યું હતું. તો ચંદનજી ઠાકોર અને બળદેવજી ઠાકોર દ્વારા ગેનીબેન ઠાકોરને મામેરા પેટે ૧૧ લાખનો ચેક આપ્યો હતો. તો રબારી સમાજવતી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગેમરભાઈ દેસાઈ અને પૂર્વ ધારાસભ્ય રઘુભાઈ દેસાઈએ ૧ લાખ રૂપિયા અને એક જોડી કપડાં આપી ગેનીબેન ઠાકોરનું મામેરૂ ભર્યું



હતું. સન્માન સમારંભને સંબોધતા ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે ગુજરાતમાં ઓબીસી સમાજને વસ્તીના આધારે બજેટ ફાળવવામાં આવે જેના કારણે ઓબીસી સમાજનો સર્વાંગી વિકાસ થઈ શકે. જાતિને આધારે ગણતરી કરવામાં આવે તેમ પણ જણાવ્યું હતું. પ્રેમલગ્નના કારણે સમાજ સમાજ અને ગામ ગામ વચ્ચે જે ઘર્ષણ થાય છે તેને નિવારવા માટે પ્રેમલગ્નમાં માતા-પિતાની સંમતિ તેમજ પંચ પણ ગામના લોકો જ હોવા જોઈએ. સાથે જ લગ્નની નોંધણી પણ ગામમાં જ થવી જોઈએ. મૈત્રી કરારના કારણે આજે પરિવારો વિખેરાઈ રહ્યા છે ત્યારે મૈત્રી કરારનો કાયદો રદ થવો જોઈએ જેથી એક પરિવાર વેરવિખેર થતો અટકી શકે તે અંગે પણ ગેનીબેન ઠાકોરે આહ્‌વાન કર્યું હતું. દાહોદમાં છ વર્ષની બાળકીની હત્યા અંગે ગેનીબેન ઠાકોરે સરકારની ઝટકણી કાઢતાં જણાવ્યું હતું કે અન્ય રાજ્યોમાં જ્યારે આવા બનાવો બને છે ત્યારે ભાજપના આગેવાનો, કાર્યકરો રેલી કાઢી વિરોધ કરે છે. જ્યારે ગુજરાતમાં આવી કલંકિત ઘટના બને છે તેમ છતાં ભાજપના આગેવાનો અને સરકાર મૂકપ્રેક્ષક બની જોઈ રહી છે. આવી ઘટનાઓ રોકવા માટે ધોરણ ૧થી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીની શૈક્ષણિક સંસ્થાઓ દીકરીઓ માટે અલગ હોવી જોઈએ તેમજ તેમાં ફરજ બજાવતા શિક્ષકો પણ મહિલા હોવી જોઈએ એવો અનુરોધ કર્યો હતો.

શાળાઓમાં વિદ્યાર્થિનીઓ પર થતાં દુષ્કર્મ અને છેડછાડની ઘટનાઓને દૂર કરવા માટે સમગ્ર રાજ્યમાં જિલ્લા અને તાલુકા લેવલે એક કમિટીની રચના થવી જોઈએ જેમાં નિવૃત્ત જજ, મહિલા પોલીસ, મનોચિકિત્સિક ડોક્ટર, વકીલની કમિટી બનાવી સમય અંતરે શાળાઓમાં ચકાસણી કરવામાં આવે તો આવી ઘટનાઓ ઘટતી અટકશે.સન્માન સમારંભનો સંબોધતા પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે પાટણ સંતો-મહંતો અને સુફીઓની ભૂમિ છે. જે સમાજ સફળતા અને યોગ્યતાનું સન્માન નથી કરતો તે સમાજની ઈતિહાસ નોંધ નથી લેતો. ભારતીય જનતા પાર્ટીના વિકાસને શક્તિસિંહ ગોહિલે આભાસી ગણાવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે ભમરો હંમેશા એકલો રહી અન્ય લોકોને ડંખ મારે છે તે સમાજને મધ આપવાનું કામ ક્યારે કરતો નથી માટે આવા ભમરા જેવી વ્યક્તિઓથી દૂર રહેવા તેમજ મધમાખીની જેમ એક સંપ થઈ રહેવા સમાજના લોકોને અનુરોધ કર્યો હતો.પાટણ ખાતેના સન્માન સમારોહમાં ઓબીસી અનામત મુદ્દે જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે ગુજરાતમાં ઓબીસીમાં ૮૨ જ્ઞાતિઓ હતી જ્યારે હાલમાં ૧૪૬ જ્ઞાતિઓનો સમાવેશ થયો છે. માટે વસ્તી આધારે જનગણના કરવામાં આવે. રોહિણી પંચનો જે અહેવાલ છે તે સરકાર દબાવીને બેઠી છે તેને જાહેરમાં લોકો સમક્ષ ચર્ચાઓ કરવામાં આવે અને તેની રણનીતિ નક્કી કરી લડત માટેના મંડાણનું રણશિંગું આ પાટણની ભૂમિ ઉપરથી શરૂ થશે.

# ભાજપ નેતાઓનો માનીતો અને દુષ્કર્મનો આરોપી આકાશ ગોહિલ પંચમહાલથી ઝડપાયો

### પરિણીતાના ઘરમાં ઘૂસી બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧

વાઘોડિયાના ધારાસભ્યના અંગત અને અન્ય ભાજપના નેતાઓ સાથે નિકટતા ધરાવનાર આકાશ ગોહિલે પરિણીતા પર બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. બનાવ બાદ છેલ્લા ઘણા દિવસથી આરોપી ભાગતો ફરતો હોય પોલીસ તેની શોધખોળ કરી રહી હતી. દરમિયાન પંચમહાલ જિલ્લાના બાકરોલ ગામમાંથી પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે વડોદરા લાવ્યા બાદ આરોપીનું મેડિકલ કરાવવાની તજવીજ હાથ ધરી છે. વડોદરા જિલ્લાના અનગઢ ગામે રહેતો આકાશ ગોહિલ વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાનો અંગત તથા અન્ય રાજકીય નેતાઓ સાથે નીકટતા ધરાવે છે. ૨૨ સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે પરિણીતાનો પતિ પંચમહાલ જિલ્લામાં કોઈ પ્રસંગમાં ગયો હતો. જ્યારે સસરા બીજા રૂમમાં ઊંઘતા હતા. તેમના મકાનના વચલા રૂમમાં એકલી હતી. તે દરમિયાન આકાશ ગોહિલે પરીણીતાને મેસેજ કરીને એકલી હોવાનું પૂછ્યું હતું. જેથી પરિણીતાએ હા એકલી છું તેમ જણાવ્યું હતું. મોડી રાત્રિના સમયે આકાશ ગોહિલ તેના રૂમમાં ધસી આવ્યો હતો અને પરિણીતા સાથે બળજબરી કરવા લાગતી તેણીએ તેનો પ્રતિકાર કરતા તેના પર જબરજસ્તીથી દુષ્કર્મ ગુજાર્યું હતું. હવસ સંતોષાઈ ગયા બાદ આકાશ ગોહિલ રાત્રિના સમયે જ ભાગી ગયો હતો. પતિના આવ્યા બાદ પરિણીતાએ આકાશ ગોહિલની કરતુત વિશે જાણ કરી હતી. પતિએ પત્નીને ફરિયાદ કરવા સહકાર આપ્યો હતો. પોલીસ સ્ટેશનમાં પરિણીતાએ આકાશ ગોહિલ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ આકાશ ગોહિલ પોલીસ ધરપકડથી બચવા માટે અલગ અલગ જગ્યા પર ભાગતો ફરતો હતો. પોલીસ પણ વિવિધ ટીમો બનાવી તેને ઝડપી પાડવા માટે શોધખોળ કરી રહી હતી. દરમિયાન ગઈકાલે પોલીસને બાતમી મળી હતી કે આરોપી આકાશ ગોહિલ પંચમહાલ જિલ્લાના બાકરોલ ગામ આવ્યો છે. જેના આધારે પોલીસે સ્થળ પર જઈને દુષ્કર્મના આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેને વડોદરા લાવ્યા બાદ ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નંદેસરી પોલીસે આકાશ ગોહિલ ભાગતા ૧થી ૧.૫ km સુધી પીછો કરી દબોચ્યો

૨૨ સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે ઘટના બન્યા બાદ આરોપી આકાશ ગોહિલ ભાગી ગયો હતો. છેલ્લા ૧૦થી ૧૨ દિવસ સુધી આરોપી ધરપકડથી બચવા માટે નાસતો ફરતો હતો. દરમિયાન પંચમહાલ જિલ્લાના બાકરોલ ગામે રહેતા મામાના ઘરે આરોપી આકાશ ગોહિલ રહેવા માટે આવ્યો હતો. જેની બાતમી મળતા જ નંદેસરી પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી. પોલીસને જોઈને આકાશ ગોહિલ ભાગ્યો હતો પરંતુ પોલીસે એકથી દોઢ કિલોમીટર સુધી પીછો કરીને તેને દબોચી લીધો હતો.

## હારીજ-ચાણસ્મા હાઈવે પર ઈકો કાર ટેન્કરમાં ઘૂસી : ત્રણનાં મોત, આઠ ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૧

રાજ્યમાં અકસ્માતની ઘટનાઓ વધી રહી છે. તાજેતરમાં દ્વારકામાં અકસ્માતની ઘટનામાં સાત લોકોનાં મોત નિપજ્યા હતા ત્યારે આજે પાટણ નજીક વાહન અકસ્માતમાં ત્રણનાં મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે.પાટણ જિલ્લાના હાઈવે માર્ગો પર બેફામ ગતિએ દોડતા ખાનગી વાહનોના કારણે અવારનવાર નાના મોટા માર્ગ અકસ્માતના બનાવો સર્જાતા હોય છે, ત્યારે આવો જ એક ગોજારો માર્ગ અકસ્માત ફરીથી સર્જાયો છે. હારીજ-ચાણસ્મા હાઈવે પર પેસેન્જર ભરીને જઈ રહેલી ઈકો કાર અને ટેક્કર વચ્ચે ટક્કર થતાં ૩ લોકોના કરૂણ મોત નીપજયા હોવાની સાથે ૮ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, મંગળવારના રોજ ચાણસ્મા હારીજ હાઈવે માર્ગ પરથી પસાર થઈ રહેલા ટેન્કર અને મંદિરથી દર્શન કરીને પરત ફરી રહેલી ઈકો કાર અને ટેક્કર વચ્ચે અગમ્ય કારણોસર ગમખ્વાર અકસ્માત સર્જાતા ઈકો કારમાં બેઠેલા મુસાફરોની ચીચીયારીઓથી માર્ગ ગુંજી ઉઠ્યો હતો. ગમખ્વાર અકસ્માતમાં ઈકો કારમાં સવાર ૨ પુરૂષો અને ૧ મહિલાના ઘટના સ્થળે મોત નિપજયા હોવાની સાથે ૮ જેટલા લોકો ઈજાગ્રસ્ત બન્યા હોવાનું જાણવા મળ્યું છે.

## અંકલેશ્વર સબજેલમાંથી પાંચ મોબાઈલ જપ્ત કરાયા

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વરમાં આવેલ તાલુકા સબજેલમાંથી પાંચ મોબાઈલ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ કરતા આ ભાંડો ફૂટયો હતો ગુજરાતની વિવિધ જેલમાંથી મોબાઈલ મળવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે ત્યારે ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા અંકલેશ્વરમાં આવેલ તાલુકા સબજેલમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના અધિકારીઓએ જેલમાં સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું દરમિયાન વિવિધ સેલમાંથી પોલીસને પાંચ જેટલા મોબાઈલ ફોન મળી આવ્યા છે.પોલીસે ચેકિંગ દરમ્યાન જેલર વિપુલ સોરઠિયાની ઓફિસની પહેલા આવેલ રૂમમાં આઠ કેદીઓ હાજર હોય તેઓની તપાસ કરતા કેદીઓ પાસેથી અને ટેબલના ડ્રોઅરમાંથી મોબાઈલ ફોન મળી આવ્યો હતો.પોલીસે રૂ.૪૦ હજારની કિંમતના કુલ ૫ મોબાઈલ કબજે કર્યા હતા. પોલીસે આ મામલામાં એન.ડી.પી.એસ.એકટના ગુનામાં સંડોવાયેલ ચિંતન પાનસુરિયા, અપહરણના ગુનામાં સંડોવાયેલ ભૌતિક લુણગરિયા, વિપુલ ભાદાણી, દીપ પટેલ અને ચિરાગ પટેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વસ્તડી ગામના કોઝ-વે પર

## ૪૫ વિદ્યાર્થીઓ ભરેલ બસ તણાઈ એક બાજૂં નમી પડતાં વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટ્યા

### વિદ્યાર્થીઓની બૂમાબૂમથી આસપાસના લોકો દોડી આવ્યા અને વાહનો મંગાવી બહાર કાઢ્યા

સુરેન્દ્રનગર,તા.૧

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના વસ્તડી ગામના કોઝ-વે ઉપર છેલ્લા ત્રણ દિવસથી પાણીનો ધોધ વહી રહ્યો છે આ કોઝ-વે બંધ ન કરાતા આ પાણીમાંથી વિદ્યાર્થીઓથી ભરેલ બસ પસાર કરવા જતાં તણાવા લાગતા વિદ્યાર્થીઓએ બૂમાબૂમ મચાવતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ વિદ્યાર્થીઓને બહાર કાઢયા હતા. આ બનાવની જાણ વિદ્યાર્થીઓના વાલીઓને થતા જીવ તાળવે ચોંટયા હતા. બનાવની પ્રાપ્ત વિગત અનુસાર સુરેન્દ્રનગર શહેરમાં અભ્યાસ માટે આજુબાજુના ગામડાઓમાંથી વિદ્યાર્થીઓને બસ દ્વારા લાવવામાં આવે છે ત્યારે આજે વહેલી સવારે આ પુલ ઉપરથી બસ વિદ્યાર્થીઓને લેવા ગઈ ત્યારે બસ પસાર થઈ ગઈ હતી પરંતુ વિદ્યાર્થીઓ ભરી બસ પરત ફરી રહી હતી ત્યારે પાણીના વહેણમાં તણાવવા લાગી હતી અને બસ એક બાજુ નમી જવા પામી હતી અંદર બેઠેલા ૪૫ જેટલા વિદ્યાર્થીઓમાં ભારે દેકારો સર્જાયો હતો અને બચાવો બચાવોની બૂમો વિદ્યાર્થીઓ લગાવવા માંડ્યા હતા ત્યારે પસાર થતા લોકો અને આજુબાજુના લોકો ઘટના સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને પસાર થતાં પાણીના વહેણમાંથી આ બાળકોને કેવી રીતે બહાર કાઢવા અને બહાર કાઢીને પણ આ પાણીના વહેણમાંથી કેવી રીતે પસાર કરવા તે પ્રશ્ન ઉભો થયો હતો તાત્કાલિક વાહન મંગાવી વિદ્યાર્થીઓને બહાર કાઢવાની નોબત આવી હતી ત્યારબાદ આ ઘટના અંગે વિદ્યાર્થીઓના વાલીઓને જાણકારી મળતા તેમના જીવતાવળે ચોંટી ગયા હતા


**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં.૦૪ સને ૨૦૨૪-૨૦૨૫**


ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, હાઈકોર્ટ વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ નં.૨, બીજો માળ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત હાઈકોર્ટ સંકુલ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ (ફોન નં.૨૭૬૬૧૯૨૮)ની કચેરીએથી કુલ ૨ (બે) કામ જેની અંદાજિત રકમ રૂા.૧,૪૮,૫૯૧.૨૦થી રૂા.૧,૮૦,૯૯૬.૩૨ છે. આ કામ માટે સરકારશ્રીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામનું ટેન્ડર rnb.nprocure.com ઉપરથી તા.:-૦૩.૧૦.૨૦૨૪થી જોવા મળશે અને આ વેબસાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ અને અપલોડ કરવાની છેલ્લી તારીખ ૧૭.૧૦.૨૦૨૪ના રોજ ૧૪:૦૦ કલાક સુધી કરી શકાશે. જેમાં જી.એસ.ટી. (G.S.T.) (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ) પ્રવર્તમાન નિયમોનુસાર બિલની રકમ ઉપર અલગથી ચૂકવવામાં આવશે અને ઈજારદારશ્રીએ તે મુજબ ભાવ ભરવાના રહેશે.

આ ઉપરાંત વિગતવાર નોટિસ માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in પર તથા કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓને રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

**ક્રમાંક/સંમાનિ/અમદ/૯૧૦-૨૦૨૪**





દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દિવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય, સમજણથી 'દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે'

-મહાત્મા ગાંધી

## નશાબંધી અને આબકારી કચેરી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૪ થી તા. ૦૮-૧૦-૨૦૨૪ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

### સંદેશો

I am happy to learn that the Government of Gujarat is celebrating **'Prohibition Week' from 2nd to 8th October, 2024.** This initiative aligns perfectly with Mahatma Gandhi's vision, who considered alcoholism a disease rather than a vice and aptly described it as a 'monstrous evil'.

The consequences of alcoholism are far-reaching, affecting not only physical health but also mental well-being and often leading to various social problems. It's commendable that the Gujarat government is taking proactive steps to raise awareness about the detrimental effects of alcohol consumption through this campaign. Your efforts will undoubtedly inspire positive change and promote a healthier society.

On this occasion, I extend my greetings and felicitations to all those associated with the mission and wish the **'Prohibition Week'** all success.

**Smt. Droupadi Murmu**
**PRESIDENT, REPUBLIC OF INDIA**

ગુજરાત સરકાર દ્વારા **૦૨-૦૮ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન 'નશાબંધી સપ્તાહ'** મનાવાઇ રહ્યું છે તે લોકજાગૃતિ માટેનું યોગ્ય કદમ છે.

કોઈ પણ પ્રકારનો નશો કે વ્યસન સમાજ અને દેશ માટે હાનિકારક છે. તે માત્ર શારીરિક, માનસિક કે આર્થિક જ નહિ, સામાજિક દ્રષ્ટિએ પણ વ્યક્તિને પાયમાલ કરે છે. આવા નશાથી દુર રહેવું એ જ એનાથી બચવાનો ઉપાય છે.

ગુજરાત રાજ્ય સ્થાપના કાળથી જ સંપૂર્ણ નશાબંધીની નીતિ પર ચાલતું આવ્યું છે. પ્રજાની સુખાકારી, સામાજિક સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિના ફળદાયી પરિણામના અનેક કારણોમાંનું એક કારણ નશાબંધી છે. સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક તથા સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી નશાબંધી અભિયાન વધુ વ્યાપક બને એવી અપેક્ષા.

ગુજરાત સરકાર દ્વારા આરંભાયેલી **નશાબંધી ઝુંબેશ** વધુ અસરકારક નીવડે એવી શુભકામના.

**નરેન્દ્રભાઈ મોદી**
**વડાપ્રધાનશ્રી, ભારત**

I am pleased to learn that the Government of Gujarat is observing **"Prohibition Week"** commencing on October 2nd, the birth anniversary of Mahatma Gandhi.

Prohibition Week is a befitting tribute to Mahatma Gandhi's vision of a society free from the harmful effects of intoxicants. It aligns with Article 47 of the Constitution of India in the Directive Principles of State Policy, which directs the State to strive for the prohibition of intoxicating drinks and drugs, which are injurious to health to enhance public health and improve living standards.

By raising awareness about the detrimental impact of intoxicants and promoting the benefits of prohibition, "Prohibition Week" facilitates meaningful dialogue and encourages individuals to avoid harmful substances, thereby contributing to the enhancement of public health.

I extend my best wishes for the success of **"Prohibition Week"** hoping it will be a significant step toward a healthier and more enlightened society.

**Om Birla**
**SPEAKER, LOK SABHA INDIA**

मुझे यह जानकर प्रसन्नता हो रही है कि हर वर्ष की भांति इस वर्ष भी राज्य सरकार ने **२ अक्टूबर से ८ अक्टूबर, २०२४** तक राष्ट्रपिता महात्मा गांधी जी की जन्म-जयंती के अवसर पर पूरे राज्य में **"नशाबंदी सप्ताह"** मनाने का निर्णय लिया है।

नशीले प्रदार्थों के सेवन से होने वाले घातक दुष्परिणामों से लोगों को अवगत कराना और नशामुक्ति के प्रति समाज को जागरूक करना **"नशाबंदी सप्ताह"** का मुख्य उद्देश्य है। मेरा मानना है कि नशे की बुराई को खत्म करने की दिशा में ईमानदारी और केंद्रित प्रयासों के जरिये ही नशाबंदी के लक्ष्य को हासिल किया जा सकता है।

सत्य और अहिंसा के महान दूत महात्मा गांधी जी नशाबंदी के प्रबल समर्थक थे। उनका मानना था कि ईमानदारी तथा निष्ठपूर्वक नशाबंदी का अनुपालन समाज के गरीब और कमज़ोर वर्गों के जीवन को उज्जवल और उत्तम बनाने का काम कर सकता है।

मैं गुजरात सरकार के नशामुक्त समाज के निर्माण के दृढ़ संकल्प की सराहना करता हूँ, क्योंकि राज्य में नशाबंदी नीति के सख्त क्रियान्वयन के कारण ही आज गुजरात राज्य शांतिपूर्ण, सुरक्षित, खुशहाल और एक समृद्ध राज्य के रूप में देश भर में अग्रिम स्थान पर है।

मुझे पूर्ण विश्वास है कि राज्य सरकार जनशक्ति को प्रेरित करके **"नशाबंदी सप्ताह"** जैसे विभिन्न प्रयासों से नशाबंदी को राज्य में पूर्ण रूप से सार्थक करेगी, जो वास्तव में राष्ट्रपिता महात्मा गांधी जी के प्रति हमारी सच्ची श्रद्धांजलि होगी।

आइए! हम जन जागरूकता के प्रत्येक प्रयास में अपना योगदान दें और स्वस्थ एवं नशामुक्त समाज का निर्माण करें।

**(आचार्य देवव्रतजी)**
**राज्यपालश्री, गुजरात राज्य**

ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. આ વ્યસનને સ્વ- પ્રસન્નતા માટે શરૂ કરવામાં આવે છે અને ત્યાગ અથવા અટકાવ માટે પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે તેને ચાલુ રખાય છે. વ્યસનનો અતિરેક માણસના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.**

ગુજરાતની સ્થાપનાથી જ **રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે.** ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા **મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ ઓક્ટોબરથી તા. ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે,** તેનું આયોજન અભિનંદનીય છે. ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળકટ બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

નશોએ પાપનું મૂળ છે, માણસના જીવનમાં નશાના કારણે ઘણા દુષણો આવે છે. માણસ શારીરિક, માનસિક અને આર્થિક રીતે પાયમાલ થાય છે. તેનું કુટુંબ જીવન અને સામાજીક જીવન પણ બરબાદ થાય છે. દરેક બાળક એવું ઇચ્છે કે, તેના માતાપિતાનું તેને ગર્વ હોય, એક વ્યસની પિતા પોતાના બાળકને શું સંસ્કાર આપી શકે? તે પોતાની પત્નિના કોડ કેવી રીતે પુરા કરી શકે? નશો કર્યા પછી માણસ પશુ સમાન બની જાય છે. તેને સારા-નરસાનું ભાન રહેતું નથી.

ગુટકા, ધુમ્રપાન, દારૂ, ડ્રગ્સ જેવા વ્યસનને કારણે આજે દેશનું યુવાધન બરબાદ થઇ રહ્યુ છે ત્યારે **રાજ્યનું નશાબંધી અને આબકારી ખાતુ તા.૦૨/૧૦/૨૦૨૪ થી તા.૦૮/૧૦/૨૦૨૪ દરમ્યાન નશાબંધી સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે** તે જાણીને હું આનંદ અનુભવું છું. માત્ર કાયદો જ નશાબંધી કરી શકવાનો નથી. આવો, આપણે સૌ સાથે મળી સ્વયં સંકલ્પ કરી નશો ન કરવા કે કોઇ નશો કરતું હોય તો તેને નશામુક્ત થવાની પ્રેરણા આપીએ અને ગુજરાતને સાચા અર્થમાં નશામુક્ત કરીએ.

સરકારશ્રીનો આ વિભાગ ફક્ત સપ્તાહની ઉજવણી કરીને સંતોષ નહી માને પરંતુ હંમેશા લોકો નશાથી મુક્ત રહે તેવા પ્રયત્નો કરતો રહેશે. આ પ્રસંગે નશાબંધી અને આબકારી ખાતાને મારી હાર્દિક શુભકામના પાઠવું છું.

**હર્ષભાઈ સંઘવી**
**રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**

# રાજકોટના મ્યુનિ. કમિશનર કોર્ટનું સન્માન કરતા નથી, જાણે કે કોર્ટને આજ્ઞા આપતા હોય તેમ જવાબો આપે છે : હાઈકોર્ટ લાલઘૂમ

## TRP ગેમઝોન અંગે નિર્ણયો લેવા બાબતે સમગ્ર રેકોર્ડ મંગાવાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

રાજકોટ ટીઆરપી ગેમઝોન કાંડમાં ગત શુક્રવારે થયેલી સુનાવણી દરમિયાન રાજકોટના મ્યુનિસિપલ કમિશનર દ્વારા એફિડેવીટ દાખલ કરવામાં આવી હતી તેના શબ્દો ઉપર ચીફ જસ્ટીસે ગંભીર નારાજગી વ્યક્ત કરીને કહ્યું હતું કે, આ અધિકારીને જાણે કે કોર્ટ માટે કોઇ સન્માન નથી. આઈએએસ અધિકારી કક્ષાના અધિકારી આવો ઉડાઉ જવાબ આપે છે. જાણે કે હાઈકોર્ટને શું કરવું અને શું ના કરવું તે બાબતે આજ્ઞા આપતા હોય તેમ એફિડેવીટની ભાષા છે. હવે પછી તેમની આ મુદ્દા પર ખુલાસો માંગવામાં આવશે.

બીજી બાજુ તત્કાલિન મ્યુનસિપલ કમિશનરો આનંદ પટેલ અને અમીત અરોરાને તો જાણો કોઇ પસ્તાવો કે દોષભાવ જ નહી થતો હોવાથી તમને પણ ફરજમાં કથિત બેદરકારી બદલ વ્યક્તિગત રીતે ખુલાસો કરવાનું કહ્યું છે. આ ઉપરાંત તેમના દ્વારા રાજકોટ ટીઆરપી ઝોન અંગે નિર્ણયો લેવા બાબતે સમગ્ર રેકોર્ડ મંગાવવામાં આવ્યો છે. રાજકોટ ટીઆરપી ગેમ ઝોન કાંડમાં સુનાવણી બાદ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદી દ્વારા પસાર કરવામાં આવેલા લેખિત આદેશમાં ઉપરોક્ત બાબતે ખૂબ જ ગંભીર અવલોકન કરતા અધિકારીઓ ઉપર ફરજમાં બેદરકારી અને યોગ્ય સુપરવિઝન નહી કરવા બદલ ચાબખા મારવામાં આવ્યા છે. બાબત જાણે એમ હતી કે વકીલ દ્વારા વર્ષ ૨૦૨૦માં એક જાહેર હિતની અરજી હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. તેમાં હોસ્પિટલો, શાળાઓ, ઊંચી ઈમારતો સહિતના ખાનગી તેમજ જાહેર સ્થળોએ ફાયર સેફટીના નિયમોનું પાકા પાયે પાલન થવું જોઈએ તેવી દાદ માંગી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન રાજ્યના તમામ મ્યુનિ. કમિશનરો દ્વારા ફાયર સેફટીના નિયમોનું પાલન કરવાની અને પૂરતી ચકાસણી બાદ જ બીયુ પરમીશન આપવાની ખાતરી સોગંધનામા ઉપર આપવામાં આવી હતી. જેમાં રાજકોટના તત્કાલિન મ્યુનિ. કમિશનરો દ્વારા પણ નિયમોનું સજ્જડ પાલન કરવા અને ભંગ કરનારાઓ સામે આકરા પગલા લેવા સહિતની ખાતરી ઉચ્ચારવામાં આવી હતી. આથી ડીપી દેસાઈ દ્વારા એફિડેવીટ દાખલ કરાઈ હતી તેની સુનાવણી ગત શુક્રવારે કરાઈ હતી. પરંતુ તેનાથી કોર્ટ લાલઘૂમ થઇ હતી. કોર્ટે પોતાના આદેશમાં નોંધ કરી છે કે, જો સોગંધનામુ રજૂ કરાયું છે તેમાં કોર્ટને જવાબ આપવામાં અધિકારીની ઉગ્રતા દેખાઇ આવે છે. ઘણા ફકરામાં તેવું ભારૂપૂર્વક કહેવામાં આવ્યું છે કે, તત્કાલિન મ્યુનિ કમિશનરોને તેમની સુપરવાઇઝરી ભૂમિકામાં નિષ્ફળ રહેવા બદલ કોર્ટ તેમને દોષિત ઠેરવી શકે નહી. આથી આ સોગંધનામામાં અધિકારી દ્વારા જે પ્રમાણે ઉગ્રતા બતાવવામા આવી છે તેના ઉપરથી લાગે છે કે, તેઓને ન્યાયની અદાલત પ્રત્યે સન્માન નથી અને જાણે કે સોગંધનામુ એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે, જાણે કોર્ટને શું કરવું જોઈએ અને શું ના કરવું જોઈએ તેવો હુકમ આપતા હોય. એક આઈએએસ કક્ષાના સક્ષમ વ્યક્તિ દ્વારા કોર્ટને આવી રીતે જવાબ આપવામાં આવશે તેવી આશા રાખી શકાય નહી. આથી આ અધિકારીને ઉપરોક્ત બાબતે ખુલાસો કરવા માટે અમે અમારો આદેશ અનામત રાખીએ છીએ. પોતાના આદેશમાં કોર્ટે નોંધ્યું છે કે, ગમે તો હોય પરંતુ ગેમિંગ ઝોન બીયુ પરમીશન અને ફાયર પ્રોટેકશન વગર ધમધમતો હતો અને તે બાબત હજુ સુધી અમને વ્યાકૂળ કરી રહી છે. કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા આ એક ગંભીર ચૂક હતી અને મ્યુનિ. કમિશનરો તેમના તાબાના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપર અંકુશ રાખવા બાબતે પોતાની જવાબદારીમાંથી કોઇ કાળે છટકી શકે નહી. ફેક્ટ ફાઈડીંગના રિપોર્ટમાં અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનમાં આ બાબતે તેઓને કોઇ પસ્તાવો નથી કે તે બાબતે કોઇ રીસ્પોન્સ હજુ સુધી અમને મળ્યો નથી. જુલાઇ, ૨૦૨૪થી અમારે સમક્ષ જે પણ એફિડેવીટ રજૂ કરવામાં આવે છે તેમાં મ્યુનિ કમિશનરોની તેમની ફરજમાં બેદરકારી બાબતે જવાબદાર ઠેરવવા બાબતે કોઇ વાત કરવામાં આવી નથી. ગેમ ઝોનને બે વર્ષ ચાલવા દીધું અને જો આ મ્યુનિ. કમિશનરોએ તકેદારી રાખી હોત તો ૨૭ વ્યક્તિના મરણની કમનસીબ ઘટના ટાળી શકાઇ હોત. આથી ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીના મ્યુનિ. કમિશનરો દ્વારા વ્યક્તિગત સોગંધનામુ કરવાનું રહેશે. આ ઉપરાંત ટીઆરપી ગેમ ઝોન તોડી પાડવા બાબતે ટાઉન પ્લાનિંગ ઓફિસર દ્વારા પસાર કરવામાં આવેલો આદેશ, તેની નોટિસ, નિયમિત કરવાની અરજી સહિતનો ઘટના પહેલાનો રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂકવાનો રહેશે. આથી તમામ કાગળો અને સંદેશાવ્યવહારની અસલી ફાઈલ કોર્ટ સમક્ષ મૂકવાની રહેશે. આ ઉપરાંત તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બનેલી આગની ઘટનાની સમગ્ર ફાઈલ કોર્ટ સમક્ષ મૂકવાની રહેશે.

### પાટણ જિલ્લાની શાંતિ ડહોળવાનો પ્રયાસ

# સમીના ગોચનાદ ગામે મુસ્લિમોના કબ્રસ્તાનમાં ઘૂસી કટ્ટરવાદીઓનો કબરોને નુકસાન કરવાનો પ્રયાસ

## કબ્રસ્તાનમાં દોડી ગયેલ ગામના આગેવાનો પર કોશ, છરી તથા લાકડી વડે હુમલો કરતા લોહીલુહાણ

પાટણ,તા.૧

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં લઘુમતી સમાજના ધાર્મિક સ્થળોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. મસ્જિદો, દરગાહો, મદ્રેસા તથા કબ્રસ્તાનો સામે સરેઆમ વિરોધ નોંધાવી તોડફોડ કરી રાજ્યનું વાતાવરણ ડહોળવાના પ્રયાસો થઈ રહ્યા છે. હાલમાં જ પ્રભાસપાટણ ખાતે મુસ્લિમ સમાજના વર્ષો જુના અને ઐતિહાસિક દરગાહો, મસ્જિદો અને કબ્રસ્તાનોને સ્થાનિક તંત્ર દ્વારા શહીદ કરી દેવાયા હતા જે કાર્યવાહીનો રાજ્યભરમાં વિરોધ થઈ રહ્યો છે. ત્યારે ફરી આજરોજ પાટણ જિલ્લાના સમી તાલુકાના ગોચનાદ ગામે ગામના જ કેટલાક કટ્ટરવાદી માનસ ધરાવતા શખ્સોએ મુસ્લિમ સમાજના કબ્રસ્તાન ઘૂસી કબરોને નુકસાન પહોંચાડવાની કોશિશ કરતા જેની જાણ થતા મુસ્લિમ સમાજમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી. સમી તાલુકાના ગોચનાદ ગામના કબ્રસ્તાનમાં ગામના જ કેટલાક અસામાજિક તત્વો દ્વારા કબરોને નુકસાન પહોંચાડવાની કોશિશ કરતા જેની જાણ ગામના શિક્ષકને થતા ઠપકો આપવા જતા ત્રણ જેટલા શખ્સોએ ઉશ્કેરાઈ જઈ હુમલો કરતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. જેઓને સારવાર અર્થે પાટણની ધારપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવને પગલે ગામમાં ભારે ઉત્તેજના ફેલાઈ હતી. તો બીજી તરફ વર્ષોથી કોમી એખલાસ અને ભાઈચારાથી રહેતા ગામના હિન્દુ-મુસ્લિમ આગેવાનોએ આ કૃત્યને વખોડી કાઢી નિંદનીય ગણાવ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ સમી તાલુકાના ગોચનાદ ગામે મુસ્લિમ સમાજનું કબ્રસ્તાન આવેલુ છે. આ કબ્રસ્તાનમાં ઘૂસી ચૌધરી જયંતી પરમાભાઈ, ચૌધરી જલા ગાંડાભાઈ અને નાડોદા હરી ખેતાભાઈ (રહે. તમામ ગોચનાદ) કબરોને નુકસાન પહોંચાડી ધજા લગાવતા હોવાની જાણ ગામના આગેવાન અને રાધનપુર તાલુકાના સરદારપુર ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા હબીબભાઈ રેમુભાઈ સિપાઈ (ઉ.વ.૫૮)ને થતા તેઓ કબ્રસ્તાનમાં દોડી આવ્યા હતા અને નુકસાન કરી રહેલ ત્રણે જણાને ધજાઓ લગાવવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયા હતા અને કોસ, છરી તથા લાકડી વડે હબીબભાઈ સિપાઈ ઉપર હુમલો કરતા માથાના તેમજ ગાલના ભાગે ઈજાઓ કરતા ગંભીર હાલતમાં સારવાર માટે ધારપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કબ્રસ્તાનમાં તોડ-ફોડ થતી હોવાની જાણ હબીબભાઈના ભાઈ અબ્દુલભાઈને થતા તેઓ પણ કબ્રસ્તાન દોડી ગયા હતા. આ સમયે ઉકત ત્રણે શખ્સો હબીબભાઈને મારતા હોવાના દશ્યો જોતા છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ સામાન્ય ઈજાઓ થઈ હતી. બનાવ અંગે હબીબભાઈ રેમુભાઈ સિપાઈએ સમી પોલીસ મથકે ચૌધરી જયંતી પરમાભાઈ, ચૌધરી



જલા ગાંડાભાઈ અને નાડોદા હરી ખેતાભાઈ (રહે. ગોચનાદ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. નાના એવા ગોચનાદ ગામે વર્ષોથી હિન્દુ-મુસ્લિમ કોમી એખલાસ અને ભાઈચારાથી રહે છે ત્યારે કેટલાક અસામાજિક તત્વો દ્વારા ગામની કોમી-એકતા ફાચર મારવા આચરેલા આ કૃત્યની હિન્દુ-મુસ્લિમ આગેવાનોએ નિંદા કરી વખોડી નાખી આરોપીઓ સામે પગલાં ભરી નશ્યત કરવા માગણી કરી હતી.

# સોમનાથ ખાતે ધાર્મિક સ્થાનો અને મિલકતોના ડિમોલિશન બાબતે ચુકાદો અનામત : ગુરૂવારે ચુકાદો આવે તેવી શકયતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

રાજ્યના ગીર સોમનાથ જિલ્લામાં પ્રભાસ પાટણ ખાતે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિર નજીકમાં આવેલા ધાર્મિક સ્થાનોની ઈતિહાસમાં સૌથી મોટા મેગા ડિમોલીશનની કામગીરી સામે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી દાખલ કરાઇ હતી તેમાં તમામ પક્ષકારોની સુનાવણી બાદ ચુકાદો ગુરુવાર સુધી અનામત રાખવામાં આવ્યો છે. અરજદાર પક્ષ દ્વારા સ્થળ ઉપર યથાવત સ્થિતિ જાળવી રાખવા માટે માંગ કરવામાં આવી છે. આથી તે દિવસે જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. બીજી બાજુ આ કેસમાં એક પક્ષકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં પણ પિટિશન કરવામાં આવી છે. હાઈકોર્ટના નિર્દેશાનુસાર આજે રાજ્ય સરકાર અને અરજદાર અસરગ્રસ્તો તરફથી લંબાણપૂર્વકની દલીલો અને રજૂઆત કરવામાં આવ્યા હતા. તો, કોર્ટના ધ્યાન પર કેટલીક હકીકતો અને પુરાવા-દસ્તાવેજો પણ રજૂ કરવામાં આવ્યા હતા. અસરગ્રસ્તો તરફથી કેસમા યથાવત્ સ્થિતિ જાળવી રાખવાના હુકમ માટે માંગણી કરવામાં આવી હતી. જો કે, હાઈકોર્ટે હાલના તબક્કે સ્ટેટ્સ ક્વોની રાહત આપી ન હતી. લગભગ ત્રણેક કલાક ચાલેલી સુનાવણી બાદ પક્ષકારોની સુનાવણી પૂર્ણ થતાં હાઈકોર્ટે આ કેસમાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. હાઈકોર્ટ દ્વારા આ કેસમાં ગુરૂવારે પોતાનો ચુકાદો સંભળાવાય તેવી શક્યતા છે. સોમવારે અરજદાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે તેઓના કેસની સુનાવણી સ્થાનિક સત્તાધીશો સમક્ષ ચાલી રહી છે અને રજૂઆતની તક આપ્યા વગર સમગ્ર કાર્યવાહી તા.૨૮ સપ્ટેમ્બરનાં રોજથી કરવામાં આવી હતી. અરજીમાં રજૂઆત કરાઈ હતી કે, આ જમીન પર કબ્રસ્તાન, દરગાહ, મસ્જિદ સહિતના ધાર્મિક સ્થાનો આવેલા છે. પ્રસ્તુત કિસ્સામાં નવ મિલકતોને સ્થાનિક અધિકારી દ્વારા નોટિસ ગત તા.૧૨ સપ્ટેમ્બરના રોજ આપવામાં આવેલી હતી. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાતી આ જમીનમાં વર્ષ ૧૯૪૭થી સરકારી જમીન તરીકે નોંધ કરવામાં આવી છે અને કબજેદાર તરીકે હસનઅલી ઘાંચીનું નામ દૂર કરવામાં આવે તે માટે ખુલાસો કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ કેસની સુનાવણી તા.૧૯નાં રોજ રાખવામાં આવી હતી અને ત્યારબાદ મુદ્દત આપવામાં આવતા તા.૨૭ના રોજ મુદ્દત હતી. તે વખતે પક્ષકારો હાજર હતા પરંતુ આખો દિવસ કોઈ સુનાવણી થઈ નહોતી. ત્યારબાદ બીજા દિવસથી તોડફોડની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જે રજૂઆતની તક આપ્યા વગર કરાઈ હતી. બીજી બાજુ સરકાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે પ્રસ્તુત મિલકતો બાબતે અલગ અલગ અદાલતો અને લીગલ ફોરમમાં પાંચમી વખત કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. નોટિસની વિગતો જોતા આ સરકારી જમીન ઉપર દબાણ હતું. આ બાબતે ગયા વર્ષે પણ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરાઈ હતી. સત્તાવાળાઓ દ્વારા કાયદાકીય પ્રક્રિયા અનુસરીને જ ડિમોલીશનની કામગીરી હાથ ધરાઇ છે. જેમાં અસરગ્રસ્તોને તા.૧૨-૯-૨૦૨૪ના રોજ નોટિસ જારી કરવામાં આવી હતી અને જેમાં તા.૧૯મીએ સુનાવણી રાખવામાં આવી હતી. જો કે, એ દિવસે અસરગ્રસ્તો તરફથી મુદ્દત લેવાઈ હતી. બાદમાં તા.૨૭મીએ ફરી હીયરીંગ રખાયુ હતુ અને એ જ દિવસે હુકમ થયા મુજબ ડિમોલીશનની કામગીરી હાથ ધરાઈ હતી. જો કે, અરજદારપક્ષે વાંધો લીધો હતો કે, તા.૨૭મીએ તેઓને સુનાવણીની તક અપાઇ જ નથી અને આવો કોઇ હુકમ પણ થયો નથી. સત્તાવાળાઓએ તેઓને વિશ્વાસમાં લીધા વિના કે હુકમની જાણ કર્યા વિના જ બારોબાર ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરી હતી. કેસની વિગતો મુજબ, સરકારના સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા સોમનાથ પંથકમાં રાતોરાત મોટાપાયે ડિમોલીશનની કામગીરી હાથ ધરી ગેરકાયદે રીતે કેટલાક બાંધકામો, ધાર્મિક સ્થાનો સહિતના બાંધકામ તોડી નંખાયા છે. જેમાં હાજી મંગરોલીશા પીર, ઈદગાહ સહિતના સ્થળોએ પણ બુલડોઝર ચલાવી અનેક ધાર્મિક સ્થાનો-બાંધકામોને જમીનદોસ્ત કરી દેવાયા છે. રાજ્ય સરકાર અને સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા જરૂરી કાયદાકીય અનુસર્યા વિના ગેરકાયદે રીતે આ ડિમોલીશનની કાર્યવાહી કરી છે. સરકારે આવા દબાણો કે બાંધકામો દૂર કરતાં પહેલાં તેમને સાંભળ્યા જ નથી અને કોઇ અધિકૃત હુકમ વિના જ ગેરકાયદે ડિમોલીશન કરાયું છે.

# રાજ્યની ગ્રાન્ટેડ તથા સરકારી હોસ્પિટલો-આરોગ્ય કેન્દ્રોના વિઝિટીંગ અને સુપર સ્પેશ્યાલિસ્ટ તબીબોના વેતનમાં વધારો

## ગ્રાન્ટેડ હોસ્પિટલમાં અંતરના આધારે વિઝિટ દીઠ રૂા.૨૦૦થી ૬૦૦નો કરાયો વધારો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

ગુજરાત સરકાર દ્વારા હેલ્થ વિભાગ માટે મહત્ત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યની ગ્રાન્ટેડ હોસ્પિટલોના વિઝિટીંગ ડોક્ટરોના વિઝીટના વેતનમાં વધારો કરવા સાથે સરકારની યોજના હેઠળ આરોગ્ય સંસ્થાઓમાં ફરજ બજાવતા વિઝીટીંગ સુપર સ્પેશ્યાલિસ્ટ તબીબોના માનદ વેતનમાં પણ વધારો કરવાનો સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે. ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. જેમાંઆ લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલોના વિઝીટીંગ ડોક્ટરોના પ્રતિ વિઝીટ માનદ વેતન દર છેલ્લે વર્ષ ૨૦૧૮માં નક્કી કરવામાં આવ્યા હતા. રાજ્યમાં સેવાભાવી ટ્રસ્ટો દ્વારા અનેક ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલો સેવાકીય હેતુસર ચલાવવામાં આવે છે. આવી હોસ્પિટલોમાં વિઝીટીંગ ડોક્ટરની સેવા સરળતાથી મળી રહે તે માટે માનદ વેતનના દરમાં વધારો કરવા વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. રજૂઆતોને ધ્યાને લઈ વેતનમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. જે મુજબ વિઝીટીંગ ડોક્ટરનો આશરે ૫૦ કિ.મી. સુધીના અંતર માટે માનદ વેતનનો દર અત્યારે રૂા.૭૦૦ છે, જે હવે વધારીને રૂા.૧,૦૦૦ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, ૫૧થી ૧૦૦ કિ.મી. સુધીના અંતર માટે રૂા.૮૦૦થી વધારીને રૂા.૧,૨૫૦, ૧૦૦ કિ.મી.થી વધારે અંતર માટે રૂા. ૯૦૦થી વધારીને રૂા. ૧,૫૦૦ કરવામાં આવ્યો છે. રાજ્યની સી.એમ. સેતુ યોજના અંતર્ગત ફરજ બજાવતા વિઝીટીંગ તજજ્ઞો/સુપર સ્પેશિયાલીસ્ટ ડોક્ટરોના માનદ વેતનમાં વધારો કરવાના નિર્ણયમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા આ તબીબોને અગાઉ પ્રતિ કલાક અંતરના આધારે રૂા.૭૦૦થી રૂા.૯૦૦ વેતન આપવામાં આવતું હતું, જેમાં હવે વધારો કરાયો છે. પીડિયાટ્રીશીયન અને જનરલ ફિઝિશીયનને પ્રતિ દિન રૂા.૩,૦૦૦ તેમજ આ સિવાયના તમામ સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોને પ્રતિ દિન રૂા.૨,૦૦૦ માનદ વેતન ચૂકવવામાં આવશે, જેની સામે આ તબીબોએ રોજની લઘુત્તમ ૩ કલાકની ફરજિયાત સેવાઓ આપવાની રહેશે. આ મહેનતાણા ઉપરાંત સર્જરીના પ્રકારને આધારે ડોકટરોને રૂા.૩૦૪થી ૨,૦૦૦ સુધીનું ઈન્સેન્ટીવ પણ મળવાપાત્ર રહેશે. સર્જરી દરમિયાન એનેસ્થેટીસ્ટની સેવાઓ લેવામાં આવે તો આવી આવી સર્જરીની અત્યારે જે પ્રોત્સાહક રકમ છે, તે રકમની ૫૦ ટકા રકમ અલગથી એનેસ્થેટીસ્ટને આપવામાં આવશે. આ તજજ્ઞ ડોકટરો કોઈપણ મર્યાદા વગર મહિનામાં જેટલા દિવસ સેવા આપવી હોય તેટલા દિવસ સેવા આપી શકશે. રાજ્યની સરકારી તથા GMERS સંચાલિત સંલગ્ન હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા વીઝીટીંગ સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોને અગાઉ પ્રતિ ત્રણ કલાક માટે રૂા.૨,૭૦૦ ચૂકવવામાં આવતા હતા, જેમાં વધારો કરીને હવે રોજના રૂા. ૮,૫૦૦ માનદ વેતન ચૂકવવામાં આવશે. તદુપરાંત, નોન સર્જીકલ સુપર સ્પેશ્યાલીટીવાળા સ્પેશ્યાલીસ્ટને દિવસના રૂા.૮,૫૦૦ મુજબ અને મહિનામાં જેટલા દિવસ આવા તબીબો સેવા આપી શકે તેટલા દિવસ તેઓ સેવા આપી શકશે. જેની સામે આ તબીબોએ લઘુત્તમ ત્રણ કલાક ફરજિયાત સેવાઓ આપવાની રહેશે.

### બોટાદમાં ટ્રેન ઉથલાવવાના પ્રયાસનો મામલો

# આર્થિક તંગીથી કંટાળી બે બેરોજગારોએ યુટ્યુબમાં વીડિયો જોઈ ટ્રેન લૂંટવાનો પ્લાન ઘડ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧

બોટાદમાં ટ્રેન ઉથલાવવાના પ્રયાસમાં મોટો ખુલાસો સામે આવ્યો છે. ૨૫ સપ્ટેમ્બરે મોડી રાત્રે ઓખાથી ભાવનગર જતી ટ્રેનને બોટાદના કુંડલી ગામ નજીક ઉથલાવવાનો પ્લાન બે બેકારોએ આર્થિક તંગીથી કંટાળીને યુટ્યુબમાં વીડિયો જોઈને પ્લાન બનાવ્યો હતો. પોલીસે આ કેસમાં બોટાદ તાલુકાના અળવ ગામના જયેશ ઉર્ફે જલો નાગર બાવળિયા અને રમેશ કાનજી સલિયા નામના બે આરોપીની ધરપકડ કરી છે. બંને આરોપીઓએ આર્થિક તંગીના કારણે ટ્રેન લૂંટવાના ઈરાદે આ કારસો રચ્યો હોવાનું સામે આવ્યું છે. બંને આરોપીઓએ ટ્રેન કેવી રીતે લૂંટાય તે અંગે યુટ્યુબમાં વીડિયો પણ જોયા હોવાના પુરાવા મળ્યા છે. આરોપીઓએ રેલવે ટ્રેક વચ્ચે લોખંડનો ગર્ડર મૂકી ટ્રેનને નુકસાન કરવાનો પ્રયત્ન કર્યો હતો તથા આ રેલવે પાટાના ટુકડા રેલવે રિપેરિંગ કામ દરમિયાન ચોરી લીધા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. ૨૫ સપ્ટેમ્બરે મોડી રાત્રે કુંડલી ગામ નજીક રેલવે ટ્રેક વચ્ચે લોખંડનો ગર્ડર ઊભો કરી ઓખા-ભાવનગર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરાયો હતો. ઘટનાની જાણ થતાં રેલવેના અધિકારીઓ અને બોટાદ પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ત્યારે ઓખા-ભાવનગર ટ્રેનના એન્જિનને નુકસાન થયાનું રેલવે વિભાગે રાણપુર પોલીસમાં ફરિયાદ નોંધાવતા રાણપુર પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ કલમ ૩/૫, ૬૧-૨-એ, ૬૨, ૧૨૫ અને રેલવે અધિનિયમ કલમ ૧૫૦-૧-એ, ૧૫૦-૨-બી મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બોટાદ જિલ્લા એસપી કે.એફ. બરોડિયાએ જણાવ્યું હતું કે, બોટાદ જિલ્લાના રાણપુર પોલીસ સ્ટેશનની હદમાં કુંડલી ગામથી બે કિ.મી.ના અંતરે વહેલી સવારે પેસેન્જર ટ્રેન નં.૧૯૨૧૦ ઓખા-ભાવનગર જતી હતી. ત્યારે કોઈએ રેલવે ટ્રેકની વચ્ચે આશરે ચારેક ફૂટ લંબાઈનો જૂનો પાટાનો ટુકડો ઊભો કરી દીધો હતો. જેના લીધે ઓખા-ભાવનગર ટ્રેન અથડાતાં તે ઊભી રહી ગઈ હતી. ત્યારબાદ રેલવે પોલીસ અને રેલવે વિભાગે રાણપુર પોલીસને જાણ કરતા LCB, SOG સહિતની ટીમે તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, દેશમાં બે મહિનામાં ટ્રેનને પાટા પરથી ઉતારવાનો આ ૨૩મો પ્રયાસ છે. અગાઉ ૨૦ સપ્ટેમ્બરે સુરતમાં રેલવે ટ્રેકમાં છેડછાડ કરવામાં આવી હતી. એ કેસની તપાસ NIAને સોંપવામાં આવી છે. બીજી તરફ બિહારના મુઝફ્ફરપુર જંકશન પર શનિવારે રાત્રે મુઝફ્ફરપુર-પુણે સ્પેશિયલ ટ્રેનનું એન્જિન પાટા પરથી ઊતરી ગયું હતું. સિગ્નલ ન મળતા ટ્રેન આગળ વધવા લાગી ત્યારે આ અકસ્માત થયો હતો.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે

# શૈક્ષણિક પ્રવાસે આવેલ બાળકો સાથે મુખ્યમંત્રીએ બાળસહજ સંવાદ કર્યો



રાજપીપળા, તા.૧

આજે એકતા નગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શૈક્ષણિક પ્રવાસે આવેલા રાજપીપળાની શાળાના બાળકોને જોઈને પોતાનો કાફલો રોકાવીને તમામ બાળકો સાથે બાળસહજ સંવાદ કરી તસવીર ખેંચાવી હતી. આજે નર્મદા ડેમ ખાતે જળવધામણા માટે આવેલા રાજયના મુખ્યમંત્રીએ પોતાના સહજ સ્વભાવનો પરીચય આપતા સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા શાળાપ્રવાસોને ૫૦ ટકા રાહત યોજના હેઠળ રાજપીપલાની નવદુર્ગા શાળાના ૨૬૬ બાળકો પ્રવાસે આવેલા હતા અને જંગલ સફારીમાં પ્રવેશ મેળવતા હતા તે સમયે જ મુખ્યમંત્રી એ કાફલો રોકાવીને બાળકો સાથે તસવીર ખેંચાવી હતી.






● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS